# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425


Date:- 09-09-2026 I VOL : 12 I Issue : 174 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


**સુવિચાર**

જે બદલાય છે તે જ ટકી રહે છે. તમારી મહેનત તમારી ઓળખ છે.


3  એફિલ ટાવર પર BAPS સાધુઓની મુલાકાતથી વિવાદ: મહિલા કર્મચારીઓને...

4  અમદાવાદની ઐતિહાસિક ગાથા: ઇતિહાસના પાને અંકિત અમર ઘટનાઓ

6  શ્રદ્ધા કપૂરે સોશિયલ મીડિયા પર શેર કર્યા વેકેશનના ફોટો

7  ભારતીય હોકી ટીમ વાદળી જર્સીમાં જ એશિયન ગેમ્સ રમશે


## એક નજર...

### કુદરતના ખોળે ક્વાલિટી ટાઇમ પસાર કરી રહી છે મોનાલિસા



મોનાલિસાએ ટીવી પર પણ પોતાની આગવી ઓળખ બનાવી, ખાસ કરીને **'બિગ બોસ 10'**માં ભાગ લઈને. બિગ બોસ હાઉસમાં જ મોનાલિસાએ પોતાના પ્રેમી વિક્રાંત સિંહ રાજપૂત સાથે લગ્ન કર્યા હતા. ભોજપુરી સિવાય મોનાલિસાએ હિન્દી, બંગાળી, તમિલ અને તેલુગુ ફિલ્મોમાં પણ અભિનય કર્યો છે.

## NEWS TRACK

### રશિયામાં હિમસ્ખલન, 11 પર્વતારોહકોના મોત:33 લોકોના ગ્રુપ પર બરફ પડ્યો, 6 હજુ ગુમ

રશિયાના ઉત્તરી કાકેશસ વિસ્તારમાં આવેલા માઉન્ટ મિઝહિરગી પર રવિવારે સાંજે હિમસ્ખલન થયું. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ દુર્ઘટનામાં 11 પર્વતારોહકોના મોત થયા. જ્યારે 10 લોકો કોઈક રીતે સુરક્ષિત નીચે ઉતરી આવ્યા, પરંતુ 6 લોકો હજુ પણ ગુમ છે. બચાવ દળ તેમની શોધખોળમાં લાગેલું છે. જ્યારે દુર્ઘટના થઈ ત્યારે 33 પર્વતારોહકોનું એક ગ્રુપ પહાડ પર ચઢાણ કરી રહ્યું હતું. અચાનક પહાડ પરથી મોટી માત્રામાં બરફ સરકીને તેમના પર પડ્યો, જેના કારણે ઘણા લોકો બરફ નીચે દબાઈ ગયા. ગુમ થયેલા પર્વતારોહકોને શોધવા માટે 50થી વધુ બચાવકર્મીઓ અભિયાનમાં જોડાયા છે. પહાડી વિસ્તાર અત્યંત મુશ્કેલ છે અને ત્યાં ફરીથી હિમસ્ખલનનું જોખમ રહેલું છે. આ કારણોસર, બચાવ ટીમોને સાવચેતીપૂર્વક અભિયાન ચલાવવું પડી રહ્યું છે. માઉન્ટ મિઝહિરગી રશિયાના નોર્થ કોકેશસ પ્રદેશમાં આવેલું છે. તે કાબાર્ડિનો-બાલકારિયાના પર્વતીય વિસ્તારની મુખ્ય ઊંચી પહાડીઓમાં સામેલ છે. અહીંનો ઊંચાઈવાળો અને કઠિન ભૂભાગ પર્વતારોહકો માટે પડકારજનક માનવામાં આવે છે.

### રિપોર્ટ- ઈરાની સુપ્રીમ લીડરના લંડનવાળા બંને ફ્લેટ વેચાશે:લોન ન ચૂકવી શકવાને કારણે વેચવાનો વારો

ઈરાનના સુપ્રીમ લીડર મુજતબા ખામેની સાથે સંકળાયેલા લંડનના બે આલીશાન એપાર્ટમેન્ટ વેચાણ માટે મૂકવામાં આવ્યા છે. ધ સન્ડે ટાઈમ્સના રિપોર્ટ અનુસાર, તેમાંથી એક લક્ઝરી પેન્ટહાઉસ 2016માં લગભગ 242.53 કરોડમાં ખરીદવામાં આવ્યું હતું. તેને હવે લગભગ 153.17 કરોડમાં વેચવામાં આવી રહ્યું છે. એટલે કે, ખરીદ કિંમતની સરખામણીમાં તેની વર્તમાન માંગ લગભગ 89.36 કરોડ ઓછી છે. બંને એપાર્ટમેન્ટના રેકોર્ડમાં ઈરાની બેન્કર અલી અંસારી માલિક તરીકે નોંધાયેલા છે. રિપોર્ટ અનુસાર, અંસારી બેંકની લોન ચૂકવી શક્યા નથી જેના કારણે આ પ્રોપર્ટી હાલમાં રિસીવરશિપમાં છે. પ્રોપર્ટી રિસીવરશિપમાં હોવાનો અર્થ એ છે કે જ્યારે કોઈ મકાનમાલિક બેંકની લોન ચૂકવી શકતા નથી, ત્યારે પ્રોપર્ટીનું મેનેજમેન્ટ એક નિષ્પક્ષ ત્રીજા વ્યક્તિ (જેને 'રિસીવર' કહેવાય છે) ને સોંપવામાં આવે છે. જેથી તે તેને વેચીને અથવા ભાડે આપીને બેંકના પૈસા વસૂલ કરી શકે. પ્રોપર્ટીના વેચાણ માટે જારી કરાયેલા બ્રોશરમાં તેના રાજકીય અથવા ઈરાન સાથે સંકળાયેલા કનેક્શનનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

## દવા ઝેરી, પાણી ઝેરી, દારૂ ઝેરી, સાગરમાં 22 મોત, 120 લોકો હોસ્પિટલમાં દાખલ

# MPમાં ભારતની સૌથી ભ્રષ્ટ સરકાર: રાહુલ ગાંધી



**નવી દિલ્હી**

રાહુલ ગાંધીએ સાગરમાં ઝેરી દારૂથી થયેલા મૃત્યુ બાદ X પર લખ્યું - ભારતના સૌથી ભ્રષ્ટ સરકારવાળા રાજ્ય મધ્યપ્રદેશમાં શાસન નામની કોઈ વસ્તુ બચી જ નથી. દવા ઝેરી. દારૂ ઝેરી. પાણી ઝેરી. નવા કાયદા બનાવી દેવામાં આવે છે, પરંતુ આગામી દુર્ઘટના સુધી તેમને કોઈ ભોંયરામાં નાખી દેવામાં આવે છે. તેમણે લખ્યું - ઝેરી દારૂએ પ્રદેશના સાગરમાં અનેક લોકોનો જીવ લઈને તે તમામ ઘરોમાં શોક ફેલાવી દીધો છે, પરંતુ મધ્યપ્રદેશને ખબર છે કે આગળ શું થશે. કેટલીક ધરપકડો થશે, કેટલાક અધિકારીઓ સસ્પેન્ડ થશે, તપાસના આદેશ થશે, કારણ કે આ પહેલીવાર નથી. સાગરના બંડા અને શાહગઢ વિસ્તારમાં ઝેરી દારૂ પીવાથી અત્યાર સુધીમાં લગભગ 22 લોકોના મોત થયા છે, જ્યારે 120 થી વધુ દર્દીઓ હોસ્પિટલોમાં દાખલ છે. આ મામલે બંડાના એસડીએમ આરતી યાદવ અને એસડીઓપી પ્રદીપ વાલ્મીકિને હટાવી દેવાયા છે. આ મામલાની તપાસમાં બંબૈયા વ્હિસ્કી અને સાગર ગોલ્ડ નામના બે બ્રાન્ડ સામે આવ્યા છે.

બંને બ્રાન્ડને લઈને નોંધાયેલી અલગ-અલગ FIRમાં બે લાયસન્સવાળા કોન્ટ્રાક્ટરો સહિત 30 લોકોને આરોપી બનાવવામાં આવ્યા છે. બંડા પોલીસ સ્ટેશનની FIRમાં લાયસન્સવાળા કોન્ટ્રાક્ટર યશવંત સિંહ ઠાકુર વિરુદ્ધ બંબૈયા વ્હિસ્કીને લઈને કેસ નોંધાયો છે, જ્યારે વિનાયકા પોલીસ સ્ટેશનની FIRમાં લાયસન્સવાળા કોન્ટ્રાક્ટર સિદ્ધાર્થ કુશવાહા વિરુદ્ધ સાગર ગોલ્ડને લઈને કેસ નોંધવામાં આવ્યો છે. આ દારૂ ગામડે-ગામડે કરિયાણાની દુકાનોથી લઈને ઢાબા અને લાયસન્સવાળા ઠેકાઓ સુધી વેચાતો હોવાના દાવા સામે આવ્યા છે. દાખલ થયેલા દર્દીઓએ પણ આ જ બે બ્રાન્ડનો દારૂ પીધા પછી તબિયત બગડવાની વાત કહી છે. પોલીસ હવે દારૂના ઉત્પાદન, સપ્લાય અને વેચાણના સમગ્ર નેટવર્કની તપાસ કરી રહી છે.

### વડોદરામાં PM મોદીના વિપક્ષ પર પ્રહાર

## 'અટકતી, લટકતી, ભટકતી' ફાઇલોનો યુગ ગયો, હવે દેશમાં રૅકોર્ડબ્રેક ગતિએ કામ થાય છે: મોદી

**વડોદરા**




વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે ગુજરાત અને મહારાષ્ટ્રના એકદિવસીય મહત્ત્વપૂર્ણ પ્રવાસે પહોંચ્યા છે. ગુજરાતના સાંસ્કૃતિક પાટનગર વડોદરા ખાતે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં આયોજિત 'નમો 4 વિકસિત ભારત' કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાને હજારો કરોડ રૂપિયાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. આ સમારોહમાં ખાસ કરીને ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરના મહત્ત્વના સેક્શન્સ દેશને સમર્પિત કરવામાં આવ્યા હતા. વડોદરા ખાતે જનમેદનીને સંબોધતાં PM મોદીએ કહ્યું કે, ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર હવે ભારતના વિકાસ અને અર્થતંત્રની નવી 'લાઈફલાઈન' બની ચૂક્યો છે. આ વિકાસ ઉત્સવ દેશની પ્રગતિને નવી ઊંચાઈઓ પર લઈ જશે. વર્ષો સુધી ફાઈલો ટેબલ પર જ ફરતી રહી: અગાઉની સરકાર પર પીએમનો પ્રહાર

આ સંબોધનમાં વડાપ્રધાન મોદીએ પ્રોજેક્ટમાં થયેલા ભૂતકાળના વિલંબને લઈને અગાઉની સરકારો સામે આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે, આજે જે યુવાનો અહીં ઉપસ્થિત છે, તેમાંથી ઘણાંનો તો કદાચ જન્મ પણ નહીં થયો હોય જ્યારે વર્ષ 2004માં આ ફ્રેઈટ કોરિડોરનો વિચાર રજૂ થયો હતો અને 2006માં કંપની બની હતી. પરંતુ વાસ્તવિકતા એ છે કે 2014 સુધી માત્ર ફાઈલો એક ટેબલ પરથી બીજા ટેબલ પર ફરતી રહી. જો કે, હવે 'અટકતી, લટકતી, ભટકતી' ફાઈલોનો યુગ ગયો, હવે દેશમાં રૅકોર્ડબ્રેક ગતિએ કામ થાય છે.

### નવરાત્રિમાં નોન-વેજ ન ખાવાની ધીરેન્દ્ર શાસ્ત્રીની ટકોર બાદ ભાજપ નેતાઓ મેદાને

## અમને માછલી ખાતાં કોઈ નહીં રોકી શકે: પશ્ચિમ બંગાળ ભાજપના પ્રમુખ

**કોલકાતા**

બાગેશ્વર ધામના મુખ્ય પૂજારી અને 30 વર્ષીય ધીરેન્દ્ર કૃષ્ણ ગર્ગ/બાબા બાગેશ્વર દ્વારા પશ્ચિમ બંગાળના હાવડા જિલ્લાના લિલુઆમાં ત્રણ દિવસીય હનુમંત કથા દરમિયાન હિન્દુઓને નવરાત્રિ અને દુર્ગા પૂજામાં શાકાહારી ભોજન અપનાવવાની અપીલ કરવામાં આવી હતી. આ નિવેદન બાદ પશ્ચિમ બંગાળના રાજકારણમાં મોટો વિવાદ સર્જાયો છે.

વિપક્ષી પક્ષો આક્ષેપ કરી રહ્યા છે કે આ પ્રકારના નિવેદનો દ્વારા બંગાળી સંસ્કૃતિ અને ખાનપાનની પરંપરાનું અપમાન કરવામાં આવી રહ્યું છે. આ વિવાદ વચ્ચે પશ્ચિમ બંગાળ ભાજપના પ્રમુખ સામિક ભટ્ટાચાર્યે ધીરેન્દ્ર શાસ્ત્રીનું નામ લીધા વિના સ્પષ્ટ શબ્દોમાં આ અપીલને ફગાવી દીધી હતી. તેમણે જણાવ્યું હતું કે બંગાળીઓ માછલી અને માંસ કેમ ન ખાઈ શકે? સ્વામી વિવેકાનંદે પણ ઉલ્લેખ કર્યો હતો કે મા કાળીને મટન ચડાવવામાં આવે છે. જો કોઈ વ્યક્તિ વિવેકાનંદ કે બંગાળી પરંપરાથી ઉપર જવાનો પ્રયાસ કરે તો તે યોગ્ય નથી. તેમણે ઉમેર્યું હતું કે પશ્ચિમ બંગાળના લોકો શું ખાશે અને શું પહેરશે તે અંગે કોઈ પક્ષ કે સાધુ ફરમાન જારી કરી શકે નહીં. બંગાળીઓ પોતાની પરંપરા મુજબ જ જીવન જીવશે અને બહારથી આવીને કોઈ શું કહે છે તેની ચિંતા કરવાની જરૂર નથી. આ સમગ્ર પ્રકરણ પર પત્રકાર અને લેખક અભિજીત મજૂમદાર તેમજ પૂર્વ મુખ્ય આર્થિક સલાહકાર સંજીવ સાન્યાલે પણ સોશિયલ મીડિયા પર સખત વિરોધ નોંધાવ્યો હતો.

## પ્રજાના ટેક્સના પૈસાથી નેતાઓ અને અધિકારીઓનું પેટ ભરાય છે!

# GSRTCનું રૂ. 1000 કરોડનું વોલ્વો ભાડા કરાર કૌભાંડ?

### દિવસે દૈનિક કરોડોનો ધુમાડો: હપ્તા ભરે તો નવી બસ પોતાની થઈ જાય, છતાં 175 વોલ્વો બસો ખાનગી કંપનીઓ પાસેથી ભાડે રાખીને ચલાવાતો કરોડોનો કટકી ખેલ

**પાક્કો ગુજરાત**

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) એટલે સામાન્ય જનતાની જીવાદોરી. પરંતુ આ જીવાદોરી પર હવે ભ્રષ્ટાચારી અધિકારીઓ અને સત્તાધારી નેતાઓની ભૂખી નજર પડી ચૂકી છે. એસ.ટી. નિગમ દ્વારા રાજ્યના મુસાફરો માટે ચલાવવામાં આવતી 175 જેટલી લક્ઝુરીયસ વોલ્વો અને પ્રીમિયમ બસોના ભાડા કરાર (Dry/Wet Lease) ના નામે કરોડો રૂપિયાનું મહાકૌભાંડ ચાલી રહ્યું હોવાના સનસનાટીભર્યા અહેવાલો સામે આવ્યા છે.

### દર મહિને લાખોનું ભાડું: સામાન્ય ગણિત પણ ભ્રષ્ટાચારની પોલ ખોલે છે

નિગમ દ્વારા આ 175 બસો માટે દરરોજ નિશ્ચિત મિનિમમ કિલોમીટર (દૈનિક 400 થી 500 કિમી) ની ગણતરી કરીને પ્રતિ કિલોમીટર આકરા ભાવ ચૂકવવામાં આવી રહ્યા છે. એક અંદાજ મુજબ, એક બસ પાછળ નિગમ દર મહિને 3 લાખથી 4.5 લાખ જેટલું મબલખ ભાડું ચૂકવે છે.

એક નવી વોલ્વો કે હાઈ-એન્ડ પ્રીમિયમ બસની કિંમત આશરે 1.20 કરોડથી 1.50 કરોડ હોય છે.

જો નિગમ બેંક લોન લઈને મહિને 1.50 થી 2 લાખનો હપ્તો (EMI) ભરે, તો માત્ર 4 થી 5 વર્ષમાં આ આખી બસ એસ.ટી. નિગમની પોતાની માલિકીની બની જાય!

પરંતુ નિગમ પોતાના પૈસે નવી બસો ખરીદવાને બદલે વર્ષો સુધી ખાનગી કંપનીઓને કરોડો રૂપિયાનું ભાડું ચૂકવતું રહે છે. આખરે વર્ષો પછી પણ બસ ખાનગી માલિકની જ રહે છે અને નિગમનું બેંક બેલેન્સ શૂન્ય થઈ જાય છે!

### આ 175 બસો પાછળ કયા 'મોટા માથા' કે નેતાની કંપની સક્રિય છે?

સૂત્રોના જણાવ્યા અનુસાર, નિગમમાં ચાલી રહેલા આ કટકી ખેલ પાછળ કોઈ સામાન્ય ઓપરેટર નથી પરંતુ ગાંધીનગર અને મંત્રાલયના ઉચ્ચ કક્ષાના પ્રભાવશાળી નેતાઓ અને નિવૃત્ત તેમ જ સેવારત ભ્રષ્ટ અધિકારીઓની બેનામી ભાગીદારી ધરાવતી કંપનીઓ છે. ચોક્કસ ખાનગી એજન્સીઓ અને નેતાઓની કંપનીઓને જ ટેન્ડર મળે તે માટે નિયમોમાં ફેરફાર કરીને એકતરફી શરતો ગોઠવવામાં આવી છે. પ્રજાના ટેક્સના કરોડો રૂપિયા સીધા આ નેતાઓ-અધિકારીઓની ખાનગી તિજોરીમાં જઈ રહ્યા છે.

### તંત્ર સામે આકરા સવાલો અને SIT તપાસની અનિવાર્ય માંગ

1. જો નિગમ પોતે જ બસો ખરીદી શકે તેમ હોય તો દર મહિને કરોડો રૂપિયા ભાડા પેટે ખાનગી કંપનીઓને કેમ પધરાવવામાં આવે છે?

2. 175 વોલ્વો બસોના કોન્ટ્રાક્ટ કઈ કંપનીઓને આપવામાં આવ્યા છે અને તેના અસલી માલિકો/ડિરેક્ટરો કોણ છે?

3. નિગમ આ ભ્રષ્ટ કરાર રદ કરીને પોતે નવી બસો ખરીદી પ્રજાના નાણાં કેમ બચાવતું નથી?

આ સમગ્ર પ્રકરણ માત્ર વહીવટી ખામી નથી પરંતુ પ્રજાના નાણાંની ખુલ્લેઆમ ચોરી છે. ગુજરાત સરકારે આ મામલે સહેજ પણ વિલંબ કર્યા વિના તાત્કાલિક ધોરણે એક સ્વતંત્ર SIT (Special Investigation Team) ની રચના કરવી જોઈએ. આ 175 બસોના તમામ ભાડા કરારો, કિલોમીટરના હિસાબો અને તેની પાછળ રહેલા ભાજપ/સત્તાધારી નેતાઓ અને અધિકારીઓની ભૂમિકાની હાઈકોર્ટના સુપરવિઝન હેઠળ તપાસ થવી જ જોઈએ.





ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

# SD PAY એપના નામે ₹634 કરોડનું મહાકૌભાંડ: ગુજરાતના 1.5 લાખથી વધુ રોકાણકારો સટાસટ લૂંટાયા!

## ડમી કંપનીઓ અને પોન્ઝી સ્કીમ બનાવી આચર્યું ડિજિટલ કૌભાંડ, મુખ્ય સૂત્રધારો સહિત 6ની અટકાયત!

ગાંધીનગર

ડિજિટલ ઈન્ડિયાના યુગમાં સાયબર ઠગોએ માથું ઊંચક્યું છે અને ગુજરાતમાં અત્યાર સુધીનું સૌથી મોટું રોકાણ કૌભાંડ સામે આવ્યું છે. અમરેલી સાયબર ક્રાઈમ પોલીસે સપાટો બોલાવીને 'SD Pay' અને 'Apna Pay' નામની ડિજિટલ એપ્લિકેશનો દ્વારા આચરવામાં આવેલા 634 કરોડના મહાકૌભાંડનો પર્દાફાશ કર્યો છે. રાતોરાત અમીર બની જવાની અને મોટું વળતર મેળવવાની ઘેલછામાં ગુજરાતના દોઢ લાખથી વધુ નાગરિકોએ પોતાની પરસેવાની કમાણી ગુમાવી દીધી છે. આ આંતરરાજ્ય સાયબર ઠગ ટોળકી સોશિયલ મીડિયા અને એન્ડ્રોઈડ એપ્લિકેશનના માધ્યમથી લોકોને ટાર્ગેટ કરતી હતી. 'SD Pay' અને 'Apna Pay' એપ દ્વારા રોકાણકારોને રોજના ઊંચા ટકા વ્યાજ અને વળતર આપવાની મોટી લાલચો આપવામાં આવતી હતી.



શરૂઆતમાં સિસ્ટમ પર વિશ્વાસ બેસાડવા માટે નાના વળતરો ચૂકવવામાં આવતા, પરંતુ જેવો જ મોટો જથ્થો ભેગો થયો કે એપ્લિકેશનો બંધ કરી દેવામાં આવી. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે ઠગ ટોળકીએ દેશભરમાં ફેલાયેલી બોગસ અને ડમી કંપનીઓના બેંક એકાઉન્ટ્સમાં કરોડો રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા.

આ કેસની ગંભીરતાને ધ્યાને લઈને રચાયેલી વિશેષ તપાસ ટીમ (SIT) અને અમરેલી સાયબર ક્રાઈમ પોલીસે દરોડા પાડીને આ કૌભાંડના મુખ્ય ડિરેક્ટર સહિત ૬ આરોપીઓની ધરપકડ કરી છે. તપાસમાં દેશભરમાંથી આ સિન્ડિકેટ સામે ૮૩થી વધુ સાયબર ફ્રોડની ફરિયાદો નોંધાઈ હોવાનું સામે આવ્યું છે. પોલીસે આરોપીઓ પાસેના બેંક ખાતાઓ, સીમકાર્ડ્સ અને ટેકનિકલ સાધનો જપ્ત કરીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

ડીજીટલ ફ્રોડની આ ઘટનાએ સાબિત કર્યું છે કે કોઈપણ શોર્ટકટ કે અવાસ્તવિક વળતર આપતી અજાણી એપ્લિકેશનો જીવલેણ નીવડી શકે છે. અજાણી મોબાઈલ એપ્સ અને અનધિકૃત ઈન્વેસ્ટમેન્ટ પ્લાન્સથી દૂર રહેવું અનિવાર્ય છે. અમરેલી પોલીસે હાલ આ સમગ્ર મામલે ઊંડાણપૂર્વકના રિમાન્ડ મેળવીને નાણાં ક્યાં ડાયવર્ટ કરાયા છે તે દિશામાં તપાસ તેજ કરી દીધી છે.

આ મામલે અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે BNSની કલમો, Banning of Unregulated Deposit Schemes Act, GPID ઍક્ટ અને IT ઍક્ટ હેઠળ ગુનો નોંધી SITની રચના કરાઈ હતી. તપાસ દરમિયાન સામે આવ્યું કે આરોપીઓએ નાણાં મેળવવા અને સગેવગે કરવા માટે S.D. Hub (OPC) Pvt. Ltd., Shiv Dharti Communication, Upay Digi Payment India સહિતની ડમી કંપનીઓ ઊભી કરી હતી. આ કંપનીઓના 15 જેટલા બૅંક ખાતાઓમાં 634 કરોડ રૂપિયાની જંગી રકમ જમા થઈ હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત આરોપીઓના અંગત 30થી 35 બૅંક ખાતાઓ પણ મળી આવ્યા છે.

# મહેસાણા મનપામાં હોર્ડિંગ્સ કોન્ટ્રાક્ટમાં કરોડોના ગડબડના આક્ષેપ, વિપક્ષ આક્રમક મૂડમાં!

મહેસાણા

મહેસાણા મહાનગર પાલિકામાં શહેરીજનોના ટેક્સના નાણાં અને સરકારી તિજોરીને કરોડોનું નુકસાન પહોંચાડવાનું મોટું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાના ગંભીર આક્ષેપો સામે આવતાં જ રાજકારણ ગરમાયું છે. મનપા વિસ્તારમાં આવેલા હોર્ડિંગ્સ અને સાઈનબોર્ડ્સના કોન્ટ્રાક્ટમાં મોટી ગડબડ અને સેટિંગ કરવામાં આવ્યું હોવાનો આરોપ લગાવીને વિપક્ષે આક્રમક વલણ અપનાવ્યું છે.

મહેસાણા મનપા દ્વારા શહેરના મુખ્ય માર્ગો અને ચોક પર હોર્ડિંગ્સ અને એડવર્ટાઈઝિંગ રાઈટ્સ માટે બહાર પાડવામાં આવેલા ટ્રેન્ડર અને કોન્ટ્રાક્ટમાં વ્યાપક ભ્રષ્ટાચાર થયો હોવાનો વિપક્ષનો દાવો છે. ટેન્ડરની શરતોમાં ચોક્કસ એજન્સીઓને ફાયદો પહોંચાડવા માટે છેડછાડ કરવામાં આવી છે.

બજારભાવ કરતાં તદ્દન પાણીના મુલે હોર્ડિંગ્સ સાઈટ્સ આપી દેવાતા મનપાની તિજોરીને મોટો આર્થિક ફટકો પડ્યો છે.

પરવાનગી વગર અથવા નક્કી કરેલી ક્ષમતા કરતાં વધુ હોર્ડિંગ્સ ખડકી દેવામાં આવ્યા હોવા છતાં અધિકારીઓએ આંખ આડા કાન કર્યા હોવાનો આક્ષેપ છે. વિપક્ષી નેતાઓ અને વિરોધ પક્ષના કોર્પોરેટરોએ આ મુદ્દે મનપા કચેરી ખાતે ભારે હોબાળો મચાવ્યો હતો. વિપક્ષે તંત્ર પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, 'શહેરના વિકાસના નામે સત્તાધિશો અને ચુસ્ત કમિશનર/અધિકારીઓની મિલીભગતથી હોર્ડિંગ્સ માફિયાઓને ખુલ્લો દોર આપી દેવામાં આવ્યો છે.' સમગ્ર હોર્ડિંગ્સ ટેન્ડર પ્રક્રિયાની તટસ્થ અને ઉચ્ચ સ્તરીય વિજિલન્સ તપાસ કરવામાં આવે.

# વાવ-થરાદથી અમદાવાદ રૂ.4.80 લાખના MD ડ્રગ્સ સાથે 20 વર્ષનો સચિન ઠાકોર ઝડપાયો: યુવાધન નશાના કાળા કારોબારમાં હોમાયું!

અમદાવાદ

અમદાવાદ શહેરમાં ફરી એકવાર ડ્રગ્સ સપ્લાય કરવાનો કાળો કારોબાર સામે આવ્યો છે. વાવ-થરાદથી અમદાવાદમાં અતિ નશાકારક MD ડ્રગ્સ (મેફેડ્રોન) ની ડિલિવરી આપવા આવેલો ૨૦ વર્ષીય યુવક સચિન ઉર્ફે સંજુ ઠાકોર પોલીસની સજાગતાને કારણે ઝડપાઈ ગયો છે. ઓઢવ એસ.પી. રિંગ રોડ બ્રિજના છેડે આવેલા માધવ એસ્ટેટના ગેટ પાસેથી તેને ૧૬૦ ગ્રામ એમ.ડી. ડ્રગ્સના મોટા જથ્થા સાથે દબોચી લેવામાં આવ્યો છે. જપ્ત કરાયેલા આ ડ્રગ્સની આંતરરાષ્ટ્રીય તથા સ્થાનિક બજાર કિંમત આશરે રૂ. ૪ લાખ ૮૦ હજાર આંકવામાં આવી રહી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે આરોપી સચિન ઠાકોર આ ડ્રગ્સનો જથ્થો સરહદી રાજ્ય રાજસ્થાનથી લાવીને અમદાવાદના યુવાનોમાં વેચવાનો હતો. પરંતુ, આ ઝેરી કારોબાર અમદાવાદના રસ્તે પહોંચે અને વેચાણ શરૂ થાય તે પહેલાં જ પોલીસે વોચ ગોઠવીને તેને રંગેહાથ ઝડપી પાડ્યો છે. માત્ર ૨૦ વર્ષની નાની વયે યુવક આટલા મોટા ડ્રગ્સ નેટવર્કનો મોરો બન્યો તે બાબત કાયદો અને વ્યવસ્થા સામે ગંભીર લાલબત્તી સમાન છે. આ ઘટના બાદ હવે પોલીસ અને તપાસ એજન્સીઓ નીચે મુજબના મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક તપાસ ચલાવી રહી છે. રાજસ્થાનથી આટલો મોટો ડ્રગ્સનો જથ્થો તેને કોણે અને કયા ગુપ્ત સ્થળેથી પૂરો પાડ્યો હતો?

# બોટાદમાં 1 કરોડનો સનસનાટીભર્યો તોડકાંડ : કોળી સમાજના યુવકને ઢોર માર મારી ભાજપના નેતા અને પોલીસે આચર્યું મોટું કૌભાંડ!

બોટાદ

બોટાદ જિલ્લામાંથી ખાખી અને સત્તાધારી પક્ષના ગઠબંધનનો એક અત્યંત ચોંકાવનારો અને ભ્રષ્ટ ચહેરો સામે આવ્યો છે. કાનિયાડ ગામના કોળી સમાજના યુવક કલ્પેશ મીઠાપરાને ગેરકાયદેસર રીતે પોલીસ ઉઠાવી ગઈ હતી અને તેને અમાનુષી ઢોર માર મારીને ધમકાવી, ભાજપના એક સ્થાનિક મોટા નેતાની મધ્યસ્થીથી કુલ ૧ કરોડનો તોડ કરવામાં આવ્યો હોવાનો ગંભીર આરોપ લાગ્યો છે. આ ઘટના બાદ સમગ્ર બોટાદ જિલ્લા સહિત સૌરાષ્ટ્રના રાજકારણમાં ભારે ખળભળાટ મચી ગયો છે. મળતી ચોંકાવનારી વિગતો મુજબ, આ સમગ્ર તોડકાંડમાં પોલીસ અને ભાજપના ટોચના નેતાની સાટાગાંઠ ખુલ્લી પડી છે. યુવકને જેલ અને ખોટા કેસનો ડર બતાવીને આતંક મચાવવામાં આવ્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, તોડની રકમમાંથી રૂ. ૬૦ લાખ જેટલી મોટી રકમ સીધી આંગડિયા પેઢી મારફતે ટ્રાન્સફર કરાવવામાં આવી હતી. ખાખી વર્દી અને સત્તાના જોરે આચરાયેલા આ ખંડણી જેવા તોડકાંડે પ્રજામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે ગંભીર પ્રશ્નાર્થચિહ્ન ઊભા કર્યા છે. પોલીસ અને નેતાની આ દાદાગીરી અને અત્યાચાર સામે હવે કોળી સમાજમાં ભારે રોષની લાગણી વ્યાપી ગઈ છે.

# વાઘોડિયા રોડ પર PCBનો મોટો દરોડો: 11.16 લાખથી વધુના વિદેશી દારૂના જથ્થા સાથે એક ઝડપાયો

વડોદરા

શહેરમાં પ્રોહીબિશનની ગેરકાયદેસર પ્રવૃત્તિઓનો સફાયો કરવા માટે પ્રેક્ટિકલ અને કડક એક્શન મોડમાં આવેલી પીસીબી (PCB - પ્રિવેન્શન ઓફ ક્રાઈમ બ્રાંચ) ટીમે એક મોટું ઓપરેશન પાર પાડ્યું છે. પીસીબી પોલીસ ઈન્સ્પેક્ટર જે.આર. ગામીત અને તેમની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલી ખાસ ઝુંબેશ અંતર્ગત વાઘોડીયા રોડ પર દરોડો પાડીને લાખો રૂપિયાની કિંમતનો વિદેશી દારૂનો ક્વાર્ટર અને બોટલોનો જથ્થો કબ્જે કરવામાં આવ્યો છે. ચોક્કસ અને બાતમી આધારિત વિગતોના આધારે પીસીબી ટીમે વાઘોડીયા રોડ પર આવેલ આશાપુરી નગર ખાતે આવેલ જર્જરિત અને બંધ મકાનોમાં અચાનક દરોડો પાડ્યો હતો.

આ વિસ્તારના સુમસામ અને બંધ મકાનોનો લાભ ઉઠાવીને દારૂનો મોટો જથ્થો સંતાડી રાખવામાં આવ્યો હતો.


પોલીસ દરોડાની ગંધ આવી જતાં આ ગેરકાયદેસર નેટવર્કનો મુખ્ય સૂત્રધાર ભાવેશ જશવંતસિંહ ચૌહાણ હાજર મળી આવ્યો ન હતો.

દુષ્કર્મ કેસમાં સજા ભોગવી રહેલા

# આસારામને ગુજરાત હાઈકોર્ટનો મોટો ઝટકો

અમદાવાદ

દુષ્કર્મના ગંભીર કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા વિવાદિત ધર્મગુરુ આસારામને ગુજરાત હાઈકોર્ટ તરફથી વધુ એક ભારે આંચકો લાગ્યો છે. ખરાબ સ્વાસ્થ્ય અને સારવારનું કારણ આગળ ધરીને ૨૦ દિવસના હંગામી (અંતરિમ) જામીન મેળવવા માટે કરવામાં આવેલી આજીજીને હાઈકોર્ટે આ તબક્કે તદ્દન અયોગ્ય ગણાવીને ફગાવી દીધી છે. આસારામ તરફથી કોર્ટમાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે તેમની ઉંમર અને શારીરિક બીમારીઓને કારણે તેમને તાત્કાલિક ધોરણે વિશિષ્ટ સારવાર માટે ૨૦



દિવસના હંગામી જામીન આપવામાં આવે. જોકે, હાઈકોર્ટે તમામ પાસાઓની ગંભીરતાથી સમીક્ષા કર્યા બાદ આ અરજીને ગ્રાહ્ય રાખવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. હાઈકોર્ટે નોંધ્યું હતું કે જેલ તંત્ર અને સરકારી હોસ્પિટલો દ્વારા જરૂરી તમામ તબીબી સુવિધાઓ અને સારવાર પૂરી પાડવામાં આવી રહી છે. ગુનાની ગંભીરતા અને ભૂતકાળના રેકોર્ડને ધ્યાનમાં રાખીને કોર્ટે આ તબક્કે અંતરિમ જામીન આપવાનો સાફ મનાઈ હુકમ સંભળાવી દીધો હતો. ઉલ્લેખનીય છે કે આસારામ સામે સુરતની બે બહેનો સાથેના દુષ્કર્મ અને યૌન શોષણ મામલે ગાંધીનગરની સેશન કોર્ટે આજીવન કેદની આકરી સજા સંભળાવી હતી. ત્યારથી આસારામ જેલના સળિયા પાછળ દિવસો વિતાવી રહ્યો છે. આ અગાઉ પણ તબીબી કારણોસર જામીન અને પેરોલ મેળવવા માટે અનેક વખત કાનૂની દાવપેચ ખેલવામાં આવ્યા છે, પરંતુ અદાલતે ગુનાની ગંભીરતાને પ્રાધાન્ય આપીને દર વખતે રાહત આપવાનો ઈનકાર કર્યો છે. હાઈકોર્ટના આ કડક નિર્ણય બાદ આસારામના સમર્થકોમાં ભારે નિરાશા વ્યાપી ગઈ છે, જ્યારે કાયદાના નિષ્ણાતો અને પીડિત પક્ષે આ નિર્ણયને ન્યાયની જીત ગણાવી છે.

# કચ્છમાં પાણી સંકટની આશંકા: કલેક્ટરે બેઠક યોજી:જળસંચય અને ભૂગર્ભ જળ માટે લાંબા ગાળાના આયોજન પર ભાર મૂક્યો

કચ્છ

કચ્છ જિલ્લામાં ચોમાસું મોડું થવાને કારણે પાણીની ઉપલબ્ધતા અને ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટીતંત્રએ તૈયારીઓ ઝડપી કરી છે. કલેક્ટર અનિલ રાણાવસિયાની અધ્યક્ષતામાં મળેલી જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠકમાં પાણી પુરવઠા, ડેમમાં પાણીનો જથ્થો, ભૂગર્ભ જળની સ્થિતિ અને ગ્રામ્ય-શહેરી વિસ્તારોમાં પાણી વિતરણની વ્યવસ્થાની વિગતવાર તપાસ કરવામાં આવી હતી. બેઠકમાં કલેક્ટરે અધિકારીઓ પાસેથી જિલ્લાના અલગ-અલગ વિસ્તારોમાં પાણીની વર્તમાન સ્થિતિ વિશે માહિતી લીધી હતી. ડેમોમાં પાણીનો કેટલો જથ્થો છે અને તેની મર્યાદાઓ શું છે, આગામી દિવસોમાં પાણીની કેટલી જરૂર પડશે, માઈક્રો પ્લાનિંગ અને વૈકલ્પિક પાણી વ્યવસ્થા જેવા મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. ટપ્પર ડેમમાંથી વધારાનું પાણી પંપ કરવાની કામગીરી, નવા બોર બનાવવા અને કચ્છ બ્રાન્ચ કેનાલ આધારિત માંડવી તાલુકાની પાણી યોજનાની પ્રગતિની વિગતો પણ મેળવવામાં આવી હતી. જરૂર પડ્યે ખાનગી ટેન્કરો દ્વારા પીવાનું પાણી પહોંચાડવા માટેની ટેન્ડર પ્રક્રિયાની પણ સમીક્ષા કરાઈ હતી.

કોડીનયુક્ત દવાઓના ગેરકાયદે વેચાણ સામે કડક કાર્યવાહી

# રેક્સટોન-ટી સિરપનો રુપિયા 83 લાખનો જથ્થો પ્રતિબંધિત, એક પેઢીનો પરવાનો રદ; સાતને નોટિસ

ગાંધીનગર

ગુજરાતમાં કોડીન ઘટક ધરાવતી દવાના ગેરકાયદે સંગ્રહ, અનધિકૃત વેચાણ અને ગેરઉપયોગ સામે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યવ્યાપી સ્પેશ્યલ ડ્રાઈવ હાથ ધરવામાં આવી છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાની સૂચના બાદ 1 સપ્ટેમ્બર, 2026ના રોજ શરૂ કરાયેલી આ ઝુંબેશમાં અમદાવાદ અને મહેસાણા સહિતના વિસ્તારોમાં દવાના હોલસેલ તથા રિટેલ વેપારીઓની સઘન તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન બાલાજી ફાર્માનો 83.07 લાખથી વધુનો કોડીનયુક્ત દવાનો જથ્થો પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. સાથે જ કુલ 7 પેઢીને કારણદર્શક નોટિસ પાઠવવામાં આવી છે, જ્યારે એક પેઢીનો દવા વેચાણનો પરવાનો કાયમી રદ કરી દેવાયો છે. અમદાવાદ ગ્રામ્ય-ગાંધીનગરની બાલાજી ફાર્મામાં તપાસ દરમિયાન કોડીન ઘટક ધરાવતી Rexton-T Syrupની 37,762 બોટલ મળી આવી હતી.



એક બોટલની MRP 220 રુપિયા મુજબ આ જથ્થાની કિંમત 83,07,640 થાય છે. દવાનો વધુ ઉપયોગ કે વેચાણ ન થાય તે માટે સમગ્ર જથ્થો પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. ઉપરાંત નિયમ મુજબ પૃથ્થકરણ માટે દવાનો નમૂનો લેવામાં આવ્યો છે. ખરીદ-વેચાણના રેકર્ડની તપાસમાં પેઢી મુખ્યત્વે કોડીનયુક્ત દવાનો વેપાર કરતી હોવાનું સામે આવતા કારણદર્શક નોટિસ પાઠવી ખુલાસો માંગવામાં આવ્યો છે. કલોલની હેલ્થ પોઈન્ટ ફાર્મામાં 31 ઓગસ્ટે થયેલી તપાસ બાદ ક્ષતિઓ અંગે કારણદર્શક નોટિસ અપાઈ હતી. જો કે પેઢીનો ખુલાસો સંતોષકારક ન જણાતા તેનો દવા વેચાણનો પરવાનો રદ કરવામાં આવ્યો છે. ચાંગોદરની ફાર્માલિન લાઈફસાયન્સિસ, સાંતેજની રેઈન રેમેડીઝ, વિસનગરની કેપિટલ ફાર્મા, અમદાવાદ-1ની HRDM ગ્લોબલ સોલ્યુશન્સ અને જય અંબે ડિસ્ટ્રિબ્યુટર્સ સામે પણ તપાસ કરવામાં આવી છે.

નિકોલમાં Gen-Z થીમ આધારીત ગરબામાં રમઝટ બોલાવશે

# જીગ્નેશ કવિરાજ 'દાંડિયા ધમાલ' નવરાત્રિમાં જોવા મળશે

## 7 સ્ટાર પાર્ટી પ્લોટમાં દોઢ લાખ ચોરસ ફૂટમાં ખેલૈયા ઘૂમશે

ગાંધીનગર

નવરાત્રિ 2026ની તૈયારીઓ વચ્ચે પૂર્વ અમદાવાદના નિકોલમાં 'દાંડિયા ધમાલ વીથ જિગ્નેશ કવિરાજ 2026'નું ભવ્ય આયોજન કરાયું છે. ગુજસાગા એન્ટરટેઈનમેન્ટ અને તીર્થરાજ એન્ટરટેઈનમેન્ટ દ્વારા 11મી ઓક્ટોબરથી 19મી ઓક્ટોબર 2026 દરમિયાન 7 સ્ટાર પાર્ટી પ્લોટ ખાતે આ ગરબા મહોત્સવ યોજાશે. 1,40,000 સ્કવેર ફૂટના વિશાળ ગ્રાઉન્ડમાં દરરોજ સાંજે 8.00 વાગ્યાથી મધ્યરાત્રિના 1.00 વાગ્યા સુધી પ્રખ્યાત ગાયક જીગ્નેશ કવિરાજના સૂરે ખેલૈયાઓ ગરબે ઘૂમશે. પૂર્વ અમદાવાદમાં છેલ્લા 10 વર્ષથી સફળતાપૂર્વક યોજાતા દાંડિયા ધમાલનું આ 11મું વર્ષ છે. આ વર્ષે નિકોલ રોડ પર આવેલા 7 સ્ટાર પાર્ટી પ્લોટમાં ગરબાનું વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું છે. સુંદર ડેકોરેશન, આકર્ષક લાઈટિંગ અને આધુનિક સુવિધાઓ સાથેનું આ વિશાળ સ્થળ દર્શકોને સંપૂર્ણ ઉત્સવમય વાતાવરણ પૂરું પાડશે. ગાયક કલાકાર જીગ્નેશ કવિરાજે જણાવ્યું કે, પૂર્વ અમદાવાદમાં તેમના ચાહકો મોટી સંખ્યામાં છે. પોતે ભૂતકાળમાં નરોડા વિસ્તારમાં 20 વર્ષ રહ્યા હોવાથી અહીં ગરબા રમાડવાની તેમની પણ અંગત ઈચ્છા હતી.



હાલ ગાંધીનગરમાં રહેતા અને મૂળ મહેસાણાના ખેરાલુ ગામના જીગ્નેશ કવિરાજે પોતાના જૂના ઘરઆંગણે ચાહકોને ગરબે રમાડવા માટે ભારે આનંદ અને ગર્વની લાગણી વ્યક્ત કરી હતી. આયોજક તીર્થરાજ ત્રિવેદીના જણાવ્યા મુજબ, ગ્રાઉન્ડમાં 15,000થી વધુ લોકો એકસાથે રમવાની ક્ષમતા છે. પરંતુ ખેલૈયાઓને ભીડભાડ કે અડચણ વગર રમવાની મજા મળે તે માટે માત્ર 5,000થી 6,000 લોકોને જ પ્રવેશ આપવામાં આવશે. આ ઉપરાંત, આ વર્ષે યુવા પેઢી માટે ખાસ સસ્પેન્સ ધરાવતી 'Gen-Z' થીમ આધારિત ગરબાનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

# 'અલ્ટો કાર વેચી, લોન લઈ આવાસનાં રૂપિયા ભર્યા': રાજકોટ મનપાની બીજું આવાસ જપ્તની નોટિસ

## આ પૈકી કમલજીતસિંહ ભૂપતસિંહ ઝાલા નામના અરજદારે મનપા કમિશનરને લેખિત રજૂઆત કરીને આવાસ રદ કરવા અંગેની નોટિસનો જવાબ આપ્યો છે તેમજ અધિકારીઓની ભૂલના કારણે ઊભી થયેલી વિવાદિત પરિસ્થિતિ અંગે પોતાનો રોષ ઠાલવ્યો છે

રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સંચાલિત આવાસ યોજનામાં ગેરરીતિનાં કિસ્સાઓ એક પછી એક સામે આવી રહ્યા છે. અગાઉ સામે આવેલા 11 કિસ્સાઓમાં મનપાએ ડબલ આવાસ ધારકોને બીજું આવાસ જપ્ત કરવાની નોટિસ આપી હતી. જેમાં આવાસધારકે કેયુર ગાંધી નામના અધિકારીને પૂછપરછ કર્યા બાદ જ બીજું આવાસ રાખ્યું હોવાનો દાવો કર્યો છે. અલ્ટો કાર વેચી તેમજ ભાઈની કંપનીમાંથી લોન લઈને બીજા આવાસના નાણાં ચુકવનાર કમલજીતસિંહ ઝાલાએ તેમણે ભરેલી રકમ પરત આપી બીજું આવાસ પરત લેવા માંગ કરી છે. જોકે બીજી તરફ, સંબંધિત અધિકારીએ અરજદારના આ તમામ આક્ષેપોને સખત શબ્દોમાં ફગાવી દીધા છે. હાલ કમલજીતસિંહની અરજીને લઈને આવાસ વિભાગ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. તાજેતરમાં મનપાએ બે-બે આવાસ લેનારા 11 લોકોને ઝડપી પાડી તમામને બીજું આવાસ જપ્ત કરવાની નોટિસ આપવામાં આવી હતી. આ પૈકી કમલજીતસિંહ ભૂપતસિંહ ઝાલા નામના અરજદારે મનપા કમિશનરને લેખિત રજૂઆત કરીને આવાસ રદ કરવા અંગેની નોટિસનો જવાબ આપ્યો છે તેમજ અધિકારીઓની ભૂલના કારણે ઊભી થયેલી વિવાદિત પરિસ્થિતિ અંગે પોતાનો રોષ ઠાલવ્યો છે.

અરજદાર કમલજીતસિંહના જણાવ્યા અનુસાર, તેમને 2021માં કણકોટ રોડ પર આવેલા કૃષ્ણા ટાઉનશીપમાં આવાસ યોજના હેઠળ એક ફ્લેટ ફાળવવામાં આવ્યો હતો. જ્યાં તેઓ હાલમાં પોતાના પરિવાર સાથે રહે છે.

ત્યારબાદ, રૈયારોડ પર લાઈટ હાઉસ યોજના અંતર્ગત જીજાબાઈ ટાઉનશીપમાં વેઈટિંગ લિસ્ટમાંથી તેમને બીજો ફ્લેટ (F-107) પણ ફાળવવામાં આવ્યો હતો. જ્યારે બીજો ફ્લેટ ફાળવાયો અને મેસેજ મળ્યો ત્યારે પોતે મનપા કચેરી ખાતે અધિકારી કેયુર ગાંધીને રૂબરૂ મળવા ગયા હતા.

પાક્કો ગુજરાત
બુધવાર | 09 સપ્ટેમ્બર 2026 | અમદાવાદ


### પેરિસના એફિલ ટાવર ખાતે BAPSના સાધુઓની મુલાકાત દરમિયાન સ્ટાફની વ્યવસ્થાને લઈને આંતરરાષ્ટ્રીય ચર્ચા શરૂ થઈ

# એફિલ ટાવર પર BAPS સાધુઓની મુલાકાતથી વિવાદ: મહિલા કર્મચારીઓને હટાવ્યાના અહેવાલે પેરિસમાં મચાવી ખળભળાટ

## ધાર્મિક પરંપરાના સન્માન સામે જેન્ડર ઇક્વાલિટીનો મુદ્દો ગરમાયો; ફ્રાન્સના વહીવટી તંત્ર અને એફિલ ટાવર સંચાલન સામે ઉઠ્યા ગંભીર સવાલો

**પેરિસ**

પેરિસના વિશ્વપ્રસિદ્ધ એફિલ ટાવર ખાતે બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (BAPS)ના સાધુઓ અને પ્રતિનિધિમંડળની મુલાકાતને લઈને હવે આંતરરાષ્ટ્રીય સ્તરે વિવાદ ઊભો થયો છે. અહેવાલો મુજબ, BAPSના સાધુઓની ધાર્મિક પરંપરા અને નિયમોને ધ્યાનમાં રાખીને તેમની મુલાકાત દરમિયાન એફિલ ટાવર ખાતે ફરજ બજાવતી મહિલા કર્મચારીઓને કામચલાઉ ધોરણે અન્યત્ર ખસેડવામાં આવ્યા હતા અને સાધુઓની આસપાસ માત્ર પુરુષ કર્મચારીઓની વ્યવસ્થા કરવામાં આવી હતી.



સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓ માટે ત્યાગ અને સંયમને લગતા કેટલાક કડક ધાર્મિક નિયમોનું પાલન કરવામાં આવે છે. સાધુઓની આ પરંપરાને ધ્યાનમાં રાખીને મુલાકાત દરમિયાન મહિલા સિક્યુરિટી કર્મચારીઓ તેમજ અન્ય મહિલા સ્ટાફને તેમની નજીકની ફરજમાંથી દૂર રાખવામાં આવ્યા હોવાના અહેવાલો સામે આવ્યા છે. જોકે, આ નિર્ણય સામે આવતા જ ફ્રાન્સમાં ધાર્મિક માન્યતા અને જાતિગત સમાનતાના મુદ્દે નવી ચર્ચા શરૂ થઈ ગઈ છે.

ફ્રાન્સમાં મહિલા અને પુરુષને સમાન અધિકાર આપવાના કાયદા અને સિદ્ધાંતોને વિશેષ મહત્વ આપવામાં આવે છે. આવી સ્થિતિમાં એક સાર્વજનિક અને વિશ્વપ્રસિદ્ધ સ્થળે ધાર્મિક પરંપરાના આધારે મહિલા કર્મચારીઓની ફરજમાં ફેરફાર કરવામાં આવ્યો હોવાના અહેવાલોને લઈને મહિલા અધિકાર સંગઠનો અને વિવેચકો દ્વારા ગંભીર સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે. વિવેચકોનું કહેવું છે કે કોઈપણ મહેમાન અથવા ધાર્મિક પ્રતિનિધિમંડળની આસ્થાનું સન્માન થવું જોઈએ, પરંતુ તેના કારણે કોઈ કર્મચારી સાથે જાતિના આધારે અલગ વ્યવહાર ન થવો જોઈએ.

બીજી તરફ, BAPS સાથે જોડાયેલા સમર્થકોનું કહેવું છે કે આ નિર્ણય ધાર્મિક માન્યતાને માન આપવા માટે સ્થાનિક સ્તરે કરવામાં આવેલી વ્યવસ્થાનો એક ભાગ હતો. તેમના મતે, સાધુઓની વર્ષો જૂની પરંપરા અને નિયમોને ધ્યાનમાં રાખીને મુલાકાતને સુગમ બનાવવા માટે આયોજકોએ સ્ટાફની વ્યવસ્થા કરી હતી અને તેમાં કોઈની સાથે ભેદભાવ કરવાનો ઈરાદો નહોતો.

જોકે, પેરિસ જેવા સેક્યુલર અને આધુનિક શહેરમાં બનેલી આ ઘટનાએ હવે મોટો સવાલ ઊભો કર્યો છે કે ધાર્મિક પરંપરા અને વ્યક્તિગત આસ્થાનું સન્માન કરતી વખતે મહિલા કર્મચારીઓના સમાન અધિકારોની સુરક્ષા કેવી રીતે સુનિશ્ચિત કરવી.

એફિલ ટાવર ખાતેની આ મુલાકાત હવે માત્ર એક ધાર્મિક પ્રતિનિધિમંડળની મુલાકાત પૂરતી સીમિત રહી નથી, પરંતુ ધાર્મિક સ્વતંત્રતા, સેક્યુલરિઝમ અને જેન્ડર ઈક્વાલિટી વચ્ચેના સંતુલન અંગેની વૈશ્વિક ચર્ચાનું કેન્દ્ર બની ગઈ છે.

---

# મુંબઈમાં PM મોદીના કાર્યક્રમ પહેલા સુરક્ષામાં મોટી ચૂક : હથિયાર અને PMOના નકલી આઈકાર્ડ સાથે 2 શખસો ઝડપાયા!

**મુંબઈ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મુંબઈ સ્થિત બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ (BKC) ખાતેના કાર્યક્રમ પહેલા સુરક્ષા એજન્સીઓના ધાડા દોડતા થઈ ગયા છે. કાર્યક્રમ સ્થળ નજીક આવેલ Jio વર્લ્ડ સેન્ટર/NMACC પરિસરમાંથી મુંબઈ ક્રાઈમ બ્રાંચે ગન અને પીએમઓ (PMO - Prime Minister's Office) ના બનાવટી આઈકાર્ડ સાથે બે શંકાસ્પદ શખસોને ઝડપી પાડતા ભારે ચકચાર મચી જવા પામી છે.

સૂત્રો પાસેથી મળતી ચોંકાવનારી વિગતો મુજબ, પકડાયેલા બે આરોપીઓ પૈકી એક શખસે પોતાની ઓળખ PMO ના ઉચ્ચ અધિકારી તરીકે આપી હતી. આ શખસ સાથે અન્ય એક વ્યકિત તેનો સશસ્ત્ર બોડીગાર્ડ (અંગરક્ષક) બનીને ફરી રહ્યો હતો, જેની પાસેથી એક પિસ્તોલ/રિવોલ્વર મળી આવી છે.

વીવીઆઈપી સિક્યોરિટી અને ચેકિંગ દરમિયાન સુરક્ષા કર્મચારીઓને આ શખસના આઈકાર્ડ અને વર્તણૂક પર શંકા ગઈ હતી. સઘન પૂછપરછ અને કાર્ડનું વેરિફિકેશન કરવામાં આવતા આઈકાર્ડ તદ્દન બોગસ અને બનાવટી હોવાનું ખુલ્લું પડ્યું હતું.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને મુંબઈ ક્રાઈમ બ્રાંચ અને BKC પોલીસ મથકની ટીમે ત્વરિત બંને આરોપીઓની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

# 15 સપ્ટેમ્બર પછી UPI-QR કોડ બંધ થવાના વાયરલ મેસેજનું સત્ય: શું ખરેખર રોકડા રૂપિયા વાપરવા પડશે?

**નવી દિલ્હી**

છેલ્લા કેટલાક દિવસોથી સોશિયલ મીડિયા અને વોટ્સએપ ગ્રુપોમાં એક મેસેજ વાયરલ થઈ રહ્યો છે કે ૧૫ સપ્ટેમ્બર પછી દેશભરમાં UPI અને QR કોડ દ્વારા થતાં ઓનલાઈન ડિજિટલ પેમેન્ટ બંધ થઈ જશે અને ગ્રાહકોએ ફરજિયાતપણે રોકડા રૂપિયા જ વાપરવા પડશે. આ અફવાને કારણે નાના વેપારીઓ, લારી-ગલ્લા ધારકો અને સામાન્ય ગ્રાહકોમાં ભારે ચિંતા અને અફરાતફરીનો માહોલ સર્જાયો છે. પરંતુ આ દાવા પાછળનું અસલી સત્ય શું છે? સૌ પ્રથમ સ્પષ્ટતા એ છે કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) કે NPCI (National Payments Corporation of India) દ્વારા UPI કે QR કોડ પેમેન્ટ સિસ્ટમ બંધ કરવાનો આવો કોઈ જ નિર્ણય લેવામાં આવ્યો નથી. ૧૫ સપ્ટેમ્બર પછી પણ દેશભરમાં તમામ UPI પેમેન્ટ્સ, QR કોડ સ્કેનિંગ અને ડિજિટલ ટ્રાન્ઝેક્શન પહેલાની જેમ જ સંપૂર્ણપણે ચાલુ રહેશે.

આ વાયરલ અફવા પાછળનું મુખ્ય કારણ RBI દ્વારા ડિજિટલ ફ્રોડ અને સાયબર ક્રાઈમ અટકાવવા માટે લાવવામાં આવેલા નવા સિક્યોરિટી ગાઈડલાઈન્સ અને સાયબર મોનિટરિંગ નિયમો છે. એન્ટરપ્રાઈઝ QR કોડ અને મરચન્ટ વેરિફિકેશન: RBI એ બેંકો અને પેમેન્ટ એપ્સ (જેમ કે Google Pay, PhonePe, Paytm) ને આદેશ આપ્યો છે કે જે વેપારીઓ અન-વેરિફાઈડ કે ડમી એકાઉન્ટ્સ પર બિન-ઓથોરાઈઝ્ડ QR કોડ વાપરી રહ્યા છે, તેમનું સખત KYC (Know Your Customer) વેરિફિકેશન પૂરું કરવામાં આવે. સાયબર ઠગાઈ અને ટેક્સ ચોરી અટકાવવા માટે જે વેપારી એકાઉન્ટ્સમાં શંકાસ્પદ કે બેનામી ટ્રાન્ઝેક્શન જણાય છે.

---

### ઉદ્ઘાટન પહેલાં જ 'રામ કે રાસ્તે મેં દરાર'

# રામ વન ગમન પથના ઉદ્ઘાટન પહેલાં જ રસ્તો ધસી પડ્યો: રૂ.4,400 કરોડના વિકાસ સામે ઊભા થયા ગંભીર સવાલો!

**નવી દિલ્હી**

ઉત્તર પ્રદેશમાં કરોડો રૂપિયાના ખર્ચે બની રહેલા અને ધાર્મિક દ્રષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ ગણાતા 'રામ વન ગમન પથ' પ્રોજેક્ટમાંથી ભ્રષ્ટાચાર અને નબળા બાંધકામની સનસનાટીભરી વાસ્તવિકતા સામે આવી છે. આશરે રૂ. ૪,૪૦૦ કરોડથી વધુના વિરાટ બજેટથી તૈયાર થઈ રહેલા આ ડ્રીમ પ્રોજેક્ટનું સત્તાવાર ઉદ્ઘાટન થાય તે પહેલાં જ રસ્તા પર મોટા-મોટા ગાબડાં પડી ગયા છે અને માર્ગ ધસી પડ્યો છે. ભગવાન રામના નામે આકાર પામી રહેલા આ માર્ગ પર પડેલી વિરાટ તિરાડોએ સરકારી એજન્સીઓ, કોન્ટ્રાક્ટરો અને દાવાઓ સામે ગંભીર પ્રશ્નાર્થચિહ્ન ઊભું કરી દીધું છે.

રામ વન ગમન પથ એ માત્ર એક રસ્તો નથી, પરંતુ લાખો શ્રદ્ધાળુઓની આસ્થા સાથે જોડાયેલો માર્ગ છે. પરંતુ પહેલા જ વરસાદ કે



સામાન્ય વપરાશમાં રસ્તાનો ભાગ ધસી જતાં લોકોમાં અને મીડિયામાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ગુણવત્તા સામે સવાલો: શું એન્જિનિયરો અને કોન્ટ્રાક્ટરોએ માટીનું પરીક્ષણ કર્યા વિના જ ઉતાવળમાં ડામર પાથરી દીધો હતો? કમિશનખોરીનો ખેલ?: કરોડો રૂપિયાના બજેટમાંથી વાસ્તવમાં રસ્તાના બાંધકામ પાછળ કેટલો ખર્ચ થયો અને કેટલો ભ્રષ્ટાચારની ભેટ ચડી ગયો? શ્રદ્ધાળુઓની સુરક્ષા પર ખતરો: ઉદ્ઘાટન પહેલાં જ આ હાલત હોય તો ભવિષ્યમાં જ્યારે લાખો ભક્તો આ રોડ પરથી પસાર થશે ત્યારે કોઈ મોટી દુર્ઘટના સર્જાશે તો તેનો જવાબદાર કોણ? આ ઘટના બાદ રાજકીય ગરમાવો આવી ગયો છે. વિપક્ષો અને સ્થાનિક લોકોનો આરોપ છે કે સરકાર માત્ર મોટી-મોટી જાહેરાતો અને પ્રોજેક્ટોના કાગળ પરના આંકડા બતાવીને વાહવાહી લૂંટવામાં વ્યસ્ત છે, જ્યારે ધરાતલ પર કામની ગુણવત્તા શૂન્ય છે. ઉદ્ઘાટન પહેલાં જ રસ્તો ધસી જવાની આ શરમજનક ઘટના અંગે ઉચ્ચ સ્તરીય તપાસ પંચ નીમીને દોષિત કોન્ટ્રાક્ટરો અને ભ્રષ્ટ અધિકારીઓ સામે આકરી કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે. જો આસ્થા અને કરોડો રૂપિયાના ખર્ચે બનતા પ્રોજેક્ટ્સમાં પણ આ જ પ્રકારે નિષ્કાળજી દાખવવામાં આવશે, તો જનતાના પરસેવાના ટેક્સના નાણાં આમ જ પાણીમાં વહેતા રહેશે.

---

# દેશની સ્વાયત્તતા સામે જોખમ? ઈસરોથી સેના સુધીના ખાનગીકરણના આક્ષેપોથી રાજકારણ ગરમાયું

**નવી દિલ્હી**

ભારતની અતિ સંવેદનશીલ અને ગૌરવશાળી સંસ્થાઓના ભવિષ્યને લઈને ચિંતાજનક સવાલો ઊભા થઈ રહ્યા છે. ઈસરો (ISRO) જેવી રાષ્ટ્રીય કક્ષાની સંસ્થામાંથી ૧૫૦ જેટલા અનુભવી વૈજ્ઞાનિકોના રાજીનામાની ઘટનાએ દેશભરમાં ચર્ચા જગાવી છે. આ રાજીનામા કોઈ સામાન્ય વહીવટી પ્રક્રિયા નથી, પરંતુ દેશના વૈજ્ઞાનિક અને વ્યૂહાત્મક સંસાધનોને ચોક્કસ કોર્પોરેટ ઘરાનાઓ અને ખાનગી ક્ષેત્રને સોંપવાની દિશામાં ચાલી રહેલા મોટા ષડયંત્રનો ભાગ હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે.

સરકાર દ્વારા વારંવાર રજૂ કરવામાં આવતા 'મિનિમમ ગવર્નમેન્ટ, મેક્સિમમ ગવર્નન્સ'ના સૂત્રનો વાસ્તવિક અર્થ હવે દેશ સમક્ષ ઉઘાડો પડી રહ્યો છે. સ્થાપિત સરકારી સંસ્થાઓના સંસાધનો ખાનગી ઉદ્યોગપતિઓના હાથમાં સોંપવાની આ નીતિથી દેશની વ્યૂહાત્મક સ્વાયત્તતા ખતરામાં મુકાઈ છે. વિવેચકોનું માનવું છે કે જો આ નીતિ આ જ રીતે ચાલુ રહેશે, તો આગામી વર્ષોમાં ઈસરો બાદ ભારતીય સેના અને સંરક્ષણ ક્ષેત્રનું પણ તબક્કાવાર ખાનગીકરણ કરવામાં આવે તો નવાઈ નહીં.

આવા ગંભીર મુદ્દાઓ પર દેશના મોટાભાગના રાજકીય પક્ષો અને નેતાઓ મૌન સેવી રહ્યા છે. વિપક્ષી છાવણીમાં માત્ર રાહુલ ગાંધી આ મુદ્દાને મજબૂતીથી ઉઠાવી રહ્યા છે, જ્યારે અન્ય પક્ષો કોર્પોરેટ પ્રભાવ અને નાણાકીય હિતોના કારણે ચુપકીદી સાધીને બેઠા છે. ડાબેરીઓની વિરોધ કરવાની ક્ષમતા પણ હવે જનતા વચ્ચે પોતાની અસર ગુમાવી ચૂકી છે, જેના કારણે સત્તાધીશોને મુક્ત દોર મળી રહ્યો છે. છેલ્લા એક દાયકાથી દેશની લોકશાહી અને સંસ્થાઓ પર વધતા ફાસીવાદી પ્રભાવ અંગે જે ચેતવણીઓ આપવામાં આવી રહી હતી, તે આજે સાચી પડી રહી છે.

---

### નવી જવાબદારી સંભાળ્યાના માત્ર 50 દિવસમાં ફરી બદલી

# 14 વર્ષની રાહ બાદ કલેક્ટર બન્યાં, હવે એક વર્ષમાં 4 ટ્રાન્સફર: IAS નેહા મારવ્યા સિંહનો મુદ્દો ગરમાયો

**ભોપાલ**

મધ્યપ્રદેશના સિનિયર IAS અધિકારી નેહા મારવ્યા સિંહની એક વર્ષમાં ચાર વખત થયેલી બદલીનો મુદ્દો વહીવટી વર્તુળોમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે. 2011 બેચના મધ્યપ્રદેશ કેડરના આ અધિકારીએ સતત ટૂંકા ગાળાની પોસ્ટિંગ બાદ ફરી ટ્રાન્સફર થતાં પોતાની નારાજગી વ્યક્ત કરી છે. 5 સપ્ટેમ્બર, 2026ના વહીવટી ફેરબદલમાં તેમનું નામ ફરી આવતા તેમણે સતત બદલીઓથી પોતે નિરાશ અને હતોત્સાહિત હોવાનું જણાવ્યું હતું. નેહા મારવ્યા સિંહને તેમની અગાઉની પોસ્ટિંગ સંભાળ્યાના માત્ર 50 દિવસ બાદ જ ફરીથી બદલી કરવામાં આવી હતી. તેઓ ટ્રાઈબલ એરિયા ડેવલપમેન્ટ એન્ડ પ્લાનિંગના ડિરેક્ટર તરીકે કાર્યરત હતા, જ્યાંથી તેમને શેડ્યુલ્ડ ટ્રાઈબ ફાઈનાન્સ ડેવલપમેન્ટ કોર્પોરેશનના મેનેજિંગ ડિરેક્ટર તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. આ એક વર્ષમાં તેમની ચોથી બદલી હોવાનું તેમણે પોતે જણાવ્યું છે. વારંવારની બદલીને લઈને નેહા મારવ્યા સિંહે IAS અધિકારીઓના ગ્રૂપમાં પોતાની વ્યથા વ્યક્ત કરતાં ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. તેમના કહેવા મુજબ, તેમની હેઠળના કેટલાક કર્મચારીઓ સાથે વહીવટી અને શિસ્ત સંબંધિત વિવાદ સર્જાયો હતો. તેમણે એવો પણ આરોપ મૂક્યો હતો કે કેટલાક કર્મચારીઓએ તેમની વિરુદ્ધ બગાવત જેવું વાતાવરણ ઊભું કર્યું અને તેમની બદલી કરાવી દેવાની ધમકી આપી હતી. આ આરોપોની સ્વતંત્ર પુષ્ટિ ઉપલબ્ધ નથી, પરંતુ અધિકારીના નિવેદન બાદ સમગ્ર મામલો ચર્ચામાં આવ્યો છે. નેહા મારવ્યા સિંહે સવાલ ઉઠાવ્યો હતો કે જ્યારે કોઈ અધિકારીને નવી જવાબદારી સમજવા અને કામને ગતિ આપવા માટે પૂરતો સમય પણ ન મળે ત્યારે અસરકારક વહીવટ કેવી રીતે શક્ય બને? સતત બે-ત્રણ મહિનામાં જવાબદારી બદલાતી રહે તો લાંબા ગાળાના આયોજન અને નિર્ણયોની પ્રક્રિયા પર પણ અસર પડી શકે છે. નેહા મારવ્યા સિંહનો વહીવટી સફર પણ ખાસો ચર્ચાસ્પદ રહ્યો છે. મીડિયા અહેવાલો મુજબ, 2011માં UPSC પાસ કર્યા બાદ તેમને કલેક્ટર બનવા માટે લાંબી રાહ જોવી પડી હતી અને લગભગ 14 વર્ષ બાદ તેમને કલેક્ટર તરીકેની જવાબદારી મળી હતી.

---

# લોકશાહીમાં જનતા જ માલિક અને અધિકારીઓ તેના સેવક : હાઈકોર્ટ

**પ્રયાગરાજ**

નોઈડાના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ મેધા રૂપમને એક લોની વિદ્યાર્થિનીની એનએસએ હેઠળ અટકાયતનો આદેશ આપવો ભારે પડી ગયો છે. અલ્લાહાબાદ હાઈકોર્ટે ન માત્ર ડીએમનો આદેશ રદ કર્યો સાથે સાથે ડીએમ સહિતના અધિકારીઓ પાસેથી રૂપિયા પાંચ લાખ વસુલીને વિદ્યાર્થિનીને વળતર આપવા પણ કહ્યું છે. સાથે જ હાઈકોર્ટે કહ્યું હતું કે અધિકારીઓ જનતાના સેવક છે, જનતા લોકશાહીમાં માલિક છે.

એપ્રીલ મહિનામાં નોઈડાના વર્કર્સ દ્વારા હડતાળ પાડવામાં આવી હતી, જે મામલે દિલ્હી યુનિવર્સિટીની ૨૫ વર્ષીય વિદ્યાર્થિની આકૃતિ ચૌધરીની ઉત્તર પ્રદેશ પોલીસ દ્વારા ધરપકડ કરીને તેની સામે નેશનલ સિક્યોરિટી એક્ટ એનએસએ લગાવી દેવાયો હતો. સાથે જ એક પત્રકાર સત્યમ વર્માની સામે પણ આ જ કાયદા હેઠળ આકરી કલમો લગાવાઈ હતી. વેતન વધારવાના આ આંદોલનમાં અન્ય કેટલાક એક્ટિવિસ્ટ્સની પણ ધરપકડ કરાઈ હતી.

લોની વિદ્યાર્થિની અને એક્ટિવિસ્ટ આકૃતિ ચોધરી સામે એનએસએ હેઠળ કાર્યવાહીનો આદેશ ગૌતમબુદ્ધા નગરના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ મેધા રૂપમે આપ્યો હતો.

---

### ભારતીયોએ ₹9.06 લાખ કરોડનું સોનું ગીરવે મૂક્યું

# ઘર ચલાવવા ભારતીયો હવે લોન પર નિર્ભર! દેશમાં સોનાના દાગીના ગીરવે મૂકવાનો ભયાનક વાર્ષિક વધારો

**નવી દિલ્હી**

મધ્યમ વર્ગ અને સામાન્ય ભારતીય પરિવાર આજે કઈ સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે, તેનો એક અત્યંત ચોંકાવનારો અને આંખ ઉઘાડનારો આંકડો સામે આવ્યો છે. સતત વધતી જતી મોંઘવારી, કથળતી કમાણી અને ઘરખર્ચના બોજ તળે દબાયેલા ભારતીયો હવે પોતાનું ઘર ચલાવવા માટે લોન પર નિર્ભર બની રહ્યા છે. દેશના નાગરિકોએ પોતાના ઘરનું સ્ત્રીધન અને પેઢીઓથી સાચવેલા 9.06 લાખ કરોડના સોનાના દાગીના ગીરવે મૂકી દીધા છે. તાજેતરના નાણાકીય અહેવાલો મુજબ, દેશમાં ગોલ્ડ લોન (Gold Loan) લેવાના પ્રમાણમાં અકલ્પનીય વધારો થયો છે. સોના સામે લોન લેવાના દરમાં વાર્ષિક 68.9% થી લઈને 88.1% સુધીનો



પ્રચંડ વધારો નોંધાયો છે, જે દર્શાવે છે કે લોકો પાસે ઈમરજન્સી રોકડ બચત ખતમ થઈ ગઈ છે. બેંકો કરતા નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપનીઓ (NBFCs) ગોલ્ડ લોન આપવામાં સૌથી આગળ રહી છે, કારણ કે ત્યાં તુરંત અને ઓછા કાગળિયાથી લોન મળી જાય છે. ઘરગથ્થુ વસ્તુઓ, ઈલેક્ટ્રોનિક્સ અને દૈનિક ઉપયોગની સામગ્રી ખરીદવા માટે લેવાતી કન્ઝ્યુમર ડ્યુરેબલ લોનમાં પણ 51.5% નો વધારો થયો છે. અગાઉ લોકો સોનું માત્ર કોઈ નવો બિઝનેસ શરૂ કરવા કે ઘરમાં લગ્નપ્રસંગ માટે ગીરવે મૂકતા હતા. પરંતુ હવે પરિસ્થિતિ એ મોડ પર આવી ગઈ છે કે બાળકોની શાળાની ફી, હોસ્પિટલના બિલ, અને માસિક કરિયાણાના ખર્ચ જેવા દૈનિક કામો પૂરા કરવા માટે પણ સ્ત્રીઓને પોતાના સોનાના દાગીના બેંકો કે ફાઈનાન્સ કંપનીઓમાં ગીરવે મૂકવા પડી રહ્યા છે.

જ્યારે દેશની જનતા પોતાની બચત અને સોનું ગીરવે મૂકીને લોનના હપ્તા ભરવા મજબૂર બને, ત્યારે તે દેશના સામાજિક અને આર્થિક ઢાંચા માટે મોટો ખતરો સાબિત થાય છે. જો આ રીતે જ લોનનો બોજ વધતો રહેશે, તો આગામી દિવસોમાં મધ્યમ વર્ગ દેવાના મોટા ડૂબણમાં ફસાઈ જશે તે નક્કી છે.

---

### દિલ્હી સત્યનિકેતનમાં PG દુર્ઘટના

# વિદ્યાર્થીઓનું આર્થિક અને શારીરિક શોષણ, કરારમાં 'સુરક્ષા'થી હાથ ખંખેરતી શરતો ખુલ્લી પડી

**નવી દિલ્હી**

દેશની રાજધાની દિલ્હીના સત્યનિકેતન વિસ્તારમાં બનેલી પીજી (Paying Guest) દુર્ઘટનાએ શિક્ષણ નગરીમાં ચાલતા ગેરકાયદેસર અને જોખમી રહેણાંક કારોબારનો પર્દાફાશ કરી દીધો છે. બહારના રાજ્યોમાંથી અભ્યાસ અર્થે આવતા નિર્દોષ વિદ્યાર્થીઓ પાસેથી મોટી રકમો ઉઘરાવીને તેમને મૌત જેવા જોખમી વાતાવરણમાં રાખવામાં આવતા હોવાની કડવી વાસ્તવિકતા સામે આવી છે. આ દુર્ઘટના બાદ સામે આવેલા ભાડા કરારના કાગળોએ સૌને ચોંકાવી દીધા છે. મકાનમાલિકો દ્વારા તૈયાર કરાતા કરારમાં સ્પષ્ટપણે એવી શરતો ઉમેરવામાં આવે છે કે 'ઈમારતમાં થતી કોઈ પણ દુર્ઘટના, અકસ્માત કે સુરક્ષા ક્ષતિ માટે માલિક જવાબદાર રહેશે નહીં.' વિદ્યાર્થીઓને નાછૂટકે આવી અન્યાયી અને ગેરકાયદેસર શરતો પર સહીઓ કરવી પડે છે. સુરક્ષાના તમામ નિયમોને નેવે મૂકીને માત્ર કમાણી કરવાનો આ એક નગ્ન ખેલ છે. સત્યનિકેતન જેવા વિદ્યાર્થી ક્ષેત્રમાં એક નાનકડા રૂમનું માસિક ભાડું 15,000 જેટલું આસમાને આંબતું વસૂલવામાં આવે છે. આટલું ઓછું હોય તેમ, મકાનમાલિકો પ્રવેશ સમયે જ વિદ્યાર્થીઓ પાસેથી ૩ મહિનાની એડવાન્સ સિક્યોરિટી ડિપોઝિટ પણ પડાવી લે છે. આટલી મોટી રકમો ચૂકવ્યા છતાં વિદ્યાર્થીઓને પાયાની સુવિધાઓ કે મજબૂત ઈમારતી સુરક્ષા આપવામાં આવતી નથી. દિલ્હીના સત્યનિકેતન સહિતના વિસ્તારોમાં હજારો વિદ્યાર્થીઓ આવા ગેરકાયદેસર અને નબળા બંધકામ ધરાવતા પીજીમાં રહેવા મજબૂર છે.

તંત્ર દ્વારા કોઈપણ પ્રકારના સેફ્ટી ઓડિટ કે ફાયર NOC વગર ચાલી રહેલા આ પીજી સામે કડક પગલાં ન લેવાતા આજે વિદ્યાર્થીઓનો જીવ જોખમમાં મુકાયો છે. આ દુર્ઘટના માત્ર એક અકસ્માત નથી, પરંતુ લાલચુ માલિકો અને નિષ્ક્રિય તંત્ર દ્વારા આચરવામાં આવેલી ગંભીર બેદરકારી છે.

---

### ભારતમાં પેસિવ સ્મોકિંગનો ઘાતક આતંક

# ન પીવા છતાં ધુમાડો ગળીને વર્ષે 3.25 લાખથી વધુ લોકો ગૂંગળાઈને મરી રહ્યા છે!

**નવી દિલ્હી**

તમાકુ કે સિગારેટ ન પીતા હોવા છતાં અન્યના ધુમાડાના કારણે અકાળે મોતને ભેટતા નિર્દોષ લોકોનો આંકડો હવે દેશ માટે અત્યંત ચિંતાજનક અને ઘાતક સ્તરે પહોંચી ગયો છે. 'ધ લેન્સેટ પબ્લિક હેલ્થ' (The Lancet Public Health) ના તાજેતરના વૈશ્વિક અભ્યાસમાં સામે આવેલા ચોંકાવનારા આંકડા મુજબ, ભારતમાં સેકન્ડ હેન્ડ સ્મોકિંગ એટલે કે પેસિવ સ્મોકિંગના કારણે થતા મોતમાં ૧૯૯૦ પછી અંદાજે ૫૦% જેટલો ભયાનક વધારો નોંધાયો છે. માત્ર ૨૦૨૩ ના વર્ષમાં જ ભારતમાં ૩,૨૫,૯૦૦ નિર્દોષ લોકોએ અન્યોના ધુમાડાના લીધે પોતાની જિંદગી ગુમાવવી પડી છે.

લેન્સેટના રિપોર્ટ અનુસાર, વિશ્વમાં સેકન્ડ હેન્ડ સ્મોકિંગથી પ્રભાવિત થતી વસ્તીના મામલે ભારત ચીન પછી આખા વિશ્વમાં બીજા ક્રમે આવે છે. ભારતની આશરે ૪૪.૪ કરોડથી વધુ વસ્તી પોતાના ઘરો, કાર્યસ્થળો કે જાહેર સ્થળો પર ધૂમ્રપાન ન કરવા છતાં અન્યો દ્વારા છોડવામાં આવતા ઝેરી ધુમાડાનો ભોગ બની રહી છે. જાહેર સ્થળો પર ધૂમ્રપાન પરના કાયદાઓ અને પાબંદીઓ હોવા છતાં, કાયદાના નબળા અમલીકરણને કારણે સામાન્ય નાગરિકો, ખાસ કરીને મહિલાઓ અને બાળકો કેન્સર, હૃદયરોગ અને શ્વાસ સંબંધિત ગંભીર બીમારીઓનો શિકાર બની રહ્યા છે. વૈશ્વિક સ્તરે ૨૦૨૩ ના વર્ષ દરમિયાન અંદાજે ૨.૭૧ બિલિયન લોકો સેકન્ડ હેન્ડ સ્મોકિંગના સીધા સંપર્કમાં આવ્યા હતા. આ ઝેરી હવાના કારણે વિશ્વભરમાં ૧૬.૬ લાખ લોકોના મોત નીપજ્યા છે અને ૪.૪૮ DALYs (ડિસેબિલિટી એડજસ્ટેડ લાઈફ યર્સ) નું મોટું નુકસાન થયું છે. આખી દુનિયાની સેકન્ડ હેન્ડ સ્મોકથી પ્રભાવિત આબાદીમાંથી અડધાથી વધુ લોકો માત્ર ત્રણ એશિયાઈ દેશો–ચીન (૬૯.૪ કરોડ), ભારત (૪૪.૪ કરોડ) અને ઈન્ડોનેશિયામાં વસે છે. બીડી, સિગારેટ કે હુક્કાનો ધુમાડો હવામાં ભળીને આસપાસના લોકો માટે ધીમું ઝેર સાબિત થઈ રહ્યો છે.

## તંત્રી લેખ...


# ચળકતી કાર્યાલયો અને કરમાતો સામાન્ય માણસ: ભાજપની રાજકીય સફળતા વચ્ચે દેશનો આર્થિક પરાજય?

એક તરફ અબજોના ડોનેશનથી મહેલો જેવા ભાજપ કાર્યાલયો, બીજી તરફ જનધન ખાતામાં અન્નધનની ખોટ: મોંઘવારી, ખેડૂતોની આજીજી અને શાસકોની બેદરકારી સામે ઊઠતા આકરા સવાલો

છેલ્લા ૧૦ થી ૧૨ વર્ષના રાજકીય ઈતિહાસ પર નજર કરીએ તો ભારતીય જનતા પાર્ટીએ સંગઠન અને નાણાકીય સમૃદ્ધિની દ્રષ્ટિએ અભૂતપૂર્વ સફળતા મેળવી છે. દેશના ખૂણે-ખૂણે ઉભી થયેલી આલિશાન અને હાઈટેક ભાજપ કાર્યાલયો એ વાતનો પુરાવો છે કે પક્ષ તરીકે ભાજપ અત્યંત સફળ અને ધનવાન બન્યો છે. પરંતુ સવાલ એ છે કે શું આ સફળતા દેશના સામાન્ય નાગરિકના જીવનમાં સમૃદ્ધિ લાવી શકી છે? આજે વાસ્તવિકતા એ છે કે પક્ષ સફળતાના શિખરો સર કરી રહ્યો છે, પરંતુ દેશ અને એનો સામાન્ય માણસ આર્થિક રીતે નિષ્ફળતાના ઊંડા ખાડામાં ધકેલાઈ રહ્યો છે.

દિવસેને દિવસે પીસાતો સામાન્ય માણસ અને આસમાને આંબતી મોંઘવારી

સવાર પડે ને જનસામાન્યની પ્રથમ જરૂરિયાત એવી દૂધ, શાકભાજી અને ખાંડ જેવી જીવનજરૂરી ચીજોના ભાવ ભડકે બળી રહ્યા છે. ખાંડ પ્રતિ કિલો સો રૂપિયાની સપાટી વટાવવા તરફ આગળ વધી રહી છે. દેશના કરોડો લોકોના 'જનધન ખાતા' ખોલાવવાનો દાવો તો મોટો કરાયો, પણ આજે એ ખાતાઓમાં 'અન્નધન'ની ભારે ખોટ વર્તાઈ રહી છે. મોંઘવારીના અસહ્ય બોજ



તળે મધ્યમ અને ગરીબ વર્ગ પીસાઈ રહ્યો છે.

ખેડૂતોની આજીજી સામે ઉદ્ઘાટનોનો તહેવાર

રાજ્યમાં અને દેશમાં ડબલ તેમજ 'ટ્રિપલ એન્જિન' સરકાર હોવાના દાવાઓ વચ્ચે પ્રજા આજે પણ પ્રાથમિક સુવિધાઓ અને ન્યાય માટે તરસાઈ રહી છે. એક તરફ દેશનો જગતનો તાત ખેડૂત યોગ્ય પોષણક્ષમ ભાવ અને કુદરતી આફતો સામે સરકારી સહાય મેળવવા માટે આજીજી કરી રહ્યો છે, તો બીજી તરફ દેશનું શીર્ષ નેતૃત્વ અને વડાપ્રધાન પક્ષની નવી-નવી ઓફિસોના ઉદ્ઘાટન કાર્યક્રમો અને ઉત્સવોમાં વ્યસ્ત દેખાય છે. દિલ્હી હોસ્ટેલ દુર્ઘટના હોય કે પછી અન્ય આંતરમાળખાકીય નિષ્ફળતાઓ, જવાબદાર તંત્ર અને સરકાર તરફથી કોઈ નકર પગલાં લેવાતા નથી. શું પ્રજાના ટેક્સના નાણાંથી ચાલતી સરકારની એ પ્રાથમિક જવાબદારી નથી કે તે ગુજરાત અને દેશના લોકોની મુશ્કેલીઓનું કાયમી નિરાકરણ લાવે?

અબજોનું ડોનેશન અને પ્રજાકીય પ્રશ્નો પ્રત્યે અણદેખો

છેલ્લા દાયકામાં ભાજપને ચૂંટણી બોન્ડ અને અન્ય માધ્યમોથી અબજો રૂપિયાનું ડોનેશન મળ્યું છે. પક્ષના ભંડોળમાં થયેલો આ અબજો રૂપિયાનો ઉમેરો અને બીજી તરફ જનતાની વધતી જતી આર્થિક લાચારી–આ બંને વિરોધાભાસી ચિત્રો ઘણું બધું કહી જાય છે. શું આ લોકશાહી છે જ્યાં શાસક પક્ષ ઉત્તરોત્તર સમૃદ્ધ થતો જાય અને દેશનો નાગરિક વધુને વધુ દેવાદાર અને મજબૂર બનતો જાય?

જનતા હવે આ વાસ્તવિકતા સમજી ચૂકી છે. જો સરકાર ખરેખર પ્રજાની પ્રતિનિધિ હોય, તો તેણે આલિશાન કાર્યાલયોના ચળકાટમાંથી બહાર આવીને રોડ પરના સામાન્ય માણસના ખાલી પડેલા થાળી-વાટકા તરફ જોવું પડશે અને તેમની સમસ્યાઓનો તાત્કાલિક ઉકેલ લાવવો પડશે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# બનાવટી ધર્મભક્તિ અને રાષ્ટ્રભક્તિના ઓઠા હેઠળ આધુનિક ગુલામી તરફ ધકેલાતો સમાજ: એક ઊંડો આક્રમક પૃથક્કરણ

### વિચારોની ગીરવે મુકાયેલી સ્વતંત્રતા, ન્યાય માંગનારાઓ પર થતા લેબલિંગ અને અંધભક્તિના વાતાવરણમાં દેશનો તમામ વર્ગ પોતાની વાસ્તવિક આઝાદી ગુમાવી રહ્યો છે

આજના આધુનિક અને માહિતીના યુગમાં આપણો દેશ એક એવા અત્યંત સંવેદનશીલ તેમ જ ઘાતક વળાંક પર આવીને ઊભો રહ્યો છે, જ્યાં ધર્મ અને રાષ્ટ્રભક્તિના નામે એક આભાસી અને ભયાનક માહોલ ઊભો કરવામાં આવ્યો છે. 'બનાવટી ધર્મભક્તિ' અને 'આક્રમક રાષ્ટ્રવાદ'ના ઓઠા હેઠળ સામાન્ય નાગરિકથી લઈને ઉચ્ચ શિક્ષિત વર્ગ સુધીના તમામ લોકો ધીમે ધીમે એક નવી અદ્રશ્ય અને માનસિક ગુલામીની દિશા તરફ ધકેલાઈ રહ્યા છે. આ પરિસ્થિતિ માત્ર ચિંતાજનક નથી, પરંતુ ભારતના લોકશાહી ઢાંચા, સામાજિક તાણાવાણા અને આત્મસન્માન માટે ઘાતક સાબિત થઈ રહી છે.

વાસ્તવિક રોજી-રોટીના પ્રશ્નો પર પરદો અને લાગણીઓનું કાળું રાજકારણ

આજે દેશનો સરાસરી નાગરિક મોંઘવારીના અસહ્ય બોજ તળે દબાયેલો છે, યુવાનો ડિગ્રીઓ હાથમાં લઈને રોજગાર માટે ભટકી રહ્યા છે, શિક્ષણ અને આરોગ્ય જેવી પાયાની સેવાઓનું બેફામ વ્યાપારીકરણ થઈ ચૂક્યું છે અને દેશનો જગતનો તાત ખેડૂત પોતાના હક્કની સહાય માટે આજીજી કરી રહ્યો છે. પરંતુ જ્યારે પણ આ મૂળભૂત પ્રશ્નો પર સત્તાધીશો પાસે જવાબ માંગવાનો સમય આવે છે, ત્યારે જનતા સમક્ષ ધર્મ, જાતિ, સંપ્રદાય અને આભાસી રાષ્ટ્રવાદના મુદ્દાઓ પીરસી દેવામાં આવે છે. સવાલ પૂછનાર દરેક નાગરિકને તુરંત જ 'દેશદ્રોહી', 'ધર્મવિરોધી' કે 'ષડયંત્રકારી'નો ટેગ લગાવીને તેનો અવાજ દબાવી દેવામાં આવે છે.

વૈચારિક ગુલામી: અંધભક્તિનું સૌથી ખતરનાક સ્વરૂપ

કોઈપણ જીવંત અને મજબૂત લોકશાહીની ખરી તાકાત તેના પ્રશ્નો પૂછતા અને તાર્કિક નાગરિકો હોય છે. પરંતુ આજના વાતાવરણમાં નાગરિકોને એ હદે અંધભક્ત અને વિવેકબુદ્ધિ વગરના બનાવી દેવામાં આવ્યા છે કે તેઓ પોતાના જ અધિકારોનું હનન થતું જોઈ શકતા નથી. નેતાઓ કે કટ્ટરપંથી સંગઠનોના ગેરવાજબી નિર્ણયોને આંખ બંધ કરીને સહન કરી લેવા અને તેને પણ દેશહિતના નામે વ્યાજબી ઠેરવવું–એ જ વૈચારિક ગુલામીનું સૌથી ભયાનક સ્વરૂપ છે.

યુવાધન અને મધ્યમ વર્ગ બન્યો શતરંજનો મોરો

આ આભાસી ખેલમાં સૌથી મોટો ભોગ યુવાધન અને મધ્યમ વર્ગ બની રહ્યો છે. જે યુવાનોની ઊર્જા દેશના વિકાસ, નવી ટેકનોલોજી અને સંશોધનમાં વપરાવી જોઈએ, તે ઊર્જાને સોશિયલ મીડિયાના ખોટા પ્રચાર, સામાજિક વિભાજન અને ધાર્મિક ઉત્સવોના આડંબરમાં હોમી દેવામાં આવી રહી છે. શિક્ષિત મધ્યમ વર્ગ પણ પોતાની આર્થિક લાચારીઓ ભૂલીને માત્ર આભાસી ગૌરવના ભ્રમમાં જીવી રહ્યો છે.

સમયસર જાગૃતિ જ એકમાત્ર ઉકેલ

જ્યારે દેશની પ્રજા સરકારી તંત્ર પાસે પોતાના શિક્ષણ, આરોગ્ય અને સુરક્ષાના અધિકારો માંગવાનું છોડીને માત્ર શાસકોના સંતોષ માટે જિંદાબાદના નારા લગાવવા લાગે, ત્યારે સમજી લેવું જોઈએ કે માનસિક ગુલામી પૂર્ણપણે સ્થપાઈ ચૂકી છે. જો સમાજના તટસ્થ બુદ્ધિજીવીઓ, યુવાનો અને જાગૃત નાગરિકો સમયસર આ બનાવટી આડંબરને ઓળખીને વાસ્તવિક મુદ્દાઓ પર સવાલો પૂછવાનું શરૂ નહીં કરે, તો આવનારી પેઢીઓ એક એવી આધુનિક ગુલામીમાં જીવવા મજબૂર બનશે જ્યાં વિચારવાની કે બોલવાની સ્વતંત્રતા નામશેષ થઈ ગઈ હશે.

# ગુજરાત દુષ્કાળની હોળીમાં હોમાઈ રહ્યું છે ત્યારે જનતાના નાણાંથી રાજકીય ઉત્સવો: 'ડ્રગ્સ નાબૂદી રેલી' ક્યારે નીકળશે?

એક તરફ કૂવા તળિયાઝાટક અને ખેડૂતો દેવાદાર, બીજી તરફ પ્રધાનમંત્રીના સ્વાગત માટે કરોડોનો ધુમાડો: ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી સામે જનતાનો આકરો આક્રોશ

રાજ્યનો મોટો ભાગ અને અડધું ગુજરાત આજે દુષ્કાળની આકરી પરિસ્થિતિમાં ભેરવાઈ ગયું છે. પાણીના ધાંધિયા, સુકાતા ખેતરો અને પશુઓ માટે ઘાસચારાની અછત વચ્ચે જગતનો તાત દેવાના ડુંગર તળે દબાઈ રહ્યો છે. પ્રજા જ્યારે સરકાર પાસે 'અછત' કે 'દુષ્કાળ' જાહેર કરવાની કાકલૂદી કરી રહી છે, ત્યારે વહીવટી તંત્ર અને શાસકો પ્રજાના પરસેવાના ટેક્સના નાણાંથી રાજકીય ઉત્સવો અને આલિશાન કાર્યક્રમો યોજવામાં વ્યસ્ત છે.

### વડોદરામાં કરોડોનો ધુમાડો: સ્વાગત રેલીઓ યોજાય છે, પણ પ્રજાકીય પ્રશ્નો અદ્રશ્ય

વડોદરા સહિતના વિસ્તારોમાં વડાપ્રધાનના વારંવારના પ્રવાસો અને તેમના સ્વાગત પાછળ સરકારી તિજોરીમાંથી કરોડો રૂપિયાનો ધુમાડો કરવામાં આવી રહ્યો છે. ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને ભાજપના નેતાઓ નેતાઓના સ્વાગત માટે ભવ્ય રોડ-શો અને રેલીઓ કાઢવામાં જરાય કસર છોડતા નથી. પરંતુ સવાલ એ થાય છે કે જે ઉત્સાહ સ્વાગત રેલીઓમાં દેખાય છે, તે ઉત્સાહ સંકટમાં મુકાયેલા નાગરિકોને રાહત પહોંચાડવામાં કેમ દેખાતો નથી?

### ઝેર બનતું ગુજરાત: દારૂ અને ડ્રગ્સથી યુવાધન બરબાદ, નાબૂદી રેલી ક્યારે?

રાજ્યમાં ગાંધીના ગુજરાતના નામે દારૂબંધીના પોકળ દાવાઓ થાય છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે ખૂણે-ખૂણેથી ડ્રગ્સ અને ગેરકાયદેસર દારૂનો જથ્થો પકડાઈ રહ્યો છે. યુવાધન નશાના વિષચક્રમાં હોમાઈ રહ્યું છે. જનતા પૂછી રહી છે કે સ્વાગત માટે રેલીઓ કાઢતા ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી ગુજરાતને ડ્રગ્સ અને દારૂના દૂષણમાંથી મુક્ત કરવા માટે ક્યારેય 'ડ્રગ્સ નાબૂદી રેલી' કે આક્રમક ઝુંબેશ કેમ યોજતા નથી?

### દુષ્કાળ જાહેર કરવાની પ્રબળ માંગ

અડધું ગુજરાત પાણી અને અનાજના ટીપે-ટીપા માટે તરસી રહ્યું છે ત્યારે સરકારે તુરંત જમીની હકીકત સમજીને કાગળ પરના દાવાઓ છોડી 'દુષ્કાળ' જાહેર કરવો જોઈએ. પ્રજાના નાણાંનો દુરુપયોગ બંધ કરીને ખેડૂતોને સીધી આર્થિક સહાય અને ઘાસચારાની વ્યવસ્થા કરવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે. જો શાસકો હજુ પણ સરકારી નાણાંથી પોતાના ઉત્સવો ઉજવવાનું બંધ નહીં કરે, તો આવનારા દિવસોમાં જનતાનો આક્રોશ રોડ પર જોવા મળશે.

# લાઈમેટ રિસ્કમાં અમદાવાદ આખા વિશ્વમાં સૌથી જોખમી! 72 શહેરોના વૈશ્વિક રેન્કિંગમાં પ્રથમ ક્રમે આવતા લાલબત્તી

પૂર, અસહ્ય ગરમી અને દુષ્કાળ સામે શહેરની તૈયારીઓ તળિયાઝાટક: હૈદરાબાદ પણ બીજા ક્રમે, જ્યારે શિકાગો વિશ્વનું સૌથી વધુ ક્લાઈમેટ-રેઝિલિયન્ટ શહેર બન્યું

વિશ્વભરમાં ઝડપથી બદલાઈ રહેલા હવામાન અને આબોહવા પરિવર્તન (Climate Change) ની વિનાશક અસરો વચ્ચે અમદાવાદ શહેર માટે એક અત્યંત ચોંકાવનારો અને ચિંતાજનક આંતરરાષ્ટ્રીય રિપોર્ટ સામે આવ્યો છે. વિશ્વના ૭૨ મુખ્ય શહેરોના વૈશ્વિક ક્લાઈમેટ રિસ્ક રેન્કિંગ (Global Climate Risk Ranking) માં અમદાવાદ શહેર સૌથી વધુ જોખમી એટલે કે પ્રથમ ક્રમે જાહેર થયું છે. આ આકલન દર્શાવે છે કે આવનારા સમયમાં અમદાવાદ કુદરતી આપદાઓ સામે અત્યંત નબળું અને અસુરક્ષિત સાબિત થઈ શકે છે.

### કયા આધારે થયું આકલન? કેમ અમદાવાદ સૌથી વધુ જોખમી?

આ વૈશ્વિક અભ્યાસમાં મુખ્યત્વે ત્રણ પાયાના મુદ્દાઓને ધ્યાને લેવામાં આવ્યા હતા:

હવામાનના આત્યંતિક જોખમો: અચાનક આવતું પૂર (Flash Floods), રેકોર્ડબ્રેક કાળઝાળ ગરમી (Heatwaves), અને સતત વધતો જતો દુષ્કાળનો ભય.

શહેરની તૈયારીઓ (Climate Resilience): આફતો સામે લડવા અને તેને પહોંચી વળવા માટે સ્થાનિક તંત્ર તથા ઈન્ફ્રાસ્ટ્રક્ચર કેટલું સજ્જ છે. પર્યાવરણીય વ્યવસ્થાપન: ગ્રીન કવરની ઘટતી સંખ્યા અને બેફામ સિમેન્ટ-કોંક્રિટનું જંગલ.

રિપોર્ટ મુજબ, અમદાવાદમાં ભલે સ્માર્ટ સિટીના દાવાઓ કરવામાં આવતા હોય, પરંતુ વાસ્તવિકતા એ છે કે અતિશય ગરમી અને ચોમાસામાં ભરાતા પાણીના નિકાલ માટેની સિસ્ટમ ક્લાઈમેટ ચેન્જના પડકારો સામે તદ્દન અપૂરતી છે.

ભારતના બે મુખ્ય શહેરો ટોપ-૨ માં: હૈદરાબાદ બીજા નંબરે

માત્ર અમદાવાદ જ નહીં, પરંતુ ભારતનું અન્ય એક મોટું મેટ્રો સિટી હૈદરાબાદ પણ આ યાદીમાં સૌથી ઓછા ક્લાઈમેટ-રેઝિલિયન્ટ એટલે કે જોખમી શહેરોમાં બીજા ક્રમે આવ્યું છે. આ આંકડા સાબિત કરે છે કે ભારતના વિરાટ શહેરો આર્થિક અને ભૌતિક વિકાસની આંધળી દોડમાં પર્યાવરણીય સુરક્ષા અને કુદરતી આફતો સામેની તૈયારીઓ ભૂલી ચૂક્યા છે.

શિકાગો વિશ્વનું સૌથી સલામત શહેર

એક તરફ અમદાવાદ અને હૈદરાબાદ જેવા ભારતીય શહેરો ક્લાઈમેટ રિસ્કમાં સૌથી આગળ છે, તો બીજી તરફ અમેરિકાનું શિકાગો શહેર વિશ્વનું સૌથી વધુ 'ક્લાઈમેટ-રેઝિલિયન્ટ' (આબોહવા પરિવર્તન સામે સૌથી વધુ સક્ષમ અને સુરક્ષિત) શહેર જાહેર થયું છે. શિકાગોએ પોતાની અર્બન પ્લાનિંગ, પર્યાવરણ જતન અને આપદા વ્યવસ્થાપનમાં ઉત્કૃષ્ટ કામગીરી કરીને આ સિદ્ધિ મેળવી છે.

### અમદાવાદ મનપા અને તંત્ર માટે ચેતવણીરૂપ લાલબત્તી

આંતરરાષ્ટ્રીય સ્તરે અમદાવાદનું આ પ્રકારે પ્રથમ ક્રમે આવવું એ સ્થાનિક વહીવટી તંત્ર, અમદાવાદ મહાનગરપાલિકા (AMC) અને રાજ્ય સરકાર માટે એક મોટો આંચકો છે. જો અત્યારથી જ પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ બનીને વૃક્ષારોપણ, વોટર મેનેજમેન્ટ અને ગ્રીન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર નક્કર કામગીરી કરવામાં નહીં આવે, તો આવનારા વર્ષોમાં અસહ્ય ગરમી અને પૂરની સ્થિતિ અમદાવાદના નાગરિકો માટે જીવલેણ નીવડશે.

## સેટેલાઇટ તસવીરોમાં દેશમાંથી 90% વાદળો ગુમ

IMDની નવી સેટેલાઈટ તસવીરોમાં ભારતના 90% ભાગમાંથી વાદળો ગુમ થઈ ગયા છે. ખાસ કરીને ઉત્તર-પશ્ચિમ અને મધ્ય ભારતમાં વાદળોની કમી વધુ દેખાઈ રહી છે. હવામાન નિષ્ણાતોના મતે, આ ચોમાસાની ગતિ નબળી પડવાનો સંકેત છે. જોકે, ચોમાસાની સત્તાવાર વિદાય હજુ શરૂ થઈ નથી. વાદળોમાં આ ઘટાડાને અલ નીનોની અસરથી હવામાનમાં થઈ રહેલા મોટા ફેરફારો સાથે જોડીને જોવામાં આવી રહ્યું છે. બિહારમાં ગંગા, કોસી, ગંડક, બૂઢી ગંડક, પુનપુન અને બાગમતી નદીઓના ઉછાળાને કારણે પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. રાજ્યના 13 જિલ્લાઓમાં 27 લાખ લોકો પૂરથી પ્રભાવિત છે. પૂરને કારણે અત્યાર સુધીમાં 20 થી વધુ લોકોના મોત થયા છે. ઉત્તરાખંડમાં છેલ્લા એક અઠવાડિયાથી છૂટોછવાયો વરસાદ ચાલુ છે. ઉત્તરકાશીમાં ભૂસ્ખલનને કારણે મનેરી-ભટવાડી હાઈવે પર વાહનવ્યવહાર પ્રભાવિત થયો. જ્યારે, હિમાચલમાં શિમલા-કિન્નૌર નેશનલ હાઈવે-5 પર આજે સવારે લગભગ 5 વાગ્યે ભારે ભૂસ્ખલન થયું.

# તેલંગાણા વિધાનસભામાં સ્પીકર રડી પડ્યા

તેલંગાણા વિધાનસભાના સ્પીકર ગદ્દમ પ્રસાદ મંગળવારે ગૃહમાં ભાવુક થઈને રડી પડ્યા. આ ઘટના ત્યારે બની જ્યારે મંત્રી સીતાક્કાએ MLC ટાટા મધુ દ્વારા સ્પીકરની દિવંગત માતા વિશે કરવામાં આવેલી અપમાનજનક ટિપ્પણીઓની નિંદા કરી. જોકે, આ સમગ્ર ઘટનાક્રમ પર ગદ્દમે કહ્યું કે MLC ટાટા મધુની ટિપ્પણીઓ દુઃખદ છે. સીતાક્કા છેલ્લા 5 વર્ષથી મને રાખડી બાંધી રહી છે. જ્યારે વિધાનસભામાં સીતાક્કાની આંખોમાંથી આંસુ વહી રહ્યા હતા, ત્યારે મને ખૂબ દુઃખ થયું. અજાણતા જ મારી આંખોમાંથી પણ આંસુ નીકળી પડ્યા. અમે મધુની ટિપ્પણીઓ પર વિધાનસભામાં એક પ્રસ્તાવ પસાર કરીશું અને તેને કાઉન્સિલ (પરિષદ) ને મોકલીશું. મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ સ્પીકરના અપમાનની નિંદા કરી અને તેને 'તેલંગાણા માટે કાળો દિવસ' ગણાવ્યો. જોકે, ટાટા મધુએ આવું કોઈ નિવેદન આપવાનો ઈનકાર કર્યો છે. મુખ્યમંત્રીએ કહ્યું, "આ તેલંગાણા માટે કાળો દિવસ છે અને 4 કરોડ લોકોનું અપમાન છે. ગઈકાલે ભારત રાષ્ટ્ર સમિતિ લેજિસ્લેચર પાર્ટીની બેઠક થઈ હતી. તેમના નેતાએ તેમને આ રીતે વર્તવા ઉશ્કેર્યા અને અહીં મોકલ્યા. તેમણે પોલીસ વ્યવસ્થા પર હુમલો કર્યો અને આજે સ્પીકર વિરુદ્ધ આવી અયોગ્ય ભાષાનો ઉપયોગ કરીને તેમનું અપમાન કર્યું."

# અમદાવાદની ઐતિહાસિક ગાથા: ઈતિહાસના પાને અંકિત અમર ઘટનાઓ

ગુજરાતની ધરતી પર અનેક શહેરોએ પોતાના ઈતિહાસ, સંસ્કૃતિ, પરંપરા અને વિકાસથી આગવી ઓળખ ઊભી કરી છે, પરંતુ અમદાવાદનું સ્થાન તેમાં વિશિષ્ટ છે. સાબરમતી નદીના કિનારે વસેલું અમદાવાદ માત્ર એક શહેર નથી; તે ગુજરાતના ઈતિહાસ, સ્વાતંત્ર્યસંગ્રામ, વેપાર, ઉદ્યોગ, સ્થાપત્ય, શિક્ષણ અને સાંસ્કૃતિક વારસાનું જીવંત પ્રતીક છે. સદીઓથી બદલાતા સમય સાથે આ શહેરે અનેક ઐતિહાસિક ઘટનાઓને પોતાની આંખે જોઈ છે અને દરેક યુગે અમદાવાદની ઓળખને વધુ સમૃદ્ધ બનાવી છે.

સ્થાપનાથી શરૂ થયેલી ઐતિહાસિક સફર

અમદાવાદની સ્થાપના ઈ.સ. ૧૪૧૧માં ગુજરાતના સુલતાન અહમદશાહ પ્રથમ દ્વારા કરવામાં આવી હતી. સાબરમતી નદીના કિનારે નવા શહેરની સ્થાપના સાથે અમદાવાદ ધીમે ધીમે ગુજરાતના રાજકીય અને વેપારી જીવનનું મહત્વનું કેન્દ્ર બન્યું. ભદ્ર કિલ્લો, ભદ્રકાળી મંદિર, ત્રણ દરવાજા અને જૂના શહેરના અનેક ઐતિહાસિક અવશેષો અમદાવાદના પ્રાચીન વૈભવની સાક્ષી આપે છે.

શહેરના નામ અંગે વિવિધ લોકમાન્યતાઓ પ્રચલિત છે, પરંતુ ઐતિહાસિક રીતે તેના સ્થાપક તરીકે સુલતાન અહમદશાહ પ્રથમનું વિશેષ સ્થાન છે. તેમના સમયમાં શહેરે આયોજનબદ્ધ વિકાસની દિશામાં પગલાં ભર્યાં અને આગળ જતાં અમદાવાદ ગુજરાતના મહત્વપૂર્ણ શહેરોમાં સ્થાન પામ્યું.

ભદ્ર કિલ્લાથી પોળોની સંસ્કૃતિ સુધી

અમદાવાદની ઓળખ તેના ઐતિહાસિક સ્થાપત્ય વિના અધૂરી છે. જૂના શહેરની પોળો આજે પણ ભૂતકાળની જીવનશૈલીને જીવંત રાખે છે. સાંકડી શેરીઓ, લાકડાની કોતરણીવાળા મકાનો, ચબૂતરા, પરંપરાગત હવેલીઓ અને એકબીજાની નજીક વસેલા પરિવારો અમદાવાદની અનોખી સામાજિક સંસ્કૃતિનું પ્રતિબિંબ છે.

પોળોની રચના માત્ર રહેઠાણ માટે નહોતી. તેમાં સામાજિક એકતા, પરસ્પર સહકાર અને સુરક્ષાની ભાવના પણ જોડાયેલી હતી. આજના આધુનિક યુગમાં પણ જૂના અમદાવાદની પોળો શહેરના સાંસ્કૃતિક વારસાની અમૂલ્ય



ધરોહર બની રહી છે.

વેપાર અને ઉદ્યોગનું વિકસતું કેન્દ્ર

સમય જતાં અમદાવાદ વેપાર અને ઉદ્યોગનું મહત્વનું કેન્દ્ર બન્યું. ખાસ કરીને કાપડ ઉદ્યોગના વિકાસને કારણે શહેરને 'મેન્ચેસ્ટર ઑફ ઈન્ડિયા' તરીકે ઓળખવામાં આવતું હતું. કાપડની મિલોએ માત્ર આર્થિક વિકાસને વેગ આપ્યો નહીં, પરંતુ હજારો પરિવારોને રોજગારીની તકો પણ પૂરી પાડી.

ઉદ્યોગપતિઓ, વેપારીઓ અને સમાજસેવકોના યોગદાનથી અમદાવાદમાં શિક્ષણ, આરોગ્ય, કલા અને સામાજિક સંસ્થાઓનો પણ વિકાસ થયો. શહેરના વિકાસમાં અનેક ઉદ્યોગપતિ પરિવારો અને સંસ્થાઓએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

સ્વાતંત્ર્યસંગ્રામમાં અમદાવાદનું ઐતિહાસિક સ્થાન

ભારતના સ્વાતંત્ર્યસંગ્રામના ઈતિહાસમાં અમદાવાદનું સ્થાન અત્યંત મહત્વપૂર્ણ છે. મહાત્મા ગાંધી ઈ.સ. ૧૯૧૫માં દક્ષિણ આફ્રિકાથી ભારત પરત આવ્યા બાદ અમદાવાદ આવ્યા અને અહીં કોચરબ આશ્રમની સ્થાપના કરી. ત્યારબાદ સાબરમતી આશ્રમ સ્વાતંત્ર્ય ચળવળનું એક મહત્વપૂર્ણ કેન્દ્ર બન્યું.

સાબરમતી આશ્રમમાંથી મહાત્મા ગાંધીજીએ સત્ય, અહિંસા, સ્વદેશી અને આત્મનિર્ભરતાનો સંદેશ સમગ્ર દેશ સુધી પહોંચાડ્યો. ઈ.સ. ૧૯૩૦માં દાંડી કૂચ માટે ગાંધીજી સાબરમતી આશ્રમથી નીકળ્યા હતા. આ ઐતિહાસિક યાત્રાએ અંગ્રેજ શાસન સામેના સ્વાતંત્ર્યસંગ્રામને નવી દિશા આપી.

અમદાવાદની ધરતી પર ગાંધીજીના વિચારો અને આંદોલનોની અસર આજે પણ અનુભવાય છે. સાબરમતી આશ્રમ માત્ર એક ઐતિહાસિક સ્થળ નથી, પરંતુ ભારતની સ્વાતંત્ર્યચેતનાનું પવિત્ર પ્રતીક છે.

૧૯૧૮ની મિલ મજૂર ચળવળ

અમદાવાદના ઈતિહાસમાં ઈ.સ. ૧૯૧૮ની મિલ મજૂરોની હડતાળ પણ એક નોંધપાત્ર ઘટના છે. મિલ મજૂરોના પ્રશ્નો માટે મહાત્મા ગાંધીજીએ અહિંસક માર્ગ અપનાવ્યો હતો.

- રૂપેશ સોલંકી

# શારીરિક સંબંધ વખતે દુખાવો થાય છે? ગાયનેક ડૉ. રૂપલ શાહ પાસેથી જાણો તેનાં મુખ્ય કારણો અને અસરકારક ઉપાયો!

દાંપત્યજીવનમાં શારીરિક અને માનસિક ગાઢતા અત્યંત મહત્વપૂર્ણ ભાગ ભજવે છે. પરંતુ જ્યારે શારીરિક સંબંધ (સંભોગ) વખતે દુખાવો કે અસ્વસ્થતા અનુભવાય, ત્યારે તે માત્ર શારીરિક તકલીફ પૂરતી સીમિત નથી રહેતી, પણ દંપતી વચ્ચે માનસિક તણાવ, ચિંતા અને અંતર પણ ઊભું કરે છે. તબીબી ભાષામાં આ સમસ્યાને ડિસ્પેરેયુનિયા (Dyspareunia) કહેવામાં આવે છે. આ વિષય પર ખુલીને વાત કરવામાં આજે પણ અનેક મહિલાઓ સંકોચ અનુભવે છે. 'વામા વુમન વેલનેસ' અને 'રૂપલ હોસ્પિટલ'ના પ્રખ્યાત ગાયનેકોલોજિસ્ટ ડૉ. રૂપલ શાહ આ સમસ્યાના કારણો અને સોલ્યુશન અંગે માર્ગદર્શન આપી રહ્યા છે.

શારીરિક સંબંધ વખતે દુખાવો થવાના મુખ્ય કારણો

દુખાવાની સમસ્યા પાછળ અનેક શારીરિક અને માનસિક પરિબળો જવાબદાર હોઈ શકે છે: વેજાઈનલ ડ્રાયનેસ (યોનિમાર્ગમાં શુષ્કતા): ફોરપ્લેનો અભાવ, હોર્મોનલ ફેરફારો (જેમ કે ડિલિવરી પછી, સ્તનપાન કરાવતી વખતે અથવા મેનોપોઝ દરમિયાન) કેમિકલ આધારિત સાબુના ઉપયોગથી શુષ્કતા આવે છે, જે દુખાવાનું મુખ્ય કારણ બને છે. ઈન્ફેક્શન (ચેપ): યોનિમાર્ગ કે પેશાબની નળીમાં ફંગલ અથવા બેક્ટેરિયલ ઈન્ફેક્શન (UTI) હોવાને કારણે સંબંધ બાંધતી વખતે બળતરા અને તીવ્ર દુખાવો થાય છે. વેજિનિસમસ (Vaginismus): આ એક એવી પરિસ્થિતિ છે જેમાં માનસિક ડર અથવા અજાણતા જ યોનિમાર્ગના સ્નાયુઓ આપોઆપ સંકોચાઈ જાય છે, જેના કારણે પ્રવેશ અશક્ય કે ખૂબ દર્દનાક બને છે.

ગાયનેકોલોજિકલ સમસ્યાઓ: એન્ડોમેટ્રિઓસિસ (Endometriosis), પેલ્વિક ઈન્ફ્લેમેટરી ડિસીઝ (PID), ફાઈબ્રોઈડ્સ કે અંડાશયમાં સિસ્ટ (Cyst) હોવાને કારણે પણ ઊંડાણપૂર્વકનો દુખાવો થઈ શકે છે.

માનસિક તણાવ કે ડર: ભૂતકાળનો કોઈ ખરાબ અનુભવ, યોગ્ય માહિતીનો અભાવ કે મનમાં રહેલો ડર સ્નાયુઓને ખ ખેંચી રાખે છે. દુખાવાથી મુક્તિ મેળવવા માટેના સરળ અને અસરકારક ઉપાયો ડૉ. રૂપલ શાહના જણાવ્યા મુજબ, યોગ્ય માર્ગદર્શન અને સારવારથી આ સમસ્યામાંથી સંપૂર્ણપણે મુક્તિ મેળવી શકાય છે:

વોટર-બેઝ્ડ લ્યુબ્રિકન્ટ્સ (Water-based Lubricants) નો ઉપયોગ: શુષ્કતા દૂર કરવા માટે ડૉક્ટરની સલાહ મુજબ યોગ્ય વોટર-બેઝ્ડ લ્યુબ્રિકન્ટનો ઉપયોગ કરવો જોઈએ.




## કેમિકલથી ઝેર પીરસતો કાળો કારોબાર ઝબ્બે!

# ભાવનગર લઠ્ઠાકાંડ બાદ મોરબીમાં નકલી દારૂ બનાવવાની ફેક્ટરીનો પર્દાફાશ

### LCB એ રૂ. 20.75 લાખના મુદ્દામાલ સાથે 5 કૌભાંડીઓને જેલભેગા કર્યા, મુખ્ય સૂત્રધાર અજયસિંહ જાડેજા ફરાર!



**ભાવનગર**

ભાવનગર જિલ્લાના ખરકડી ગામે નકલી દારૂ પીવાથી થયેલા દુઃખદ લઠ્ઠાકાંડ બાદ આખા રાજ્યમાં પોલીસ તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) અને સ્થાનિક પોલીસ દ્વારા રાજ્યવ્યાપી કડક ચેકિંગ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. તેના જ ભાગરૂપે મોરબી એલસીબી (LCB) અને સ્થાનિક પોલીસે સંયુક્ત ઓપરેશન પાર પાડીને મોરબીના મોટા દહીંસરા ગામમાંથી નકલી વિદેશી દારૂ બનાવવાની આખી ફેક્ટરી જ ઝડપી પાડી છે. ઝેરી કેમિકલ અને એસેન્સ વાપરીને લોકોના જીવ સાથે ખેલ ખેલતા આ નેટવર્કનો પર્દાફાશ થતા બૂટલેગરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે નકલી દારૂને અસલી અને પરપ્રાંતનો બતાવવા માટે કૌભાંડીઓ ગ્રાહકો તેમ જ પોલીસને છેતરવા બોટલો પર 'Just for sale in Punjab' (જસ્ટ ફોર સેલ ઈન પંજાબ) લખેલા નકલી સ્ટીકરો અને QR/બારકોડ મારતા હતા. આ નકલી દારૂ બનાવવાની ખાલી કાચની બોટલો, વિવિધ બ્રાન્ડેડ કંપનીના બુચ અને નકલી લેબલો ખાસ કરીને રાજસ્થાનથી સપ્લાય કરવામાં આવતા હતા. પોલીસે ઘટનાસ્થળેથી કેમિકલ, નકલી દારૂ, બોટલો, રોકડ રકમ અને કાર સહિત કુલ રૂ. 20,75,444 નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. સ્થળ પરથી ધરપકડ કરાયેલા આરોપીઓના નામ નીચે મુજબ છે. મહેશ ઉર્ફે મુન્નો કાનજીયા (ઉંમર 42), કર્મરાજસિંહ ઝાલા (ઉંમર 26), રામદેવસિંહ ઝાલા (ઉંમર 38), વિકી ઉર્ફે કાનો સિંઢવ (ઉંમર 25), વિક્રમ ધંધુકિયા (ઉંમર 25). આ કૌભાંડનો મુખ્ય સૂત્રધાર અજયસિંહ જાડેજા દરોડા દરમિયાન ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો, જેને ઝડપી પાડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

નકલી વ્હિસ્કી: 276 સીલબંધ નકલી બ્લેન્ડર્સ પ્રાઈડ વ્હિસ્કીની બોટલો (કિંમત રૂ. 3.05 લાખ). તૈયાર નકલી દારૂ: 175 લીટર ખુલ્લો બનાવેલો નકલી દારૂ (કિંમત રૂ. 2.59 લાખ). 400 લીટર આલ્કોહોલ જેવું કેમિકલ સોલ્યુશન (200 લીટરના બે બેરલ). 1,224 ખાલી કાચની બોટલો, બ્રાન્ડેડ બુચ અને નકલી QR/બારકોડ સ્ટીકરો. ભાવનગર લઠ્ઠાકાંડ બાદ મોરબી, કચ્છ અને અમદાવાદના સરખેજ જેવા વિસ્તારોમાંથી પકડાયેલા આ નકલી દારૂના નેટવર્કે સાબિત કર્યું છે કે બૂટલેગરો કમાણી માટે જનતાના જીવ સાથે રમત રમી રહ્યા છે. પોલીસે હાલ તમામ આરોપીઓ સામે ગુનો નોંધીને આ દારૂ ક્યાં-ક્યાં સપ્લાય થવાનો હતો તે દિશામાં સઘન તપાસ શરૂ કરી છે.

---

**હાડભોઈ પ્રશાખા નહેર (સાંકળ 2717 મી.) ખાતે ઝાડી-ઝાંખરાંનો ખડકલો**

## ડભોઇ માઇનોર કેનાલમાં જંગલી વનસ્પતિનું સામ્રાજ્ય: સિંચાઈ વિભાગની ઘોર બેદરકારીથી ખેડૂતોનું ભવિષ્ય ધુંધળું!

**ડભોઇ**

ડભોઇ પંથકમાંથી પસાર થતી ખેડૂતો માટે અતિ મહત્વની ગણાતી 'ડભોઇ પ્રશાખા નહેર' (Dabhoi Minor Canal - સાંકળ ૨૭૧૭ મી.) માં સરકારી તંત્ર અને સિંચાઈ વિભાગની નીતિવિષયક બેદરકારીનો પરદો ખુલ્લો પડ્યો છે. કેનાલ અને તેની આસપાસના વિસ્તારોમાં યોગ્ય જાળવણી અને સાફ-સફાઈના અભાવે જંગલી વનસ્પતિ અને ઝાડી-ઝાંખરાંનું ભયાનક સામ્રાજ્ય છવાઈ ગયું છે. નહેરના કિનારેથી લઈને તેના ઓળખ બોર્ડ (Signboards) સુધી જંગલી વેલાઓ ફરી વળતા કેનાલનું અસ્તિત્વ જ અસ્પષ્ટ બની ગયું છે.



કેનાલમાં અને તેના કાંઠે ઉગી નીકળેલી આ ગીચ વનસ્પતિને કારણે પાણીના કુદરતી પ્રવાહમાં મોટો અવરોધ ઊભો થયો છે. જો સમયસર સફાઈ કરવામાં નહીં આવે તો કેનાલમાં કચરો ભરાઈ જવાથી પાણી આગળ વધતું અટકી જશે. ખેતીની ચાલુ સિઝન અને ચોમાસાના સમયગાળા દરમિયાન જો છેવાડાના ખેતરો સુધી પાણી નહીં પહોંચે, તો વાવણી નિષ્ફળ જવાની અને ખેડૂતોને કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવશે.

સરકાર સિંચાઈ માટે કરોડોના બજેટની ગુલબાંગો પોકારે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે ડભોઇ માઇનોર કેનાલની મરામત કે સફાઈ માટે સિંચાઈ વિભાગના અધિકારીઓ ડોકિયું કરવા પણ તૈયાર નથી. જંગલી ઝાડીઓ એટલી હદે વધી ગઈ છે કે રાહદારીઓ અને ઝાડપાન વચ્ચેથી પસાર થતાં ખેડૂતો માટે ઝેરી જીવજંતુઓનો ભય પણ વધી ગયો છે.

સ્થાનિક ખેડૂતો અને ગ્રામજનોએ એકસૂરે માગ કરી છે કે સિંચાઈ વિભાગ કોઈ મોટી હોનારત કે પાક સુકાવાની સ્થિતિ ઊભી થાય તે પહેલાં તુરંત જાગે. ડભોઇ માઇનોર કેનાલ (સાંકળ ૨૭૧૭ મી.) ની આસપાસ ઉગી નીકળેલા ઝાડી-ઝાંખરા દૂર કરી, કેનાલની યોગ્ય મરામત અને ઊંડી સાફ-સફાઈ હાથ ધરવામાં આવે જેથી ખેડૂતોના ખેતર સુધી સિંચાઈનું પાણી સીમલેસ પહોંચી શકે.

---

## નડિયાદમાં મનપાની તવાઈ: 'સુપર બેકર્સ'ની દુકાન અને ગોડાઉન સીલ... ગુણવત્તા,લોગો,સ્ટીકર અને તારીખ વગરના 500થી વધુ પાંઉના પેકેટ જપ્ત કરાયા

**નડિયાદ**

નડિયાદ શહેરમા નાગરિકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરતા અસામાજિક અને બેદરકાર વેપારીઓ સામે નડિયાદ મહાનગરપાલિકાના ફૂડ વિભાગે લાલ આંખ કરી છે. નડિયાદના ચકલાસી ભાગોળ વિસ્તારમાં આવેલી પ્રખ્યાત 'સુપર બેકર્સ' નામની પેઢી પર મનપાની ટીમે અચાનક દરોડો પાડીને મોટી કાર્યવાહી હાથ ધરી છે. તંત્રની આ સરપ્રાઈઝ ચેકિંગથી ભે ભેળસેળિયા અને નિયમો ઘોળીને પીજનાર વેપારીઓમાં ભારે દોડધામ મચી ગઈ હતી.

તપાસ દરમિયાન ફૂડ વિભાગની ટીમને સુપર બેકર્સની દુકાન તેમજ તેના ગોડાઉનમાંથી મોટા પ્રમાણમાં અનિયમિતતાઓ જોવા મળી હતી. પેકિંગ પર ન તો ઉત્પાદનની તારીખ હતી, ન તો એક્સપાયરી ડેટ, કે ન તો કોઈ પણ પ્રકારનો એફએસએસએઆઈ (FSSAI) નો લોગો કે સ્ટીકર. કોઈપણ ગુણવત્તાના સર્ટિફિકેશન વગર સીધા જ જનતાના પેટમાં પધરાવી દેવાના કાળા કારોબારનો ખુલાસો થયો છે. મનપાની ટીમે સ્થળ પરથી જ 500થી વધુ શંકાસ્પદ અને બિનઆરોગ્યપ્રદ પાંઉના પેકેટોનો જથ્થો જપ્ત કરી લીધો છે.

અધિકારીઓએ સ્થળ પરની ગંદકી અને ખરાબ સ્થિતિ જોઈને તુરંત જ 'સુપર બેકર્સ'ની દુકાન અને તેના ગોડાઉન બંનેને સીલ મારી દીધા છે.

---

**સ્ટેચ્યુ ઓફ યુનિટી મુખ્ય માર્ગ પર જીવલેણ નાળું!**

## નર્મદા કેનાલના પુલિયા પર બહાર નીકળેલા લોખંડના સળિયા વહારે છે મોતને આમંત્રણ

**ડભોઇ**

વિશ્વવિખ્યાત પ્રવાસન સ્થળ સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતા અત્યંત વ્યસ્ત અને મહત્વપૂર્ણ એવા ડભોઇ-કેવડિયા માર્ગ પર સરકારી તંત્રની ઘોર બેદરકારી અને નિષ્ક્રિયતાનો સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે. ડભોઇના નાદોદી ભાગોળ સ્થિત ચોતરીયા પીર દરગાહ નજીકથી પસાર થતી નર્મદા કેનાલ પર આવેલા નાળા (પુલિયા) ની હાલત અત્યંત બદતર અને જીવલેણ બની ચૂકી છે. પુલિયાનો સ્લેબ તૂટી જતાં રસ્તા વચ્ચે મોટા ગાબડાં પડી ગયા છે અને અંદરથી તીક્ષ્ણ તથા અણીદાર લોખંડના સળિયા બહાર આવી ગયા છે. ૨૪ કલાક ધમધમતા આ મુખ્ય માર્ગ પરથી પસાર થતાં હજારો વાહનચાલકો અને પ્રવાસીઓના શીરે અકસ્માતનો મોટો ખતરો તોળાઈ રહ્યો છે. પુલિયા પરથી બહાર નીકળેલા તીક્ષ્ણ લોખંડના સળિયા રસ્તા પરથી પસાર થતાં વાહનોના ટાયરોમાં ખૂંપી રહ્યા છે, જેના કારણે અવારનવાર ગાડીઓના ટાયર ફાટવા અને પંચર થવાના બનાવો બની રહ્યા છે. રસ્તા વચ્ચેના આ અણીદાર



સળિયા અને ઊંડા ખાડાઓથી બચવાના ચક્કરમાં વાહનચાલકો અચાનક બ્રેક મારે છે, જેના લીધે પાછળ આવતા વાહનો ધડાકાભેર અથડાય છે. રાત્રિના સમયે યોગ્ય સ્ટ્રીટ લાઈટના અભાવે આ અદ્રશ્ય મોત સમાન સળિયા દેખાતા નથી, જેથી રોજ નાના-મોટા અકસ્માતો સર્જાઈ રહ્યા છે.

આ માર્ગ સીધો સ્ટેચ્યુ ઓફ યુનિટી (SOU) તરફ જતો હોવાથી દેશ-વિદેશના હજારો પ્રવાસીઓ, વીઆઈપી કોન્વોય, એસ.ટી. બસો અને ભારે માલવાહક વાહનોની સતત અવરજવર રહે છે. ગ્લોબલ ટૂરિઝમ મેપ પર ચમકતા આ રૂટ પર રસ્તાની આવી બદતર હાલતથી પ્રવાસીઓમાં તંત્ર સામે ભારે રોષ અને શરમજનક સ્થિતિ ઊભી થઈ રહી છે.

સૌથી શરમજનક બાબત તો એ છે કે માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ હાઈવે) ના ઉચ્ચ અધિકારીઓ અને નેતાઓ અવારનવાર આ જ માર્ગ પરથી પોતાની આરામદાયક ગાડીઓમાં પસાર થાય છે. તેમની આંખ સામે જ રહેલા આ જીવલેણ ખાડા અને બહાર નીકળેલા લોખંડના સળિયા કેમ નજરે નથી ચડતા તે એક મોટો સવાલ છે.

---

## વડોદરામાં પ્રધાનમંત્રીના હસ્તે નવી ટ્રેન સેવાનો પ્રારંભ, છોટાઉદેપુરમાં ઉજવણીનો માહોલ

### વડોદરામાં આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ₹35 હજાર કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ

**છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા**

આ પ્રસંગે વડોદરા અને મધ્યપ્રદેશના ટાંડા રોડ વચ્ચે નવી પેસેન્જર ટ્રેન સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સાથે જ છોટાઉદેપુર-ધાર રેલવે પ્રોજેક્ટના ભાગરૂપે જોબટ-ટાંડા રોડ નવી રેલવે લાઈન પણ રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવી છે. આ નવી રેલવે કનેક્ટિવિટી ગુજરાત અને મધ્યપ્રદેશના આદિવાસી વિસ્તારોને રાષ્ટ્રીય રેલ નેટવર્ક સાથે જોડવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

આ ઐતિહાસિક પ્રસંગને લઈને છોટાઉદેપુર રેલવે સ્ટેશન ખાતે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જિલ્લા પંચાયત પ્રમુખ ઉપેન્દ્ર રાઠવા, લોકસભા સાંસદ જશુભાઈ રાઠવા, રાજ્યસભા સાંસદ મુકેશભાઈ રાઠવા, છોટાઉદેપુરના



ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવા, પૂર્વ રેલ રાજ્યમંત્રી નારણ રાઠવા સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. નવી ટ્રેન સેવા શરૂ થતાં છોટાઉદેપુર સહિત સમગ્ર આદિવાસી પટ્ટામાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. ગુજરાત અને મધ્યપ્રદેશના આદિવાસી વિસ્તારોને સીધી અને વધુ સુગમ રેલવે કનેક્ટિવિટી મળતાં શિક્ષણ, રોજગાર, વેપાર અને આવાગમનની નવી તકો ઊભી થવાની આશા વ્યક્ત કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત આગેવાનોએ આ મહત્વપૂર્ણ રેલવે સેવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર વ્યક્ત કર્યો હતો અને છોટાઉદેપુર તથા મધ્યપ્રદેશના આદિવાસી વિસ્તાર માટે આ દિવસને વિકાસની નવી કડી તરીકે ગણાવ્યો હતો.

---

**કોસંબા-તરસાડીથી ખરચ માર્ગની અત્યંત બિસ્માર હાલત!**

## મોટી કંપનીઓ અને ઔદ્યોગિક વિસ્તાર વચ્ચેનો રસ્તો બન્યો ખાડાઓનો અડ્ડો!!

**સુરત**

સુરત અને ભરૂચ જિલ્લાને જોડતા તથા ઔદ્યોગિક દ્રષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ ગણાતા સુરત-હાંસોટ રોડ પર આવેલ કોસંબા-તરસાડીથી ખરચ તરફનો માર્ગ હાલમાં વાહનચાલકો માટે 'મરણતોલ રસ્તો' બની ગયો છે. આ વિસ્તારમાં પીજીપી ગ્લાસ, પ્રગતિ ગ્લાસ અને બિરલા સેલ્યુલોઝ જેવી દેશ-વિદેશની મલ્ટીનેશનલ કંપનીઓ અને ઔદ્યોગિક એકમો આવેલા છે. દૈનિક કરોડો રૂપિયાનું ટર્નઓવર આપતા આ ઔદ્યોગિક વિસ્તારના મુખ્ય રસ્તા પર પડેલા મસમોટા ખાડાઓએ માર્ગ અને મકાન વિભાગ (R&B) ની પોલ ખોલી નાખી છે. આ માર્ગ પરથી દરરોજ હજારોની સંખ્યામાં શ્રમિકો, સામાન્ય વાહનચાલકો, અને રોજના સેંકડો ભારે માલવાહક કન્ટેનરો તથા ટ્રકો પસાર થાય છે. રસ્તા વચ્ચે પડેલા ઊંડા ખાડાઓને કારણે વાહનોના ટાયર, સસ્પેન્શન અને કિંમતી સાધનોને ભારે નુકસાન પહોંચી રહ્યું છે. રાત્રિના સમયે ચોમાસા કે અંધારામાં આ ખાડાઓ દેખાતા નથી, જેના લીધે અવારનવાર બાઈકચાલકો સ્લિપ થઈને ગંભીર રીતે ઈજાગ્રસ્ત બને છે. એક તરફ મોડેલ ગુજરાત અને વાઈબ્રન્ટ ગુજરાતના મોટા-મોટા દાવાઓ થાય છે, ત્યારે આટલા મોટા ઔદ્યોગિક હબને જોડતા રોડની આ દશા કેમ? કંપનીઓ અને વાહનચાલકો સરકારને કરોડો રૂપિયાનો રોડ ટેક્સ અને રોયલ્ટી આપે છે, તો પછી તેમને મસમોટા ખાડા જ કેમ મળી રહ્યા છે? વર્ષોથી બિસ્માર બનેલા આ રસ્તાનું યોગ્ય અને કાયમી સમારકામ આખરે ક્યારે થશે અને આ જવાબદારી કોણ લેશે? સ્થાનિક રહીશો, કામદારો અને વેપારીઓમાં માર્ગ અને મકાન વિભાગના નિંભર અધિકારીઓ સામે ભારે આક્રોશ વ્યાપ્યો છે. જો તાત્કાલિક ધોરણે આ રસ્તાનું યોગ્ય પેચવર્ક કે નવો પેવર રોડ બનાવવામાં નહીં આવે, તો સ્થાનિકો અને વાહનચાલકો દ્વારા ચક્કાજામ કરીને ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે.

---

## ખેડા જિલ્લા પંચાયતનું મગરની ચામડી જેવું વહીવટી તંત્ર: સલૂન PHCમાં આયુષ્માન કાર્ડનું ઉઘાડું ઉઘરાણું, છતાં મોટા માથાઓ મૌન!

**શહેરા**

ગરીબો અને જરૂરિયાતમંદ દર્દીઓને મફત અને ગુણવત્તાયુક્ત સારવાર મળે તે માટે સરકારે આયુષ્માન ભારત યોજના અમલમાં મૂકી છે. પરંતુ ખેડા જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ હેઠળ આવતા સલૂન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) ખાતે આ યોજના હવે ભ્રષ્ટાચારીઓ માટે કમાણીનું સાધન બની ગઈ છે. સલૂન આરોગ્ય કેન્દ્રનો આયુષ્યમાન ઓપરેટર રૂ. 2500 ની રકમ વસૂલીને ગેરકાયદેસર રીતે આયુષ્યમાન કાર્ડ કાઢી આપતો હોવાનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આમ છતાં, આખા મામલા પર પદો બારમ્બાર ઢાંકવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

સરકારી યોજનાઓમાં આ પ્રકારે ગેરરીતિ અને બનાવટી કામગીરી કરવા બદલ સીધી જ પોલીસ ફરિયાદ અને ફોજદારી કાર્યવાહી (FIR) કરવાનો સ્પષ્ટ નિયમ છે. પરંતુ ખેડા જિલ્લા પંચાયતનું વહીવટી તંત્ર જાણે કે મગરની ચામડી પહેરીને બેઠું હોય તેમ તદ્દન નિષ્ક્રિય સાબિત થયું છે. કૌભાંડ સામે આવ્યાના દિવસો વીતી ગયા છતાં આરોગ્ય વિભાગે સંકળાયેલા તત્વો સામે કોઈ કડક પગલાં લીધા નથી. સ્થાનિક સ્તરે ચર્ચાઈ રહ્યું છે કે ઉપરથી લઈને નીચે સુધી ભ્રષ્ટાચારના કટકી-કમિશન પહોંચતા હોવાથી જ આ મોટા માથાઓ કાર્યવાહી કરવાથી બચી રહ્યા છે. આરોગ્ય વિભાગની આ શંકાસ્પદ ચુપકીદી સામે હવે સ્થાનિક લોકરોષ ચરમસીમાએ પહોંચ્યો છે. એક જાગૃત નાગરિક દ્વારા ખેડા જિલ્લા પંચાયત ખાતે સમગ્ર કૌભાંડ અંગે તમામ પુરાવા સાથે લેખિત અરજી રજૂ કરવામાં આવી છે.

---

**તાત્કાલિક સમારકામની ઉઠી માંગ**

## સુરતની કન્યા વિદ્યાલયની જર્જરિત હાલતથી ચિંતા: તૂટેલી છત-દિવાલો વચ્ચે વિદ્યાર્થીનીઓ ભણવા મજબૂર

**સુરત**

શહેરના પાંડેસરા વિસ્તારમાં આવેલી સંત શ્રી રઘુવરદાસ ગુરુ શ્રી ગંગાશરણદાસ કન્યા વિદ્યાલયની ઈમારતની જર્જરિત હાલતને લઈને વિદ્યાર્થીનીઓની સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. શાળાની છત, દિવાલો અને દરવાજાઓની હાલત અત્યંત ખરાબ હોવાનું સામે આવતા વાલીઓ અને સ્થાનિકોમાં ચિંતા જોવા મળી રહી છે. શાળાની કેટલીક જગ્યાએ છત પરથી પ્લાસ્ટર તૂટી પડવાની સ્થિતિ હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. દિવાલો પણ બિસ્માર હાલતમાં હોવાનું અને અનેક દરવાજા તૂટી ગયા હોવાનું સામે આવ્યું છે. આવી સ્થિતિમાં દરરોજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ અહીં અભ્યાસ માટે આવે છે, જેના કારણે વાલીઓમાં પણ તેમની સુરક્ષાને લઈને ફફડાટ ફેલાયો છે. સ્થાનિકોના કહેવા મુજબ, શાળાની ઈમારતની હાલત અંગે સમયસર યોગ્ય સમારકામ કરવામાં નહીં આવે તો કોઈ દુર્ઘટનાની શક્યતાને નકારી શકાય તેમ નથી. ખાસ કરીને વરસાદી




માહોલ અને જર્જરિત માળખાને કારણે જોખમ વધુ વધી શકે છે તેવી ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. એક તરફ સરકાર દ્વારા કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા અને શૈક્ષણિક માળખાકીય સુવિધાઓ મજબૂત બનાવવાના દાવા કરવામાં આવે છે, ત્યારે બીજી તરફ સુરતની આ કન્યા વિદ્યાલયની હાલત તંત્રની કામગીરી સામે સવાલો ઊભા કરી રહી છે. વાલીઓનો પ્રશ્ન છે કે દીકરીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ સાથે સુરક્ષિત વાતાવરણ ક્યારે મળશે? વાલીઓ અને સ્થાનિક રહીશોએ સુરત મહાનગરપાલિકાના શિક્ષણ વિભાગ તથા સંબંધિત તંત્ર પાસે તાત્કાલિક તપાસની માંગ કરી છે. જર્જરિત ભાગોનું વહેલી તકે સમારકામ કરવામાં આવે અથવા જરૂર જણાય તો વિદ્યાર્થીનીઓ માટે વૈકલ્પિક અને સુરક્ષિત વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ પણ ઉઠી છે. વિદ્યાર્થીનીઓની સુરક્ષા સાથે કોઈપણ પ્રકારનું જોખમ ન લેવાય અને કોઈ દુર્ઘટના સર્જાય તે પહેલાં જ તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાગ હવે વધુ પ્રબળ બની છે.

---

## માંડવીના દશરડી ગામના બહુચર્ચિત પ્રકરણમાં નવો વળાંક: પ્રેમલગ્ન કરનાર યુગલે વીડિયો જાહેર કરી ખોટા આક્ષેપો ફગાવ્યા

**કચ્છ**

કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના દશરડી ગામેથી હિન્દુ યુવક અને મુસ્લિમ યુવતીના ગુમ થવા કે ભાગી જવાના બનાવમાં હવે એક અત્યંત મહત્વનો અને નાટ્યાત્મક વળાંક સામે આવ્યો છે. અગાઉ આ મુદ્દે ભારે વિરોધ, વિવાદ અને પોલીસ ફરિયાદ સુધી વાત પહોંચી હતી, જેના કારણે સમગ્ર વિસ્તારમાં તંગદિલીનો માહોલ સર્જાયો હતો. જોકે, હવે આ પ્રેમી યુગલે સોશિયલ મીડિયાના માધ્યમથી એક વિશેષ વીડિયો જાહેર કરીને પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી છે.

જાહેર થયેલા વીડિયોમાં યુવક અને યુવતીએ સ્પષ્ટપણે દાવો કર્યો છે કે તેઓએ પોતાની પૂર્ણ મરજી અને રાજીખુશીથી પ્રેમલગ્ન કર્યા છે. બંનેએ પોતાની વિરુદ્ધ થઈ રહેલી વાતો અને અફવાઓ પર પૂર્ણવિરામ મૂકવાનો પ્રયાસ કર્યો છે. યુવતીએ પોતાના પરિવાર દ્વારા મૂકવામાં આવેલા ગંભીર આક્ષેપોને સખત શબ્દોમાં ફગાવી દીધા છે. તેણીએ વીડિયોમાં સ્પષ્ટતા કરી છે કે તે ઘર છોડીને નીકળી ત્યારે પરિવારના દાવા મુજબ કોઈપણ પ્રકારના સોના-ચાંદીના દાગીના કે રોકડ રકમ સાથે લઈને આવી નથી.

વીડિયો સંદેશના માધ્યમથી યુગલે પોતાના પરિવારજનો અને સ્થાનિક પોલીસ પ્રશાસનને વિનંતી કરી છે કે તેઓ બંનેના પ્રેમ અને લગ્નના નિર્ણયને સ્વીકારી લે. આ સાથે જ તેમણે અપીલ કરી છે કે તેમની સામે કોઈ પણ પ્રકારની ખોટી કે ખોટી રીતે ઉપજાવી કાઢેલી પોલીસ ફરિયાદ કરવામાં ન આવે.



### આ ફિલ્મમાં રણવીર સિંહ પણ જોવા મળશે

# અભિનેત્રી કલ્યાણી પ્રિયદર્શન પોતાની આગામી ફિલ્મ 'પ્રલય'ના શૂટિંગમાં વ્યસ્ત

મુંબઈ

બૉલીવુડના ધુરંધર અભિનેતા રણવીર સિંહ હાલમાં પોતાની આગામી ફિલ્મ 'પ્રલય'ના શૂટિંગમાં વ્યસ્ત છે. 'ધુરંધર' અને 'ધુરંધર 2: ધ રિવેન્જ'ની બ્લોકબસ્ટર સફળતા બાદ હવે અભિનેતા એકદમ અલગ અંદાજમાં દર્શકોનું મનોરંજન કરવા માટે તૈયાર છે. મુંબઈમાં ચાલી રહેલી ફિલ્મના શૂટિંગ દરમિયાન રણવીર સિંહનો લુક સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેને જોઈને ચાહકોને ફરી એકવાર 'ધુરંધર'ના હમઝા અલી મઝારીની યાદ આવી રહી છે. 'પ્રલય'ના સેટ પરથી સામે આવેલી તસવીરો અને વીડિયોમાં રણવીર સિંહ લાંબા વાળ અને લાંબી દાઢીવાળા લુકમાં જોવા મળી રહ્યા છે. તેના આ રફ અને ઈન્ટેન્સ અવતારે ચાહકોનું ધ્યાન ફરી એક વાર આકર્ષિત કર્યું છે. વાયરલ થયેલા એક વીડિયોમાં રણવીર એક એવા રસ્તા ઉપર પર ચાલતા જોવા મળે છે, કે જ્યાં ચોમેર વિનાશની ઝલક દેખાઈ રહી છે.

તેણે આગળ બેગ લટકાવેલી છે, જ્યારે તેમના ખભા પર એક બાળક પણ જોવા મળે છે. બીજી તરફ અભિનેત્રી કલ્યાણી પ્રિયદર્શન પણ આ રસ્તા પર જોવા મળે છે, જેમના ખભા પર બેગ છે. તે સ્થળનું વાતાવરણ પણ કોઈ મોટી આપત્તિ બાદની સ્થિતિ તરફ ઈશારો કરે છે. રણવીરના આ લુકની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યા છે. ચાહકો ખાસ કરીને તેમના લાંબા વાળ અને દાઢીવાળા અવતારને પસંદ કરી રહ્યા છે અને તેને 'ધુરંધર' સાથે સરખાવીને જોઈ રહ્યા છે.

રણવીર સિંહની 'પ્રલય' એક સર્વાઈવલ ઝોમ્બી થ્રિલર ફિલ્મ છે. ફિલ્મની વાર્તા એક ભયાનક મહામારી બાદ સર્જાયેલા વિનાશનો સામનો કરી રહેલા મુંબઈની આસપાસ કેન્દ્રિત છે. આ મહામારી બાદ શહેરમાં સર્જાયેલી અફરાતફરી અને જોખમ વચ્ચે એક કપલ પોતાના પરિવારને બચાવવા માટે કઈ રીતે સંઘર્ષ કરે છે તેની આસપાસ આ વાર્તા આકાર લે છે.

આ ફિલ્મ દ્વારા કલ્યાણી પ્રિયદર્શન હિન્દી સિનેમામાં પદાર્પણ કરી રહી છે. રણવીર સિંહ માત્ર ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા નથી, પરંતુ પોતાના બેનર 'મા કસમ ફિલ્મ્સ' હેઠળ ફિલ્મના કો-પ્રોડ્યુસર પણ છે. ફિલ્મનું દિગ્દર્શન જય મહેતા કરી રહ્યા છે.

**ફિલ્મનું દિગ્દર્શન જય મહેતા કરી રહ્યા છે**

# 11 વર્ષ જૂનો ડ્રેસ પહેરી છવાઈ નવ્યા નવેલી

### તાજેતરમાં પ્રખ્યાત ફેશન ડિઝાઈનર અબુ જાની-સંદીપ ખોસલાની પાર્ટીમાં નવ્યા એક અદભુત ગોલ્ડન મિની ડ્રેસમાં જોવા મળી હતી



મુંબઈ

અમિતાભ બચ્ચનની દોહિત્રી અને નવ્યા નવેલી નંદા (Navya Naveli Nanda) ભલે નાના-નાની, મામા-મામી અને ભાઈની જેમ ફિલ્મી દુનિયામાં સક્રિય ના હોય તેમ છતાં તે લાઈમલાઈટમાં રહેતી જ હોય છે. નવ્યા પોતાની સાદગી અને એલિગન્ટ ફેશન સેન્સ માટે જાણીતી છે. તાજેતરમાં પ્રખ્યાત ફેશન ડિઝાઈનર અબુ જાની-સંદીપ ખોસલાની પાર્ટીમાં નવ્યા એક અદભુત ગોલ્ડન મિની ડ્રેસમાં જોવા મળી હતી. નવ્યાએ પહેરેલા આ ડ્રેસ અને તેની માતા શ્વેતા બચ્ચનનો ખાસ સંબંધ છે, જેની ચર્ચા સોશિયલ મીડિયા પર જોરશોરથી થઈ રહી છે. ચાલો જોઈએ શું છે આ કનેક્શન અને નવ્યાના આ ગોલ્ડન ગર્લ લૂક વિશે વિસ્તારથી... હાલમાં જ ફેશન ઈન્ડસ્ટ્રીના જાણીતા ડિઝાઈનર અબુ જાની-સંદીપ ખોસલાની ગ્રાન્ડ પાર્ટીમાં ઈન્ડસ્ટ્રીના અનેક લોકોએ હાજરી આપી હતી. આ ઈવેન્ટના ઈનસાઈડ ફોટો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે. બચ્ચન પરિવારની લાડકી અને અમિતાભ બચ્ચનની દોહિત્રી નવ્યા નવેલી પણ આ પાર્ટીમાં પહોંચી હતી. નવ્યા આ પાર્ટીમાં ગોલ્ડન ગર્લ બનીને પહોંચી હતી. નવ્યાએ પહેરેલાં આ ગોલ્ડન આઉટફિટની વાત કરીએ તો આ ડ્રેસની સૌથી ખાસ વાત એ છે કે તે કોઈ નવો આઉટફિટ નથી, પરંતુ તેની માતા શ્વેતા બચ્ચન નંદાનો 11 વર્ષ જૂનો આઈકોનિક ડ્રેસ છે. સસ્ટેનેબલ ફેશન અને વિન્ટેજ લુકને પ્રોત્સાહન આપતાં નવ્યાએ માતાના આ ક્લાસિક ડ્રેસને જે રીતે કૅરી કર્યો છે તે સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે. બચ્ચન પરિવારની લાડકવાયી શ્વેતા બચ્ચને આ ગોલ્ડ સિક્વિન મિની ડ્રેસ અંદાજે 11 વર્ષ પહેલાં એટલે કે 2015માં એક હાઈ-પ્રોફાઈલ ઈવેન્ટમાં પહેર્યો હતો.

# યશની 'Toxic' બોક્સ ઓફિસ પર ફ્લોપ થતાં OTT ડીલમાં કડાકો

### આશરે ₹500 કરોડના જંગી બજેટમાં બનેલી ફિલ્મ વૈશ્વિક સ્તરે હજુ સુધી માંડ ₹338 કરોડ સુધી પહોંચી શકી છે

મુંબઈ

કન્નડ સુપરસ્ટાર યશની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'ટોક્સિક: અ ફેરી ટેલ ફોર ગ્રોન-અપ્સ' સિનેમાઘરોમાં રિલીઝ થતાં જ બોક્સ ઓફિસ પર ઊંધા માથે પછડાઈ છે. નબળી વાર્તા અને પ્રેક્ષકોના નકારાત્મક પ્રતિસાદને કારણે ફિલ્મ ફ્લોપ સાબિત થતાં હવે તેની ઓટીટી રિલીઝ પર પણ ગ્રહણ લાગી ગયું છે, જેના કારણે ફિલ્મને ડિજિટલ પ્લેટફોર્મ પર આવવામાં મોટો વિલંબ થઈ શકે છે. એક અહેવાલ અનુસાર, થિયેટ્રિકલ રિલીઝ પહેલાં ફિલ્મના ડિજિટલ રાઈટ્સ માટે મેકર્સને અંદાજે 150 કરોડની ઓફર મળી હતી અને મેકર્સ 200 કરોડથી વધુના સોદાની આશા રાખી રહ્યા હતા. પરંતુ થિયેટરોમાં ફિલ્મના અત્યંત ખરાબ કમર્શિયલ પ્રદર્શન બાદ OTT પ્લેટફોર્મ્સ પણ પાછા હટી ગયા છે. હવે વિવિધ ભાષાઓમાં ફિલ્મના પોસ્ટ-થિયેટ્રિકલ સ્ટ્રીમિંગ રાઈટ્સ માટેની ઓફર્સ ઘટીને માત્ર 30 કરોડની આસપાસ આવી ગઈ છે. આમ, બોક્સ ઓફિસ બાદ OTT ડીલમાં પણ ફિલ્મના નિર્માતાઓને મોટો આર્થિક ફટકો પડવાની શક્યતા છે. ડિરેક્ટર ગીતુ મોહનદાસના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મ 26 ઓગસ્ટના રોજ થિયેટરોમાં રિલીઝ થઈ હતી. ફિલ્મે રિલીઝના પહેલા દિવસે 100 કરોડનું રેકોર્ડબ્રેક ઓપનિંગ કલેક્શન નોંધાવ્યું હતું, પરંતુ ત્યારપછી ખરાબ વર્ડ ઓફ માઉથને લીધે કલેક્શનમાં ધરખમ ઘટાડો જોવા મળ્યો હતો.

આશરે 500 કરોડના જંગી બજેટમાં બનેલી ફિલ્મ વૈશ્વિક સ્તરે હજુ સુધી માંડ 338 કરોડ સુધી પહોંચી શકી છે, જેથી નિર્માતાઓને બોક્સ ઓફિસ રિકવરીમાં મોટું નુકસાન થઈ રહ્યું છે. હાલમાં આ ફિલ્મ કયા પ્લેટફોર્મ પર રિલીઝ થશે તે અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.






# શ્રદ્ધા કપૂરે સોશિયલ મીડિયા પર શેર કર્યા વેકેશનના ફોટો

### બોલીવૂડની બ્યુટીફૂલ અને ટેલેન્ટેડ એક્ટ્રેસ શ્રદ્ધા કપૂર હાલમાં પોતાના બિઝી શિડ્યુલમાંથી બ્રેક લઈને વેકેશન માણી રહી છે

મુંબઈ

બોલીવૂડની બ્યુટીફૂલ અને ટેલેન્ટેડ એક્ટ્રેસ શ્રદ્ધા કપૂર હાલમાં પોતાના બિઝી શિડ્યુલમાંથી બ્રેક લઈને વેકેશન માણી રહી છે. સોશિયલ મીડિયા પર પોતાની લેટેસ્ટ ટ્રીપના ફોટો શેર કર્યા છે. જોકે, શ્રદ્ધાના આ વાઈરલ થઈ રહેલાં ફોટોમાંથી સૌથી વધુ ધ્યાન એક ફોટોએ ખેંચ્યું છે. ચાલો જાણીએ કે આખરે એવું તે શું ખાસ છે આ ફોટોમાં... શ્રદ્ધા કપૂરે હાલમાં પોતાના ઓફિશિયલ એકાઉન્ટ પર વેકેશનના ફોટો શેર કરતાં કેપ્શનમાં લખ્યું હતું કે 'છોટી સી છુટ્ટી તો બનતી હૈ ના???' જોકે, આ પોસ્ટમાં ફેન્સનું સૌથી વધુ ધ્યાન લાઈબ્રેરીમાં બેસીને પુસ્તક વાંચી રહેલા તેના કથિત બોયફ્રેન્ડ રાહુલ મોદીની તસવીરે ખેંચ્યું છે. આ ઝલક સામે આવતાં જ બંનેના સંબંધોને લઈને ફરી એકવાર ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં રાહુલ અને શ્રદ્ધાના અફેયરની ચર્ચાઓ તેજ થઈ ગઈ છે. બીજી તરફ, બોક્સ ઓફિસ પર ધમાલ મચાવનારી 'સ્ત્રી ૨' (Stree 2) ની બ્લોકબસ્ટર સફળતા બાદ શ્રદ્ધા પોતાના આગામી મોટા પ્રોજેક્ટ ફિલ્મ 'ઈઠા'ને કારણે પણ ચર્ચામાં છે. શ્રદ્ધાએ શોપિંગ, ખાણીપીણી અને સુંદર લોકેશન્સના ફોટો શેર કર્યા છે, જેની વચ્ચે તેણે રાહુલ મોદીનો એક ફોટો પણ સામેલ કર્યો છે. અહીંયા તમારી જાણકારી માટે કે બંને લાંબા સમયથી એકબીજાને ડેટ કરી રહ્યા હોવાની ચર્ચા છે. જોકે, શ્રદ્ધાએ હજુ સુધી પોતાના સંબંધો કે વેકેશનના ચોક્કસ લોકેશન અંગે કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી. મેડોક ફિલ્મ્સના દિનેશ વિજન નિર્મિત અને લક્ષ્મણ ઉતેકર દ્વારા દિગ્દર્શિત ફિલ્મ 'ઈઠા'માં શ્રદ્ધા મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મ ઈઠામાં પહેલી જ વખત શ્રદ્ધા કપૂર અને રણદીપ હૂડાની ફ્રેશ જોડી જોવા મળશે. આ ફિલ્મમાં રણદીપ શ્રદ્ધાના લવ ઈન્ટરેસ્ટ તરીકે મુખ્ય ભૂમિકા ભજવશે. સાથે જ મોહમ્મદ ઝીશાન અય્યૂબ પણ મહત્વના રોલમાં હશે.

# અક્ષય કુમાર અને સૈફ અલી ખાનની ફિલ્મ 'હૈવાન'ને મળ્યું સેન્સર સર્ટિફિકેટ

મુંબઈ

અક્ષય કુમારની આવનારી નવી ફિલ્મ 'હૈવાન' સેન્સરબોર્ડમાંથી પાસ થઈ ચૂકી છે. સેન્સર બોર્ડમાંથી આ ફિલ્મને સર્ટિફિકેટ મળી ચૂક્યું છે. આ સાથે આ ફિલ્મનો રનટાઈમ કેટલો રહેશે એ પણ સ્પષ્ટ થઈ ગયું છે. આ ફિલ્મ 11 સપ્ટેમ્બરના રોજ થિયેટર્સમાં રિલીઝ થશે. આ ફિલ્મમાં અક્ષય કુમાર એક વિલનનો રોલ પ્લે કરી રહ્યો છે. જ્યારે સૈફઅલી ખાન હિરો તરીકે છે. આ ફિલ્મને UA+16 સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે, આનો અર્થ એ થયો કે, આ ફિલ્મ દરેક ઉંમરના લોકો માટે છે. પણ 16 વર્ષથી નીચેના લોકો માટે નથી. સાઉથની ફિલ્મની રીમેક છતા આ ફિલ્મ એ વર્ગના લોકોને જોવી હશે તો માતા-પિતાનું ગાઈડન્સ અનિવાર્ય છે. ફિલ્મનો રનટાઈમ 164.07 મિનિટનો છે. 2 કલાક અને 44મિનિટની ફિલ્મ એક ક્રાઈમ થ્રિલર ફિલ્મ છે. આ ફિલ્મ મોટાભાગે કોમેડી ફિલ્મ તૈયાર કરનાર પ્રિયદર્શને તૈયાર કરી છે. 8 સપ્ટેમ્બરના રોજ ફિલ્મ સેન્સર બોર્ડમાંથી પાસ થઈ અને 11 સપ્ટેમ્બરના રોજ ફિલ્મ રિલીઝ થવાની છે. એક લાંબા સમય બાદ સૈફઅલી ખાન અને અક્ષય કુમાર એક મોટા પ્રોજેક્ટ પર ભેગા થયા હતા. હવે આ ફિલ્મ કેટલું ઑપનિંગ ક્લેક્શન કરે છે એના પર સૌની નજર છે. અક્ષય અને સૈફ બન્ને બોલિવૂડના મોટા સ્ટાર છે. 18 વર્ષ પછી તેઓ સ્ક્રિન શૅર કરી રહ્યા છે. છેલ્લે બન્નેની ફિલ્મ 'ટશન' આવી હતી. જેમાં કરીના કપૂર પણ લીડ રોલમાં હતી. જે આજે સૈફની પત્ની છે. આ ફિલ્મ વર્ષ 2008માં રિલીઝ થઈ હતી. 'હૈવાન' પ્રિયદર્શનની જ મલયાલમ ફિલ્મ 'ઓપ્પમ'ની હિન્દી રીમેક છે. ઓપ્પમ વર્ષ 2016માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં મોહનલાલ અને સમુથિરકાની જોવા મળ્યા હતા. આ ફિલ્મની સીધી ટક્કર હાલમાં ચાલી રહેલી ફિલ્મ 'મિર્ઝાપુર' સાથે થવાની છે. 'મિર્ઝાપુર' 4 સપ્ટેમ્બરના રોજ થિયેટર્સમાં આવી હતી. આ ફિલ્મે સારી એવી કમાણી કરી દીધી છે.



### વર્લ્ડ કપમાં નારંગી જર્સી પર વિવાદ થયો હતો; હોકી ઈન્ડિયાએ ડ્રેસ બદલ્યો

# ભારતીય હોકી ટીમ વાદળી જર્સીમાં જ એશિયન ગેમ્સ રમશે

મુંબઈ

જાપાનમાં યોજાનારી એશિયન ગેમ્સમાં ભારતીય હોકી ટીમ ફરી એકવાર વાદળી જર્સીમાં જોવા મળશે. નેધરલેન્ડ્સ અને બેલ્જિયમમાં રમાયેલા હોકી વર્લ્ડ કપ દરમિયાન ભારતીય પુરુષ અને મહિલા ટીમોની પ્રાથમિક કીટ નારંગી રંગની કરવામાં આવી હતી. જર્સી બદલવાને લઈને ઘણો વિવાદ થયો હતો. ઘણા પૂર્વ હોકી ખેલાડીઓએ તેને ખોટું ગણાવ્યું હતું. તેને ધ્યાનમાં રાખીને, હવે હોકી ઈન્ડિયાએ એશિયન ગેમ્સ માટે પોતાનો નિર્ણય બદલી નાખ્યો છે. હોકી ઈન્ડિયાએ 27 જુલાઈએ જર્સી બદલવાનું કારણ જણાવતા કહ્યું હતું કે આવું વાદળી રંગના ટર્ફને કારણે કરવામાં આવ્યું હતું. કહેવામાં આવ્યું હતું કે



વાદળી જર્સીને કારણે ભારતીય ખેલાડીઓને પોતાના સાથી ખેલાડીઓને જોવામાં મુશ્કેલીઓ આવી રહી હતી.

જોકે, પૂર્વ કપ્તાનો ધનરાજ પિલ્લે, વીરેન રાસકિન્હા, પરગટ સિંહ, અજીત પાલ સિંહ અને વાસુદેવન ભાસ્કરને આ બદલાવની સખત ટીકા કરી હતી. આ વિવાદ પર હોકી ઈન્ડિયાની અંદર પણ ખેંચતાણ જોવા મળી હતી. અધ્યક્ષ દિલીપ તિર્કીએ નિવેદન આપ્યું હતું કે આ નિર્ણય તેમની જાણકારી વિના લેવામાં આવ્યો હતો, જ્યારે સચિવ ભોલા નાથ સિંહે દાવો કર્યો હતો કે તમામ અધિકારીઓને તેની જાણકારી હતી. જાપાન રવાના થતા પહેલાં જ હોકી ઈન્ડિયાએ પોતાનો આ નિર્ણય પાછો ખેંચી લીધો.

હોકી ઈન્ડિયાના ખજાનચી શેખર મનોહરને પુષ્ટિ કરતા કહ્યું- 'ભારતીય ઓલિમ્પિક સંઘ (IOA) એ અમને કીટની પ્રથમ પસંદગી પૂછી હતી. હોકી ઈન્ડિયાએ પ્રથમ પ્રાથમિકતા વાદળી રંગને અને બીજી પ્રાથમિકતા નારંગી રંગને આપી છે.' ટુર્નામેન્ટમાં 12 ટીમો ભાગ લેશે, જેને છ-છ ટીમોના બે પૂલમાં વિભાજિત કરવામાં આવી છે.

## અભિષેક શર્માએ શુભમન ગિલની વિકેટ લીધી

વોશિંગ્ટન

શેર-એ-પંજાબ T20 લીગમાં સોમવારે રાત્રે ફાઝિલ્કા ફાલ્કન્સ અને અમ્રિતસર સૂરમાસ વચ્ચે હાઈ-વોલ્ટેજ મુકાબલો રમાયો હતો, જેમાં બે યુવા ભારતીય સ્ટાર્સ શુભમન ગિલ અને અભિષેક શર્મા આમને-સામને કેપ્ટન તરીકે ટકરાયા હતા. આ રોમાંચક મેચમાં બંને ખેલાડીઓ વચ્ચે જોરદાર જંગ જોવા મળી હતી. પ્રથમ બેટિંગ કરતા ફાલ્કન્સે નિર્ધારિત ઓવરોમાં 191 રન ખડક્યા હતા, જેમાં કેપ્ટન ગિલે 67 રનની ધમાકેદાર પારી રમી હતી. જોકે, ગિલની વિકેટ ઝડપ્યા બાદ અભિષેક શર્માએ બેટિંગમાં પણ વિસ્ફોટક પ્રદર્શન કરીને પોતાની ટીમને 4 વિકેટે રોમાંચક જીત અપાવી હતી. અમ્રિતસર સૂરમાસના



કેપ્ટન અભિષેક શર્માએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ફાઝિલ્કા ફાલ્કન્સ તરફથી શુભમન ગિલે માત્ર 28 બોલમાં પોતાની ફિફ્ટી પૂરી કરી હતી. ગિલે 35 બોલમાં 3 છગ્ગા અને 8 ચોગ્ગાની મદદથી 67 રન બનાવ્યા હતા. તેના સિવાય પ્રાંશુ પ્રતાપે 40 રન અને સનવીર સિંહે ઉપયોગી ઈનિંગ રમી હતી. આ મેચની સૌથી ચર્ચાસ્પદ ક્ષણ ફાલ્કન્સની ઈનિંગની 10મી ઓવરમાં જોવા મળી, જે અભિષેક શર્મા ફેંકી રહ્યો હતો. પ્રથમ બોલ: શુભમન ગિલે સીધો વિશાળ છગ્ગો ફટકાર્યો. 192 રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી અમ્રિતસર સૂરમાસ માટે કેપ્ટન અભિષેક શર્માએ ઓપનિંગમાં આવીને વિસ્ફોટક બેટિંગ કરી હતી.

### રાહુલ 2025માં ₹14 કરોડમાં દિલ્હીમાં જોડાયો હતો

## શું કે એલ રાહુલ KKRમાં જઈ રહ્યો છે? ટ્રેડની અટકળો વચ્ચે દિલ્હી કેપિટલ્સે તોડ્યું મૌન

નવી દિલ્હી

દિલ્હી કેપિટલ્સના સહ-માલિક પાર્થ જિંદાલે ભારતીય સ્ટાર બેટ્સમેન કેએલ રાહુલના ટ્રેડિંગની અફવાઓ ફગાવી દીધી છે. સોશિયલ મીડિયા પર રાહુલના KKRમાં જોડાવાની ચર્ચાઓને તેમણે પાયાવિહોણી ગણાવી. જિંદાલે સ્પષ્ટતા કરી કે રાહુલ દિલ્હી કેપિટલ્સ માટે 'ક્લચ પ્લેયર' છે અને ક્યાંય જઈ રહ્યા નથી. રાહુલ 2025માં 14 કરોડમાં દિલ્હીમાં જોડાયો હતો અને આગામી સિઝનમાં પણ દિલ્હી તરફથી જ રમશે. ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની આગામી સિઝન પહેલાં ભારતીય સ્ટાર વિકેટકીપર-બેટ્સમેન



કેએલ રાહુલના ટ્રેડિંગને લઈને સોશિયલ મીડિયા પર ચાલી રહેલી તમામ અફવાઓ પર દિલ્હી કેપિટલ્સે (DC) સત્તાવાર પૂર્ણવિરામ મૂકી દીધું છે. છેલ્લા બે સપ્તાહથી એવી જોરદાર ચર્ચાઓ ચાલી રહી હતી કે અજિંક્ય રહાણેની નિવૃત્તિ બાદ કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) રાહુલને પોતાની ટીમમાં સામેલ કરીને કેપ્ટન બનાવવા માંગે છે અને રાહુલ દિલ્હી છોડીને KKRમાં જઈ શકે છે. જોકે, દિલ્હી કેપિટલ્સના સહ-માલિક પાર્થ જિંદાલે આ તમામ ટ્રેડિંગ રિપોર્ટ્સને સદંતર પાયાવિહોણા ગણાવીને ફગાવી દીધા છે. દિલ્હી કેપિટલ્સના સહ-માલિક પાર્થ જિંદાલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે રાહુલ ક્યાંય જઈ રહ્યા નથી. જિંદાલે પોતાની પોસ્ટમાં લખ્યું હતું: 'KL IS KLUTCH FOR @ DelhiCapitals - હું જેટલા લોકોને ઓળખું છું તેમાં તે સૌથી સારો માણસ છે અને તે હંમેશાં પોતાના કરતાં પહેલાં ટીમના હિતને સર્વોપરી રાખે છે.

## દુલીપ ટ્રોફી ફાઇનલ- કેપ્ટન તિલક અડધી સદી ફટકારી અણનમ

### ત્રીજા દિવસે સાઉથ ઝોન 242/6, ઈસ્ટ ઝોનથી 466 રન પાછળ; પડિક્કલે 62 રન બનાવ્યા

નવી દિલ્હી

દુલીપ ટ્રોફીની ફાઈનલ ઈસ્ટ ઝોન અને સાઉથ ઝોન વચ્ચે ચેન્નઈમાં રમાઈ રહી છે. મંગળવારે ત્રીજા દિવસની રમત સમાપ્ત થઈ ત્યાં સુધીમાં સાઉથ ઝોને પ્રથમ ઈનિંગ્સમાં 6 વિકેટે 242 રન બનાવી લીધા છે. ટીમ હજુ ઈસ્ટ ઝોનના પ્રથમ ઈનિંગ્સના સ્કોરથી 466 રન પાછળ છે. ઈસ્ટ ઝોને પ્રથમ ઈનિંગ્સમાં 708 રન બનાવ્યા હતા. મુકાબલાના ચોથા દિવસની રમત બુધવારે સવારે 9:30 વાગ્યે શરૂ થશે. પડિક્કલે 62 રનની ઈનિંગ્સ રમી સાઉથ ઝોનની શરૂઆત ખરાબ રહી અને 10 રનના સ્કોર પર રિકી ભુઈ 1 રન બનાવીને આઉટ



થયા. આ પછી નારાયણ જગદીશન અને દેવદત્ત પડિક્કલે બીજી વિકેટ માટે 60 રન જોડ્યા. જગદીશન 32 રન બનાવીને આઉટ થયા. પડિક્કલ અને શેખ રશીદે ત્રીજી વિકેટ માટે 56 રન જોડ્યા. રશીદ 27 રન બનાવીને પેવેલિયન પરત ફર્યા. આ પછી દેવદત્ત પડિક્કલ 62 રન બનાવીને આઉટ થયા. કેપ્ટન તિલક વર્માએ રવિચંદ્રન સ્મરણ (23) સાથે પાંચમી વિકેટ માટે 45 રન જોડ્યા. તિલક અને શ્રેયસ ગોપાલ (26) એ છઠ્ઠી વિકેટ માટે 66 રનની ભાગીદારી કરી. દિવસનો ખેલ સમાપ્ત થવા પર તિલક વર્મા 56 રન અને ચામા મિલિંદ 2 રન બનાવીને અણનમ છે. ઈસ્ટ ઝોન માટે મોહમ્મદ શમી અને મુકેશ કુમારે 2-2 વિકેટ ઝડપી. શિખર મોહનને એક વિકેટ મળી. દુલીપ ટ્રોફીમાં ઈસ્ટ ઝોનના ઉપ-કેપ્ટન વૈભવ સૂર્યવંશીએ ત્રીજા દિવસે ટીમને પ્રથમ વિકેટ અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. મુકેશ કુમારની બોલ પર રિકી ભુઈ વિરુદ્ધ કેચની અપીલ થઈ હતી. બોલ બેટની કિનારીને અડીને વિકેટકીપરના હાથમાં ગયો હતો. ઈશાન કિશન રિવ્યુ લેવા અંગે દ્વિધામાં હતો. ત્યારે વૈભવે તેને રિવ્યુ લેવા કહ્યું. ઈશાને રિવ્યુ લીધો અને થર્ડ અમ્પાયરે રિકી ભુઈને આઉટ આપ્યો. ઈશાન કિશને 270 રનની ઈનિંગ રમી ઈસ્ટ ઝોન તરફથી પ્રથમ દાવમાં કેપ્ટન ઈશાન કિશને 270 રન બનાવ્યા. તેણે 334 બોલનો સામનો કરતા 30 ચોગ્ગા અને 7 છગ્ગા ફટકાર્યા. કુમાર કુશાગ્રએ 101, શિખર મોહને 85 અને અભિમન્યુ ઈશ્વરને 72 રન બનાવ્યા.



### નવા નિયમો હેઠળ ઓર્ડર ક્યારે દાખલ કરી શકાય

## NSEમાં પ્રી-ઓપન સેશનના નિયમોમાં કરવામાં આવેલા ફેરફાર

મુંબઈ

નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) દ્વારા સોમવાર ૭, સપ્ટેમ્બર ૨૦૨૬થી શેર બજારના પ્રી-ઓપન ઓક્શન સેશનના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. નવા નિયમો હેઠળ પ્રી-ઓપન સેશનને ઓર્ડર દાખલ કરવા, તેમાં ફેરફાર અથવા રદ કરવા અને ઓર્ડરના મેચિંગ તથા અમલ માટે અલગ-અલગ સમયગાળામાં વહેંચવામાં આવ્યું છે. આ પ્રક્રિયા દ્વારા શેરના શરૂઆતના એટલે કે ઈક્વિલિબ્રિયમ-સમતુલ્ય ભાવ નક્કી કરવામાં આવશે. નવી પ્રી-ઓપન પ્રક્રિયા ઈક્વિટી કેશ માર્કેટના તમા શેરો, જેમાં એસએમઈ, ઈન્વિટ્સ, રેઈટ્સ




અને ડેરિવેટિઝ સેગ્મેન્ટનો સમાવેશ થાય છે, તેના પર લાગુ થશે. આ સુધારેલા પ્રી-ઓપન સેશનનો મુખ્ય ઉદ્દેશ શરૂઆતના ભાવની શોધ પ્રક્રિયાને વધુ વ્યવસ્થિત અને કાર્યક્ષમ બનાવવાનો છે, સાથે જ અંતિમ ક્ષણે બજારના ઓર્ડરોના વધતા પ્રભાવને ઘટાડવાનો પણ હેતુ છે. આ નવી પ્રી-ઓપન સેશન કેવી રીતે કામ કરશે ? સમયગાળા ૧ : ઓર્ડર દાખલ કરવાનો સમય : સવારે ૯:૦૦થી ૯:૦૫ વાગ્યે. નવા નિયમ : સવારે ૯:૦૦થી ૯:૦૫ વાગ્યા સુધી ઓર્ડર દાખલ કરવાનો પ્રથમ સમયગાળો રહેશે. આ દરમિયાન બજારના ભાગીદારો લિમિટ ઓર્ડર તેમ જ માર્કેટ ઓર્ડર દાખલ કરી શકશે. અગાઉ દાખલ કરેલા ઓર્ડરમાં ફેરફાર અથવા તેને રદ કરવાની પણ મંજૂરી રહેશે. સમયગાળો ૨ : લિમિટ ઓર્ડર દાખલ/ફેરફાર કરવાનો સમય: સવારે ૯:૦૫થી ૯:૧૦ વાગ્યાનો. નવો નિયમ : સવારે ૯:૦૫ થી ૯:૧૦ વાગ્યા સુધી નવા લિમિટ ઓર્ડર દાખલ કરી શકાશે.

### રિટેલ રોકાણકારો સારા વળતરથી આકર્ષાઇ રહ્યા છે

## 32 લાખના ઉમેરા સાથે નવા ડીમેટ ખાતાની સંખ્યા સાત મહિનાની ટોચે

### દેશના પ્રાઈમરી માર્કેટમાં આઈપીઓની તેજીને પગલે ઓગસ્ટમાં 32.70 લાખ નવા ડીમેટ ખાતા ખોલાયા છે. કુલ ડીમેટ ખાતાની સંખ્યા 23.77 કરોડ પર પહોંચી છે. છેલ્લા 7 મહિનામાં આ સૌથી વધુ વધારો છે

નવી દિલ્હી

દેશની પ્રાઈમરી માર્કેટમાં તેજીને પરિણામે ગત મહિને નવા ડીમેટ ખાતા ખોલાવવાની સંખ્યા સાત મહિનાની ટોચે રહી હતી. જાન્યુઆરીથી મેના ગાળામાં દર મહિને સતત ઘટાડો જોવાયા બાદ જૂનથી નવા ડીમેટ ખાતામાં સતત વધારો જોવા મળી રહ્યો છે.

એનએસડીએલ તથા સીડીએસએલના ડેટા પ્રમાણે ઓગસ્ટમાં દેશમાં ૩૨.૭૦ લાખ નવા ડીમેટ ખાતા ખૂલ્યા છે. આ ઉમેરા સાથે ડીમેટ ખાતાની એકંદર સંખ્યા ૨૩.૭૭ કરોડ પર પહોંચી ગઈ છે. આ આંક એકંદર ડીમેટ ખાતાના છે જેમાં એક કરતા વધુ એકાઉન્ટ ધરાવતા રોકાણકારોનો પણ સમાવેશ થાય છે.

પેન કાર્ડ દીઠ ડીમેટ ખાતાની સંખ્યા (યુનિક ઈન્વેસ્ટર્સ) ૧૩.૫૦ કરોડ જેટલી છે. તાજેતરના મહિનાઓમાં ડીમેટ




ખાતાની સંખ્યામાં થઈ રહેલા વધારા પાછળ પ્રાઈમરી માર્કેટમાં આવેલી રેલી રહ્યું છે. જાહેર ભરણામાં ફરી પાછા સારા વળતર મળવા લાગતા રોકાણકારો ખાસ કરીને રિટેલ રોકાણકારો આઈપીઓ તરફ આકર્ષાઈ રહ્યા છે.ઓગસ્ટમાં ૨૩ આઈપીઓ મારફત કંપનીઓએ રૂપિયા ૨૨૪૫૦ કરોડ જેટલુ ભંડોળ ઊભુ કર્યું હતું.

આ ઉપરાંત જાહેર ભરણાં લાવવા માટે મંજુરી પ્રાપ્ત કરી ચૂકેલી અંદાજે ૩૦ જેટલી કંપનીઓ વર્તમાન મહિનામાં આઈપીઓ લાવવા માટે કતારમાં છે.

આ કંપનીઓની મુદત વર્તમાન મહિનાના અંતે સમાપ્ત થઈ રહી હોવાથી વર્તમાન મહિનામાં આઈપીઓ માટે ભારે ધસારો જોવા મળવાના સંકેત મળી રહ્યા છે.

વર્તમાન મહિનો દેશના પ્રાઈમરી માર્કેટમાં એકદમ વ્યસ્ત રહેવાની વિશ્લેષકો શકયતા જોઈ રહ્યા છે. ૨૦૨૬નું કેલેન્ડર વર્ષ પ્રાઈમરી માર્કેટ માટે ભંડોળ ઊભા કરવાની દ્રષ્ટિએ ઐતિહાસિક બની રહેવાની પણ શકયતા જોવાઈ રહી છે.

વર્તમાન સપ્તાહમાં જ ૧૨ મેઈન બોર્ડ તથા ચાર એસએમઈ મળી કુલ ૧૬ કંપનીઓ રૂપિયા ૭૧૯૦ કરોડથી વધુનું ભંડોળ ઊભુ કરવા યોજના ધરાવે છે.

### ક્રૂડતેલના ભાવ 98 ડોલર નજીક પહોંચ્યા

## સોના-ચાંદીમાં પીછેહટ: વિશ્વ બજારમાં ઘટાડો: ક્રૂડ ઉછળી 95 ડોલર પહોંચ્યું

મુંબઈ

મુંબઈ સહિત અમદાવાદના ઝવેરી બજારમાં સોના-ચાંદીના ભાવમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો. વૈશ્વિક બજારમાં સોનાના ભાવ 4381 ડોલર થતાં, ભારતમાં ઓગસ્ટમાં આયાત 30% ઘટી 45 ટન થઈ. સપ્ટેમ્બરમાં વધુ 15% ઘટાડાની શક્યતા છે. બીજી તરફ, ચીનની સરકારે 22 મહિનાથી સોનાની ખરીદી વધારી, સ્ટોક 76.73 મિલિયન ઔંસ થયો. ક્રૂડતેલના ભાવ 98 ડોલર નજીક પહોંચ્યા. મુંબઈ : મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો આગળ વધ્યો હતો. નવી માગ ધીમી હતી. વિશ્વ બજારના સમાચાર ભાવમાં વધુ ઘટાડો બતાવી રહ્યા હતા. વિશ્વ બજાર ઘટતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ નીચી ઉતરી હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા.

વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંસના ૪૪૨૯થી ૪૪૩૦ ડોલરથી ઘટી ૪૩૮૧ થઈ ૪૩૮૯થી ૪૩૯૦ ડોલર રહ્યાના નિર્દેશો હતા. વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે આજે અમદાવાદ ઝવેરી બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ વધુ રૂ.૫૦૦ ઘટયા હતા. જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોદીઠ વધુ રૂ.૨૦૦૦ તૂટયા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ વધુ વધી બેરલના ઉંચામાં ૯૮ ડોલર નજીક પહોંચ્યા હતા. ભારતમાં ઓગસ્ટ મહિનામાં સોનાની આયાત આશરે ૩૦ ટકા ઘટી ૪૫ ટન જેટલી થયા પછી હવે સપ્ટેમ્બરમાં આયાતમાં વધુ ૧૫ ટકાનો ઘટાડો થશે એવી શકયતા બજારના જાણકારો બતાવી રહ્યા હતા. ચીનમાં સોનાની ઈમ્પોર્ટ વધી છે તથા સરકાર હસ્તકનો ત્યાં સોનાનો સ્ટોક ત્યાં વધી ૭૬.૭૩ મિલીયન ઔંસ થયાના વાવડ મળ્યા હતા. દરમિયાન વિશ્વ બજારમાં ચાંદીના ભાવ આજે ઔંસના ૬૬.૨૦થી ૬૬.૨૧ વાળા ઘટી ૬૫.૪૦ થઈ ૬૫.૫૨થી ૬૫.૫૩ ડોલર રહ્યા હતા.અમદાવાદ બજારમાં ચાંદીના ભાવ ઘટી રૂ.૨૩૩૦૦૦ તથા સોનાના ભાવ ઘટી ૯૯૫ના રૂ.૧૫૭૨૦૦ તથા ૯૯૯ના રૂ.૧૫૭૫૦૦ રહ્યા હતા. મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર ૯૯૫ના ઘટી રૂ.૧૫૧૮૬૪ થઈ રૂ.૧૫૨૦૯૨ રહ્યા હતા.

## વાહનોના રિટેલ વેચાણમાં 18 ટકા વધારો

- **વરસાદની ખાધથી ટ્રેકટર્સનું વેચાણ ઘટ્યું: તહેવારોમાં માગ ઊંચી રહેવાની આશા**

મુંબઈ

વર્તમાન વર્ષના ઓગસ્ટમાં દેશમાં વાહનોના રિટેલ વેચાણમાં વાર્ષિક ધોરણે ૧૮ ટકા નોંધપાત્ર વધારો થયો છે. ઊતારૂ વાહનો, ટુ વ્હીલર્સ, થ્રી વ્હીલર્સ તથા કમર્સિઅલ વાહનોની આગેવાની હેઠળ વાહનોના એકંદર રિટેલ વેચાણમાં વધારો જોવા મળ્યો છે. ૨૪,૨૩,૨૦૧ સાથે કોઈ ઓગસ્ટ મહિનાનું આ સૌથી ઊંચો વેચાણ આંક છે. જો કે વર્તમાન વર્ષના જુલાઈની સરખામણીએ ઓગસ્ટનું વેચાણ ૬.૫૦ ટકા જેટલુ નીચુ રહ્યું છે. આગામી તહેવારોની મોસમના ત્રણ મહિનામાં વેચાણમાં વધારો જોવા મળવાની ૮૦ ટકા ડીલરો આશા રાખી રહ્યા છે. વ્હીલ્ડ કન્સ્ટ્રકશન ઈક્વિપમેન્ટના વેચાણમાં ૩૧.૪૫ ટકા વધારો થયો છે જ્યારે ટુ વ્હલિર્સનું વેચાણ ૧૯.૭૦ ટકા વધુ રહ્યું છે. ઊતારૂ વાહનોનું વેચાણ વાર્ષિક ધોરણે ૧૪.૪૫ ટકા તથા થ્રી વ્હીલર્સનું વેચાણ ૮.૬૫ ટકા ઊંચુ રહ્યું છે. ટ્રેકટર્સનું વેચાણ લગભગ સ્થિર રહ્યાનું ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન્સ (ફાડા) દ્વારા જારી કરાયેલા ડેટામાં જણાવાયું હતું. ભારતના ઓટો વેચાણ ઈતિહાસમાં વૈકલ્પિક ઈંધણો જેમ કે સીએનજી, હાઈબ્રિડ તથા વીજ સંચાલિત ઊતારૂ વાહનોના સંયુકત વેચાણ હિસ્સામાં પેટ્રોલ પર ચાલતા ઊતારૂ વાહનોની સરખામણીએ વધારો જોવા મળ્યો છે.

## રિક્ષાચાલકોની દાદાગીરી સામે રોષ, બાઇક ટેક્સી ચાલકો અને મુસાફરો સાથે આચરવામાં આવી બબાલ!

# ‘હડતાળ તમારી, તો આમ જનતા હેરાન કેમ?’

રિક્ષાચાલકોની પોતાની માંગણીઓ સરકાર સામે હોઈ શકે છે, પરંતુ તેના નામે સામાન્ય પ્રજાનો રસ્તો રોકવો અને હિંસક કે ધમકીભર્યું વર્તન કરવું ક્યાંનો ન્યાય? આ સવાલ હવે દરેક અમદાવાદી પૂછી રહ્યો છે. ઓફિસે જતા કર્મચારીઓ, હોસ્પિટલના કામે નીકળેલા દર્દીઓ અને પરીક્ષા આપવા જતા વિદ્યાર્થીઓને હડતાળિયાઓની દાદાગીરીનો ભોગ બનવું પડ્યું છે



અમદાવાદ

પોતાના વિવિધ પડતર પ્રશ્નો અને માંગણીઓને લઈને હડતાળ પર ઊતરેલા ઓટો રિક્ષાચાલકોની મનમાની હવે સીધી રીતે આમ જનતા અને નિર્દોષ મુસાફરો પર ભારે પડી રહી છે. વિરોધ દર્શાવવાનો અને હડતાળ કરવાનો અધિકાર લોકશાહીમાં સૌને છે, પરંતુ હડતાળના નામે રસ્તા પર નિર્દોષ મુસાફરો, મહિલાઓ અને ખાસ કરીને ઓનલાઈન બાઈક-ટેક્સી (રાપિડો કે અન્ય) ચાલકો સાથે જે રીતે દાદાગીરી અને બબાલ કરવામાં આવી રહી છે તેનાથી નાગરિકોમાં ભારે રોષ વ્યાપી ગયો છે.

શહેરના વિવિધ વિસ્તારોમાં અને ખાસ કરીને રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડ તથા મુખ્ય ચાર રસ્તાઓ પર હડતાળિયા રિક્ષાચાલકોની ટોળીઓ ઉતરી પડી છે.

ઓનલાઈન એપ દ્વારા રોજગારી મેળવતા બાઈક-ટેક્સી રાઈડર્સને અટકાવીને તેમની સાથે ગાળાગાળી કરવા, ધમકાવવા અને તેમની ચાવીઓ આંચકી લેવાના કિસ્સાઓ સામે આવ્યા છે.

પોતાના ખાનગી વાહનોમાં કે પછી તાકીદના કામે નીકળેલા નાગરિકોને અટકાવીને હડતાળમાં સહકાર આપવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. મુસાફરી કરી રહેલા લોકોને રસ્તા વચ્ચે જ ઉતારી દેવાની ઘટનાઓથી મહિલાઓ અને વૃદ્ધો મુશ્કેલીમાં મુકાયા છે.

હડતાળના નામે ગુંડાગીરી અને દાદાગીરી કરતા તત્વો સામે હાઈ-એલર્ટ આપીને પોલીસ તંત્ર આકરા પગલાં ભરે તેવી અપીલ આમ જનતા કરી રહી છે.

પ્રજાની સલામતી સુનિશ્ચિત કરવા મુખ્ય પોઈન્ટ્સ પર પોલીસ પોઈન્ટ ગોઠવવામાં આવે.

કાયદો હાથમાં લેનારા, રસ્તા પર હંગામો મચાવનારા અને મુસાફરોને અટકાવનારા રિક્ષાચાલકો સામે તાત્કાલિક એફઆઈઆર (FIR) નોંધીને તેમની રિક્ષાઓ ડિટેઈન કરવામાં આવે.

આમ જનતાને બાનમાં લઈને હાથ ધરાતી હડતાળ ક્યારેય સફળ થઈ શકતી નથી. જો હડતાળિયાઓ પોતાની દાદાગીરી બંધ નહીં કરે તો પ્રજાનો આક્રોશ વહાલ સોયા આંદોલનને કાયદાકીય શિકંજામાં ધકેલી દેશે તે નક્કી છે.

### માંગણીઓનો વિરોધ કે જનતાને મુશ્કેલી?

રિક્ષાચાલકોને પોતાની પડતર માંગણીઓ રજૂ કરવાનો અને લોકશાહી ઢબે વિરોધ કરવાનો સંપૂર્ણ અધિકાર છે. પરંતુ વિરોધ દરમિયાન સામાન્ય નાગરિકો અને અન્ય વાહનચાલકોને મુશ્કેલી ન પડે તે સુનિશ્ચિત કરવું પણ એટલું જ જરૂરી છે. હડતાળને લઈને હવે શહેરમાં વિરોધના સ્વરૂપ અને જનતાની સલામતી અંગે સવાલો ઊભા થઈ રહ્યા છે.

### પોલીસ તંત્ર પાસેથી કડક કાર્યવાહીની માંગ

નાગરિકોમાંથી માંગ ઉઠી રહી છે કે જાહેર માર્ગો પર કાયદો હાથમાં લેતા અને મુસાફરોને હેરાન કરતા તત્વો સામે પોલીસ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે. સંવેદનશીલ અને ભીડભાડવાળા વિસ્તારોમાં પોલીસ બંદોબસ્ત વધારીને સામાન્ય જનતાની સલામતી અને અવરજવર સુનિશ્ચિત કરવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી રહી છે.

### સૌથી વધુ મુશ્કેલી કોને?

હડતાળની સીધી અસર સામાન્ય મુસાફરો પર પડી રહી છે. ઓફિસ જતા કર્મચારીઓ, હોસ્પિટલના કામે નીકળેલા લોકો, વિદ્યાર્થીઓ, મહિલાઓ અને વૃદ્ધોને મુસાફરી માટે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હોવાની ફરિયાદો સામે આવી છે.

### બાઈક-ટેક્સી રાઈડર્સ સાથે ઘર્ષણના આક્ષેપ

ઓનલાઈન એપ મારફતે મુસાફરોને સેવા આપતા બાઈક-ટેક્સી રાઈડર્સને અટકાવવા, તેમની સાથે બોલાચાલી કરવા અને ધમકી આપવાના કિસ્સાઓ સામે આવ્યાની ફરિયાદો છે. કેટલાક સ્થળોએ વાહનની ચાવી આંચકી લેવાના પણ આક્ષેપો થયા છે, જેના કારણે રોજગાર માટે રસ્તા પર ઉતરેલા રાઈડર્સમાં ચિંતા જોવા મળી રહી છે.

## સ્થાનિકોના જીવ જોખમમાં

# અમદાવાદના માણેકચોકમાં ગેરકાયદે 150થી વધુ સોના-ચાંદીની ભઠ્ઠીઓ સક્રિય, મોટી હોનારતનું જોખમ




અમદાવાદના ઐતિહાસિક માણેકચોક તેમજ ખાડિયા સહિતના કોટ વિસ્તારમાં છેલ્લાં કેટલાય સમયથી ગેરકાયદે રીતે વ્યાપારિક પ્રવૃતિઓ ધમધમી રહી છે. ખાસ કરીને રહેણાંક વિસ્તારમાં ગેરકાયદે સોના-ચાંદી ગાળવાની અને પોલીશ કરવાની ભઠ્ઠીના કારણે જળ-વાયુ પરિવર્તન થયું છે

અમદાવાદ

અમદાવાદના માણેકચોક અને તેની આસપાસના વિસ્તારને હેરીટેજમાં સમાવી લેવાયા બાદ ત્યાં પ્રવાસન વધે તે માટે તંત્ર નતનવા ગતકડાં કરી રહ્યું છે. પરંતુ તે વિસ્તારમાં વસતા લાખો લોકોના જીવને જોખમમાં મૂકતી પ્રવૃત્તિ સામે તંત્ર મૂકપ્રેક્ષક બન્યું છે. માણેક ચોક અને તેની આસપાસના રહેણાંક વિસ્તારમાં સોના-ચાંદી ગાળવાની તેમજ પોલીશ કરવાની આશરે 150થી વધુ ભઠ્ઠીઓ ગેરકાયદે રીતે ધમધમી રહી છે. થોડાં દિવસ અગાઉ જ ત્યાં રાત્રે આગ ફાટી નીકળતા દોડધામ મચી હતી. જેથી તંત્ર દ્વારા એકલ-દોકલ એકમોની ચકાસણી કરી નોટિસ ફટકારી સંતોષ માની લેવાયો છે. આ માત્ર એક ઘટના હતી. પરંતુ સત્તાધીશોની મીઠીનજર હેઠળ ત્યાં આવા અનેક એકમો ધમધમે છે, જે ગમે ત્યારે ગંભીર દુર્ઘટનાને નોતરી શકે છે. અમદાવાદના ઐતિહાસિક માણેકચોક તેમજ ખાડિયા સહિતના કોટ વિસ્તારમાં છેલ્લાં કેટલાય સમયથી ગેરકાયદે રીતે વ્યાપારિક પ્રવૃતિઓ ધમધમી રહી છે. ખાસ કરીને રહેણાંક વિસ્તારમાં ગેરકાયદે સોના-ચાંદી ગાળવાની અને પોલીશ કરવાની ભઠ્ઠીના કારણે જળ-વાયુ પરિવર્તન થયું છે. સ્થાનિકોની રજૂઆત અનુસાર, રહેણાંક વિસ્તારમાં નિયમો નેવે મૂકીને કોમર્શિયલ પ્રવૃતિઓ ચાલી રહી છે. સોના-ચાંદી ગાળતા એકમોમાંથી નિકળતાં ધુમાડાના કારણે હવાના પ્રદૂષણમાં વધારો થયો છે. સાથે જ તેમાંથી નિકળતા કેમિકલ અને કચરાને પણ સીધા જ ગટર-ડ્રેનેજમાં વહેડાવી દેવામાં આવે છે. જેના લીધે ગટર-ડ્રેનેજ લાઈન ચોકઅપ અને બ્રેકડાઉન સંબંધિત સમસ્યા પણ વધવા પામી છે. પાણી પણ પ્રદૂષિત બન્યું છે. માત્ર સોના-ચાંદી જ નહીં પ્લાસ્ટિક, કાગળ, બોલ તથા બેરિંગના ગોડાઉન પણ ઊભા કરી દેવાયા છે. જેમાં પ્લાસ્ટિક અને લોખંડનો ભુક્કો સીધો ગટરમાં નાંખી દેવાતા છાશવારે લાઈન ચોકઅપ થઈ જાય છે. અહીં આવા એકમોમાં સતત એલપીજી ગેસનો ઉપયોગ, ફાયર સેફ્ટી, ઈલેક્ટ્રિક સેટી, આગની સ્થિતિમાં બહાર નિકળવા માટે જરૂરી માર્ગ, વેન્ટિલેશનની વ્યવસ્થા અંગે જરૂરી પરવાનગીઓઅને પર્યાવરણીય નિયમોનું પાલન થાય છે કે તે ચકાસવાની તસ્દી લેવામાં આવતી નથી. આ વિસ્તારોમાં અનેક હેરિટેજ ઈમારત આવી રહી છે. પ્રવાસન વધારવા તંત્ર દ્વારા તેનો જોરોશોરોથી પ્રચાર-પ્રસાર કરાય છે.

## મુસાફરોને ભાડામાં રાહત સાથે સુવિધાઓ મળશે

# અમદાવાદ-તિરુચ્ચિરાપલ્લી સાપ્તાહિક ટ્રેન 24મી સપ્ટેમ્બરથી નિયમિત દોડશે



અમદાવાદ

અમદાવાદથી તામિલનાડુના તિરુચ્ચિરાપલ્લી વચ્ચે દોડતી સાપ્તાહિક વિશેષ ટ્રેન હવે નિયમિત કરવામાં આવી છે. પશ્ચિમ રેલવે દ્વારા ટ્રેન નંબર 09419/09420 અમદાવાદ-તિરુચ્ચિરાપલ્લી-અમદાવાદ સ્પેશિયલને હવે 19419/19420 અમદાવાદ-તિરુચ્ચિરાપલ્લી-અમદાવાદ સાપ્તાહિક એક્સપ્રેસ તરીકે નિયમિત દોડાવવાનો નિર્ણય લેવાયો છે. નવી નિયમિત સેવા 24મી સપ્ટેમ્બર 2026થી શરૂ થશે. નિયમિત સેવા શરૂ થતાં લાંબા અંતરની આ ટ્રેનમાં મુસાફરોને વિશેષ ટ્રેનની સરખામણીએ ભાડામાં રાહત મળવાની સાથે નિયમિત સમયપત્રક, રિઝર્વેશનની વધુ સુવિધા અને મુસાફરીનું અગાઉથી આયોજન કરવાનો લાભ મળશે. ખાસ કરીને અમદાવાદથી દક્ષિણ ભારત તરફ જતા મુસાફરો માટે આ સેવા વધુ ઉપયોગી બનશે. ટ્રેન નંબર 19419 અમદાવાદ-તિરુચ્ચિરાપલ્લી એક્સપ્રેસ દર ગુરુવારે અમદાવાદથી સવારે 9.20 કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે શનિવારે સવારે 3.35 કલાકે તિરૂચ્ચિરાપ્પલ્લિ પહોંચશે. પરત ટ્રેન નંબર 19420 તિરુચ્ચિરાપલ્લી-અમદાવાદ એક્સપ્રેસ દર રવિવારે સવારે 5.45 કલાકે તિરુચ્ચિરાપલ્લીથી ઉપડશે અને બીજા દિવસે સોમવારે રાત્રે 9.15 કલાકે અમદાવાદ પહોંચશે. પરત સેવા 27 સપ્ટેમ્બરથી શરૂ થશે. Travel Guides & Travelogues ટ્રેન બંને દિશામાં વડોદરા, સુરત, વલસાડ, વાપી, વસઈ રોડ, કલ્યાણ, પુણે, સોલાપુર, કલબુરગિ, વાડી, કૃષ્ણા, રાયચૂર, મંત્રાલયમ, આદોની, ગુંટકલ, તાડિપત્રિ, કડપા, રેણિગુંટા, અરક્કોણમ, પેરમ્બૂર, ચેન્નાઈ એષુંબૂર, તામ્બરમ, ચેંગલપટ્ટુ, વિલ્લુપુરમ, કડલૂર, ચિદમ્બરમ, શિરકાષિ, વૈથીશ્વરન કોઈલ, મઈલાડુતુરૈ, કુંભકોણમ, પાપનાસમ અને તંજાવૂર સહિતના સ્ટેશનો પર રોકાશે.

## સરસપુર-રખિયાલ રોડ પર બુલડોઝર એક્શનનો સાયરો

# AMCની રોડલાઈનની કડક અમલવારી સામે અસરકર્તાઓએ સ્વ-અલગીકરણ શરૂ કર્યું!

30.50 મીટર રોડલાઈન રસ્તાના અમલીકરણ માટે એસ્ટેટ અને નગર વિકાસ ખાતાની આકરી કાર્યવાહી: ત્રિકમલાલ ચાર રસ્તાથી એવરેસ્ટ ચાર રસ્તા સુધીના દબાણો હટાવવા તંત્ર ત્વરિત મોડમાં

અમદાવાદ

અમદાવાદ શહેરના ઉત્તર ઝોનમાં આવેલા ઈલેક્શન વોર્ડ નંબર ૨૭ (સરસપુર-રખિયાલ) વિસ્તારમાં લાંબા સમયથી ટ્રાફિકની સમસ્યાથી ઝઝૂમી રહેલા નાગરિકો માટે એક મોટા અને મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના એસ્ટેટ અને નગર વિકાસ ખાતા (ઉત્તર ઝોન) દ્વારા ત્રિકમલાલ ચાર રસ્તાથી રખિયાલ ચાર રસ્તા પર પ્રિસ્ક્રાઈબ કરવામાં આવેલી ૩૦.૫૦ મીટરની રોડલાઈનને ખુલ્લી કરવાની કામગીરી હવે આક્રમક તબક્કામાં પહોંચી ગઈ છે. તંત્ર દ્વારા આપવામાં આવેલી નોટિસો અને કડક સૂચનાઓ બાદ, ત્રિકમલાલ ચાર રસ્તાથી એવરેસ્ટ ચાર રસ્તા સુધીની રોડલાઈન આડે આવતા બાંધકામો અને દબાણોના અસરકર્તાઓ દ્વારા જાતે જ સ્વ-અલગીકરણ (સ્વયંભૂ દબાણ હટાવવાની) કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. કોર્પોરેશનના બુલડોઝરો ફરે અને મોટું આર્થિક નુકસાન થાય તે પહેલાં અસરકર્તાઓ પોતાના માળખાં અને બાંધકામો જાતે જ દૂર કરી રહ્યા છે. સરસપુર અને રખિયાલનો આ મુખ્ય માર્ગ ઔદ્યોગિક અને રહેણાંક દ્રષ્ટિએ અત્યંત મહત્વનો છે. અહીં દૈનિક હજારો વાહનોની અવરજવર રહે છે. રસ્તો સાંકડો હોવાને કારણે અને રોડલાઈનમાં માર્જિનના



બાંધકામો આવી જતાં રોજેરોજ ટ્રાફિક જામની ભયાનક સમસ્યા સર્જાતી હતી. હવે આ ૩૦.૫૦ મીટરની રોડલાઈન સંપૂર્ણપણે ખુલ્લી થતાં રોડ પહોળો થશે, જેથી વાહનચાલકોને મોટી રાહત મળશે અને અકસ્માતોનું જોખમ ઘટશે. ઉત્તર ઝોન એસ્ટેટ વિભાગના અધિકારીઓ દ્વારા સ્થળ પર સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. તંત્ર દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે નિયત સમયમર્યાદામાં જો રોડલાઈન ક્લિયર કરવામાં નહીં આવે, તો મહાનગરપાલિકાનું ડિમોલિશન સ્કવોડ પોતે કડક કાર્યવાહી કરીને બાંધકામો જમીનદોસ્ત કરશે.

## ઇસનપુરમાં લંપટ પડોશીની નિર્લજ્જ કરતૂત: 2 વર્ષની બાળકીને જાનથી મારી નાખવાની ધમકી આપી પરિણીતા પર વારંવાર દુષ્કર્મ!

અમદાવાદ

શહેરના ઈસનપુર વિસ્તારમાંથી માનવતાને શરમાવે અને કાયદાના શાસન સામે પડકાર ફેંકે તેવી ગંભીર ઘટના સામે આવી છે. પડોશમાં જ રહેતા એક માથાભારે અને લંપટ યુવકે પરિણીતાને તેની ૨ વર્ષની માસૂમ દીકરીને મારી નાખવાની ધમકી આપીને વારંવાર પોતાની હવસનો શિકાર બનાવી હોવાનો સળગતો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આટલું જ નહીં, મહિલાના અંગત પળોના ફોટોગ્રાફ્સ સાસરીમાં વાયરલ કરવાની ધમકી આપીને સતત શારીરિક સંબંધ બાંધવા દબાણ કરાતું હતું. અંતે હિંમત ભેગી કરીને પીડિતાએ પોલીસનો સંપર્ક કરતા ઈસનપુર પોલીસે ગુનો નોંધી આરોપી મિષ્ટુ સિંહાની ધરપકડ કરી લીધી છે. પોલીસ ફરિયાદમાં સામે આવેલી ચોંકાવનારી વિગતો અનુસાર, આરોપી મિષ્ટુ સિંહા પીડિતાના પડોશમાં જ રહેતો હતો. મહિલા ઘરમાં એકલી હોય તે સમયનો લાભ ઉઠાવીને આરોપીએ ઘરમાં ઘૂસી પરિણીતાની ૨ વર્ષની નાની દીકરી પર હુમલો કરવાની અને તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. માસૂમ બાળકીનો જીવ જોખમમાં મુકાતાં મજબૂર બનેલી પરિણીતા પર આરોપીએ એકથી વધુ વખત બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું. હવસખોર મિષ્ટુ સિંહાની હિંમત એટલી વધી ગઈ હતી કે તેણે પીડિતાના કેટલાક અંગત પળોના ફોટા પણ પોતાના ફોનમાં પાડી લીધા હતા.

## માતા સામે ગુનો નોંધાયો

# અમદાવાદના રામોલમાં ત્રણ સવારી સાથે જોખમી સ્ટંટ કરતા સગીરનો વીડિયો વાઈરલ

અમદાવાદ

અમદાવાદના રામોલ વિસ્તારમાં સગીર પુત્રને મોપેડ આપી જાહેર રસ્તા પર ત્રણ સવારી સાથે સર્પાકાર અને પુરઝડપે જોખમી સ્ટંટ કરાવવાના મામલે પોલીસે લાલ આંખ કરી છે. સોશિયલ મીડિયા પર સગીરનો જીવલેણ સ્ટંટ કરતો વીડિયો વાઈરલ થયા બાદ રામોલ પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં વાહનચાલક સગીર હોવાનું અને તેની પાસે લાયસન્સ ન હોવા છતાં વાહન ચલાવવા આપ્યું હોવાનું સામે આવતાં પોલીસે તેની માતા કૌશલ્યા માજીરાણા સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર થોડા દિવસ પહેલાં એક વીડિયો વાઈરલ થયો હતો. આ વીડિયોમાં એક સગીર જાહેર માર્ગ પર મોપેડ પર ત્રણ સવારી બેસાડીને અત્યંત પુરઝડપે નાગિન સ્ટાઈલ (સર્પાકાર)માં વાહન હંકારી રહ્યો હતો. જાહેર રસ્તા પર અન્ય વાહનચાલકો અને રાહદારીઓનો જીવ જોખમાય તેમજ ગંભીર અકસ્માત સર્જાય તે રીતે જોખમી ડ્રાઈવિંગ કરવામાં આવી રહ્યું હતું. આ વીડિયો



સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં રામોલ પોલીસના ધ્યાને આવ્યો હતો, જેના આધારે પોલીસે વાહનના નંબર અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી ચાલકની શોધખોળ શરૂ કરી હતી. પોલીસ તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે મોપેડચાલક સગીર વયનો છે અને તેની પાસે વાહન ચલાવવાનું કોઈ અધિકૃત લાયસન્સ નથી. આ ઉપરાંત પ્રાથમિક તપાસમાં એ પણ બહાર આવ્યું કે સગીરની માતા કૌશલ્યા માજીરાણાએ પોતાના પુત્ર પાસે લાયસન્સ ન હોવાનું જાણવા છતાં તેને મોપેડ ચલાવવા આપ્યું હતું. જેથી સગીરને વાહન સોંપી જાહેર રસ્તા પર અન્ય લોકોની જિંદગી જોખમમાં મૂકવાની મંજૂરી આપવા બદલ રામોલ પોલીસે કૌશલ્યા માજીરાણા સામે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ તેજ કરી છે. સોશિયલ મીડિયામાં લાઈક્સ અને ફોલોઅર્સ મેળવવા માટે સગીરો અને યુવાનો ટ્રાફિક નિયમો નેવે મૂકી જોખમી સ્ટંટ કરતા અચકાતા નથી. મોટર વ્હીકલ એક્ટના સુધારેલા નિયમો મુજબ, જો કોઈ સગીર વાહન ચલાવતાં પકડાય કે અકસ્માત સર્જે, તો વાહનના માલિક અથવા વાલી સામે સીધી ફોજદારી કાર્યવાહી અને ભારે દંડની જોગવાઈ છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI